

મગળ પ્રભાત

આબીદમિયાં સૈયદ

કુમાર

૨૦૩

વર્ષ ૧૭ · અંક ૧૧
નવેમ્બર ઓગણીસસો ચાળીસ

તંત્રી · રવિશંકર રાવળ ★ સંપાદક · બચુભાઈ રાવત



ચિત્રો

કાવ્ય

ચરિત્ર


વાર્તા

લેખો


વિભાગો

કુમાર પ્રત્યેક મહિનાની પંદરમી તારીખે બહાર પડે છે

મુદ્રક · બચુભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક · રવિશંકર રાવળ; કુમાર પ્રિન્ટરી કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ; વાર્ષિક રૂ. ૬, બ્રહ્મદેશના રૂ. ૬॥, પરદેશના ૧૨ શિ. છુટક દસ આના; મુંબાઇમાં : શેઠ ઍન્ડ શાહ, ૧૩૬–૧૪૨ મેડોઝસ્ટ્રીટ મુંબાઈ-૧; તથા બીજા એજન્ટો : આર.આર.શેઠનીકં. શિષ્ટ સાહિત્ય ભંડાર અને રાવળ બ્રધર્સ પ્રિન્સેસ સ્ટ્રીટ.







ડાબી બાજુથી : 'બુઝર્ગ'–ભાઈ હાસમ સુતાર (પાટણ), પહેલું ઈનામ; 'બંગડીવાળો'–ભાઇ મનુ પટેલ (અમદાવાદ), બીજું ઇનામ: 'વળતી વેળા'–ભાઈ બાબુભાઇ ભણસાલી (સાન્ટાક્રુઝ), ત્રીજું ઈનામ

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

પહેલું ઇનામ: 'બુઝર્ગ'–હાસમ સુતાર (પાટણ); બીજું ઈનામ:'બંગડીવાળો'–મનુ પટેલ(અમદાવાદ);ત્રીજું ઇનામ: 'વળતીવેળા'–બાબુભાઇ ભણસાલી (સાન્તાક્રુઝ). નોંધપાત્ર: (૧) બી. યુ. માસ્તર (જોહાનિસબર્ગ); (૨) મનુ પટેલ.

ઘડપણ એ બીજું બાળપણ છે એ જાણીતા કથનને સાચું પાડતું 'બુઝર્ગ'નું નિર્દોષ હાસ્ય કેટલું આકર્ષક જણાય છે ! ભાઈ સુતારનું આ પાત્ર ગમે તે હોય, એનું નામઠામ જાણ્યા વગર પણ આ ફોટો–ચિત્ર જોતાં આપણને ઊર્મિ થાય છે અને 'ઘડપણ'ના ખ્યાલો ચિત્તમાં રમે છે. જીવનની લાલીસૂફીના ઓળાએ આ 'બુઝર્ગ'ના ચહેરા પર પોતાની મ્હોર મારેલી જણાય છે. ચામડીની સપાટી પર આ ઉંમરે દેખાતી અનેક એંધાણીઓ ભાઈ સુતારે હૂબહૂ ચિત્રમાં ઉતારી છે તે માટે તેમને અભિનંદન. ચિત્રનો સંદેશ હજુ પણ જોરદારરીતે રજૂ કરવા માટે ઉપર, નીચે તથા ડાબી તરફથી દોઢ, અરધો અને દોઢએક ઇંચ પ્રિન્ટને કાપવાની જરૂર છે.

ગુજરાતીઓને હરહમેશ નજરે પડતા બંગડીવાળાને ભાઈ મનુ પટેલે બહુ સારીરીતે ચિત્રમાં ઉતાર્યો છે. રસ્તાની પગથી પર દુકાન જમાવી બેસનાર બંગડીવાળાનું વાતાવરણ જમાવનારી વસ્તુઓ ચિત્રમાં સ્પષ્ટ જણાય છે. બંગડી પહેરનાર અને પહેરાવનારના હાથ, દરેક પાત્રની બંગડી તરફ સ્થિર થયેલી નજર વગેરે વસ્તુઓથી સુંદર સંયોજન સર્જાયું છે. જરા દૂરથી ચિત્ર લેવાયું હોત તો વધારે સારૂં હતું.

વાદળાં એ ફોટોગ્રાફરોની પ્રિય વસ્તુ છે. તેના ઉપયોગથી વાતાવરણની જમાવટ કરી શકાય છે. દૃશ્યની ખાલી જગ્યામાં તેને આવવા દઇ સાધારણ દૃશ્યને ભાવનામય બનાવી શકાય, અગર ન જોઇતા પ્રસંગે એને ચિત્રવિસ્તારમાં લાવીને બીજી રીતે સારૂં બનતું ચિત્ર બગાડી પણ દેવાય. ભાઇ ભણસાલીના 'વળતી વેળા' ચિત્રમાં સંધ્યા સમયે ખેતરમાંથી ઘરતરફ પાછા ફરતા ખેડુતનું કુટુંબ ઝડપાયું છે. ચિત્રના નામ ઉપરથી જણાય છે કે ભાઇ ભણસાલીને માનવીની છબી લેવી હતી. તો પછી જરા વધારે નજીકથી, સાદા આકાશના રૂપેરી પડદા ઉપર છાયાચિત્ર વધુ દીપી ઊઠત. તેવી વસ્તુ માટે આ પ્રકારનાં વાદળાંનો ઉપયોગ બરાબર નથી. ક્ષિતિજ ઉપર એકાદ એકલદોકલ ઝાડ, આ ભરી દુનિયામાં વિખૂટા પડેલા કોઇ માનવી જેમ, આવતી આફતમાંથી બચવા જેમાં તરફડિયાં મારતું હોય તેવું તોફાન દાખવતા વાતાવરણ માટે જ વાદળાંના ઢગ ચિત્રમાં લેવા યથાર્થ ગણાય.

કૅમેરાને સમાન અંતરે જ્યારે પાત્રની ગતિ હોય ત્યારે વધારે સ્પીડથી ફોટોગ્રાફ લેવાવો જોઇએ. ઓછામાં ઓછી ૧/૧૦૦ સેકન્ડની સ્પીડ વાપરવી જોઈએ. ભાઈ ભણસાલીના ફોટોચિત્રમાં દેખાતી ક્ષતિ–પાત્રોનું હલન–ઓછી સ્પીડને આભારી છે. પાત્રોને કૅમેરાની સામે આવતા તથા તેનાથી દૂર જતા પાડવાથી, હાલવાને કારણે આવતી અસ્પષ્ટતા ઓછી થશે. 'વળતી વેળા'ને ઉપરથી ત્રણ ઇંચ કાપી નાખવાની જરૂર છે.

બલવન્ત ભટ્ટ



નરસિંહ-રાસદર્શન

ચિત્રકાર

કનુ દેસાઈ

જિંદગી કાવ્ય દીર્ઘ


• મંદાક્રાન્તા •

મેં હંમેશાં અધિક કલપી કાવ્યથી જિંદગાની,
એળેએળે પકડી જકડી, બંધને લીધ બાની;
હ્હાડે હ્હાડે કૃશવદન એ સૂકતી સેર ચાલી,
ઉલ્લાસોની વિફલ પ્રતિમા ઊર્મિઓ કીધ ખાલી.

મેં જાણ્યું કે અવનવું હવે જીવને જોમ જામે,
ઉત્કર્ષોનાં શિખર અજવાળી રમે મુક્તિધામે;
આદર્શોના ઝળહળ જગે પેટવે કૈં પ્રદીપ,
સદ્ભાવોના સરલ સ્મિતના પાથરી દે પ્રતાપ.

આ શું કિન્તુ? કવિતઝરણાં સાથ સૂકાઇ ચાલ્યાં,
તેજસ્વી જીવનમહીં હતાં તત્ત્વ એ ક્યાં સમાયાં?
છે મોટાઈ જરૂર જગમાં કાવ્યથી જિંદગીની,
કે એમાંથી પ્રતિપદ ધરે પ્રેરણા કાવ્યદેવી;
પૂર્તિરૂપે તદપિ વિલસે એકબીજાંથી યુગ્મ,
કાવ્યે જિંદાદિલી, જિગરનું જિંદગી કાવ્ય દીર્ઘ.

રામપ્રસાદ શુક્લ



દીપોત્સવીનાં અભિનંદન કોને?

● જેઓએ આવા કટોકટીના સમયમાં પોતાની કર્તવ્યબુદ્ધિ જાગૃત રાખી છે, સ્પર્ધા, ઇર્ષ્યા અને જાતીય વિરોધોની આંધીમાં હૃદય અને મન નિષ્પક્ષ અને સેવાપરાયણ રાખ્યાં છે, એમના જ જીવનમાં સાચી દીપોત્સવી છે. 'કુમાર'ના વાચકોનાં દિલમાં એવી જ્ઞાન અને પ્રેમની દીપમાળાઓ સદા પ્રકટી રહો અને સૌનાં અભિનંદનોને પાત્ર બની રહો એવી અમારી અંતરની શુભેચ્છા છે.

માદક ઔષધિની લહેમાં

અજબ હકીકત તો એ છે કે દુનિયા પરનાં યુદ્ધે કરી આજે માનવજાતિનાં કુળો પર કોઈ અકલ્પ્ય ને અસહ્ય સિતમોનો વરસાદ વરસી રહ્યાં છે તે વખતે હિંદુસ્તાન કોઇ માદક ઔષધિની લહેમાં આંખ પણ ઊંચી કરી પોતાની પરિસ્થિતિ સંભાળી શકે એવું રહ્યું નથી. રાજકીય ક્રાન્તિની વાત અલગ રાખીએ તોપણ, આપણા સમાજની છિન્નભિન્ન હાલત, આપણાં આદર્શવિનાનાં અભ્યાસજીવન, આબાદીવગરનું વ્યાપારજીવન અને ઉત્પત્તિવગરનું ગ્રામજીવન, અગણિત વ્યથાઓભરી બેકારી, આપણું રહ્યુંસહ્યું નીચોવી નાખતી યુદ્ધની જરૂરિયાતો, જીવતા માણસ કરતાં મરેલાંને વધુ સુખી ગણાવી શકે એવો આપણો રોજીંદો અવતાર, આ બધું આજના માનવીની કઇ મહત્ત્વાકાંક્ષા અથવા આશાનો પાયો ટકવા દઇ શકે એમ છે?

જો કોઈ આ સમજી શક્યું ન હોય તો જાણજો કે તે માત્ર સમયની વિસ્મૃતિ કરાવનાર નશાનો ભોગ બની રહેલ છે. જેમજેમ દિવસો વીતતા જાય છે તેમતેમ માનવજાત વધુ ભોગ, તંગી અને આફતોનાં સાગર તરફ ધસડાતી જ જાય છે. તેમાં પહેલું કોણ તણાશે, પહેલું કોણ ડૂબશે એ કોઇ કહી શકશે નહિ; પરંતુ નવા ઝંઝાવાતો, નવી ઉથલપાથલો અને માનવી સંબંધોનાં નવાં મૂલ્યાંકનો તથા નવી ઘટનાઓ એકેએક જણને તાકીદે સ્પર્શ કર્યા વિના રહેશે નહિ એટલું ચોક્કસ છે.

તમે એ વખતે શું કરતા હશો?

આપણે દરેક જણે આ કોટિ માનવસમુદાયના અંશ રૂપે એ અવદશાના કંઇ ને કંઇ ભાગીદાર બનવું પડશે એ નક્કી જ હોય તો કર્મ, બુદ્ધિ અથવા આધ્યાત્મિક તાકાતની કઇ સામગ્રી ઉપર આપણે મુસ્તાક છીએ તેનો તાગ તો આજે જ કાઢી રાખવો જોઇશે. યુદ્ધપરસ્ત સૈનિકને કોઇપણ કૂચનો હુકમ મળે તે વખતે તેનાં સાધનો ને સજાવટ તેને ઢૂંઢવાં ન પડે એવી તેની તૈયારી હોવી જોઇએ. સંસારમાં કૂચ કરી રહેલા તરુણ માનવીની પણ એવી જ તત્પરતા હોવી જોઇએ.

જાત તપાસી જુઓ

આપણે શાળાજીવનમાંથી શું શું મેળવ્યું? સમાજની ભીતરમાં કોતરી ખાતી રૂઢિઓ અને કુરિવાજો સામે ટક્કર લેવા કયા ત્યાગ કે શૌર્ય દાખવ્યાં? યુવાનોના હાથપગ જકડતા મતો, સંપ્રદાયો અને વાડાઓની મર્યાદા જમીનદોસ્ત કરવામાં કેટલાએ હિસ્સો આપ્યો? આપણાં જ્ઞાન અને શક્તિથી દેશના હુન્નર-ઉદ્યોગ અને સાહસોને શો વેગ મળ્યો? દુઃખી, દીન, નિરાધાર ગ્રામવાસીઓનાં આશ્વાસન અને ઉદ્ધાર માટે કેટલા પદવીધરોએ અને પૈસાદારોએ પ્રવૃત્તિઓ કરી? કલમ અને જીભથી પણ કેળવણી, સંસાર, સમાજ અને આર્થિક સ્થિતિની સુધારણા પાછળ ખરી ધગશ કેટલાએ દાખવી?

હવે ગણત્રી પર નહિ ટકાય

કોઇક આવીને આ બધું કરી નાખશે એવી આશા કે વિચાર તો આત્મઘાતી જ છે. તમે તમારે જોયા કરો—જે થાય તે, એવું કહેનારા અનેકો સ્વાર્થ અને પોતાની સગવડ સાચવી પ્રગતિ અને પુરુષાર્થને રોકનારાં વિઘ્નો જ બને છે. અમુક સમયે, અમુક શરતે, અમુક માણસના સાથમાં જ દેશસેવા કરી શકાય એવી ગણત્રી આજે જાણે પ્રવર્તે છે. પણ તમે જ્યાં હો ત્યાં સેવા અને સ્વાર્પણનાં ક્ષેત્રો અને પ્રસંગો તો પથરાએલા જ પડ્યા છે. નજર સામે કર્તવ્ય અને સેવાપ્રસંગો હોય તે પર જેઓ ધ્યાન આપી શકતા નથી તેઓ ભવિષ્યના કોઇ પણ વધુ મહાન કાર્યને લાયક બની નથી શકતા.

કંઈક સારું કામ

દિવાળીમાં આનંદો માણનારા ઘણા હોય છે; એ આનંદ સરજનારા થોડા હોય છે. ગઇ દિવાળીમાં નગરભ્રમણ કરતાં મેં એક જ પોળ એવી જોઇ કે જ્યાં પોળના બાળ અને તરુણ વિદ્યાર્થીઓએ જ આખી પોળની આદર્શ સફાઈ કરી, રંગોળીઓ પૂરી એમાં દીપમાળા પ્રકટાવી હતી. તે દિવસે પોળવાસી બધાંને ભાન આવ્યું હશે કે આટલાં

વર્ષોની દીપોત્સવીમાં કદી આટલો ઉજાસ અને આનંદ અનુભવ્યાં નહોતાં. ગરીબ અને તવંગરને સરખો ઉલ્લાસ આપે એવો એ પ્રકાર હતો. સેવાના એક નાના પ્રકારે એટલા માનવસમુદાયને રજપૂર પણ ઊંચે ચડતાં શીખવ્યું. ઘણાં યે બાળકો અને તરુણો પોતાના સ્થાન જોડે આત્મીયતા અનુભવી શક્યા.

સંઘસેવાના પ્રકારો ખીલવો અને પ્રચારો

પડોશ, પોળ કે ગામમાં સેવાના ઘણા એવા પ્રકારો છે કે જેમાં કોઇને ધર્મ, જ્ઞાતિ કે સંપ્રદાયના વાંધા ન હોય, છતાં આજના યુગને જોઈતી એકતા અને સંપની સંસ્થાઓ ચલાવી શકાય. આપણી શાળાઓ બેકારી સામે થવાની તાલીમ આપી શકતી નથી તો પોળ કે ગામનાં યુવકદળો રાત્રિની કારીગરશાળાઓ ખોલી શકે, નગર બહાર ખેતીનું શિક્ષણ અથવા તેના પરિચય પૂરતી પણ તાલીમ આપી શકે. વૈદક અને આરોગ્યના નિયમિત પાઠો આપી શકાય. શુશ્રૂષા તો ઘરેઘરમાં જરૂરી વિષય થઇ પડે. રસાયણક્રિયાઓ અને યંત્રક્રમના સાદા પાઠો આપનારા વર્ગો ખોલી શકાય. આ બધા પ્રયોગો ભલે તત્કાલ કોઇને સિદ્ધિ કે ફળ ન આપે, પણ કંઈકને માટે તે જીવનનાં નવાં બારાં ખોલી આપશે અને શાળાનો અભ્યાસ પૂરો થતાં જ સાથોસાથ મેળવેલ ઈતર પ્રવૃત્તિનું જ્ઞાન તેને સંસારમાં પગ મૂકવાનું સાધન બની રહેશે. વ્યાખ્યાનમંડળો, વાચનાલયો ને પ્રદર્શનોની પ્રવૃત્તિઓ પણ સમાજને વેગ આપવાનાં સમર્થ સાધનો છે, અને તે કાર્યો તરુણો જ સારીરીતે પાર પાડી શકે. માણસ એક વખત આત્મોત્કર્ષ કરવાનો નિશ્ચય કરે તો આ જગતમાં કોઇ સામ્રાજ્ય તેને રોકી શકે એમ નથી જ. **ર. મ. રા.**

દિશાભૂલ્યું ભણતર

આપણો દેશ પરતંત્ર છે; આપણું માનસ ગુલામીના અંડેર જેવું છે; આપણી આર્થિક દશા બૂરી છે; વ્યાપાર–હુન્નર મંદા ને પરવશ પડ્યા છે; આપણો સમાજ અનિષ્ટ રીતરિવાજમાંથી છૂટ્યો નથી; મૂડીદાર વર્ગ એકલપેટો, તુમાખી ને વિલાસી છે; નેવુ ટકા જેટલી વસ્તી ભૂખમરો વેઠે છે અને અજ્ઞાન પડી છે; ભણેલો વર્ગ ઘમંડી જેવો છે; આપણો વેપારી પરદેશી માલના 'કમિશન એજંટ' જેવો છે. આ ચિત્ર એટલા માટે દોરૂં છું કે તમારો જીવનમાર્ગ આમાં થઇને નીકળે છે. એક તરફ બેકારી ઘૂરકે છે; બીજી બાજુ એકબીજાનું પડાવી લેવા હિંસક યુદ્ધો જામ્યાં છે. હિંદને આ બધાંમાંથી અહિંસા દ્વારા સ્વાતંત્ર્ય મેળવવું છે. આ સંજોગોમાં નજીકના ભાવિના નાગરિક તમે સૌ છો. એ માટે તમારી શી તૈયારી છે—તમારા શા પ્રયત્ન છે?

આજ સુધીના ભણતરની રીત દિશા ભૂલી છે. એણે આપણને કલ્પનાશીલ નહિ પણ તરંગી ને હવાઇ બનાવ્યા છે, સંસારપાંગળા કર્યા છે. જે આદર્શો ને ભાવનાઓ એણે શીખવ્યાં તેમનો મેળ આજના આ ક્લિષ્ટ સમાજની ઘટમાળમાં ક્યાંયે મળતો નથી. જે ભણાવ્યું છે તે જીવવાનું નથી; જે જીવવાનું છે તે ભણાવ્યું નથી.

ભણતર એ સંપૂર્ણ જીવનનો પૂર્વરંગ છે. જીવનમાં જેમ વિદ્યાજ્ઞાન છે તેમ કળા અને હુન્નર, વ્યાપાર અને ખેતી છે. મન, હૃદય ને મગજની કેળવણી બધાએ આપી અને બહુબહુ આપી; પણ શરીરની અને હાથની કેળવણી કોઇએ ન આપી. રાત ને દિવસ છ છ કલાક હાથપગ જોડી બેસાડ્યા, વંચાવ્યું, આંખો ફોડાવી અને બેત્રણ ભાષાઓ શીખવી; બે પૈસા રળી શકીએ કે સ્વતંત્ર કમાણી કરી શકીએ એવી હાથની કેળવણી ન મળી. અને હાથકેળવણી એ જ ઢોર અને માણસનો તફાવત છે. આજે માણસ માણસ છે તે હાથની કેળવણીને લીધે. એ કેળવણી જેટલી સુંદર, નમ્ર અને સ્વતંત્ર હોય તેટલો માણસ ઉત્તમ. જે ભૂમિમાં જન્મ્યા છીએ, જે ભૂમિથી પોષાઈએ છીએ, જે ભૂમિમાં આ દેહ બળી જવાનો છે તે ભૂમિ માટેની અંદરની ખરી દાઝ જગાડે તે સાચી વિદ્યા. એ વિદ્યા એટલે જીવનની સંજીવની. પણ હજુ આપણી વિદ્યાને જીવનનો સંપર્ક ઓછો જ છે.

તમે ઈતિહાસ અને ભૂગોળ શીખો છો. પણ હાથ કે પગ ચલાવ્યા સિવાય જ શીખો છો. અને તે પણ છે પુસ્તકોમાંનો ઇતિહાસ અને નકશામાંની ભૂગોળ. પરંતુ પુસ્તક એ ઈતિહાસ નથી અને નકશો એ ભૂગોળ નથી. જે ઈતિહાસ જીવનને પરાક્રમશીલ, મહાન અને ઊર્ધ્વ બનાવે તે ઇતિહાસ છે. ભૂગોળના સજીવ જ્ઞાન માટે પ્રવાસોની પૂરી જરૂર છે. ગુજરાતનાં ગરીબી અને અજ્ઞાન, ગુજરાતની ગુલામી અને ગંદકી, તેના ઉદ્યોગ અને પાક, તેનાં વ્યાપાર અને નીતિ, ગામડાંનાં સરકારી રાજતંત્રનો અમલ અને ગામડાંના લોકોની રહેણી કહેણી, એ બધું જાતે જાણવાની જરૂર છે. આ દૃષ્ટિએ ઇતિહાસ-ભૂગોળ થોડાં પણ જાણીએ ત્યારે સાચા ગુજરાતી બનીએ; ત્યારે જ ખરો દેશપ્રેમ જાગે.

દેશળજી પરમાર

(સૂરત સાર્વજનિક હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ સમક્ષ આપેલા 'ઊર્ધ્વારોહણનું ગાન' એ નામના વ્યાખ્યાનમાંથી)

ભલભલા તત્ત્વજ્ઞાનીઓને પણ મૂંઝવતા

બે મીણબત્તીઓ



સ્વાક્ષરી (autograph) લેવા મારે ત્યાં આવેલા છોકરાએ તે દિવસે ખરેખર મને ગૂંચવણમાં પાડ્યો. સહી આપી દીધી એટલે છૂટ્યા, એવો વિચાર કરીને તેના હાથમાંથી ચોપડી લઈ હું સહી કરવા જતો હતો એટલામાં એકાએક તે છોકરો બોલ્યો : 'નહિ નહિ, મારે કેવળ સહી નથી જોઈતી. મારો એક પ્રશ્ન છે; અને તેના જવાબ તરીકે પાંચ–છ લીટી લખીને પછી તમારે સહી કરવાની છે.'

'શો છે સવાલ?' મેં પૂછ્યું.

'મનુષ્યના જીવનની સૌથી સુખી ઘડી કઈ?' છોકરો ગંભીરતાથી બોલ્યો: 'આ સવાલનો જવાબ ચારપાંચ લીટીમાં લખો અને પછી સહી કરો.'

એનો પ્રશ્ન સાંભળી મને અચંબો થયો. 'અરે ભાઈ!' હું બોલ્યો, 'જે સવાલનો જવાબ આપતાં મોટામોટા તત્ત્વજ્ઞાનીઓને નાકે દમ આવી ગયો એ સવાલનો જવાબ તું મારી પાસે માગે છે? ગાંડો તો નથી થયો? મારાથી નહિ અપાય તારા આ સવાલનો જવાબ. તારે સહી જોઈતી હોય તો કરી આપું.'

'તત્ત્વજ્ઞાનીઓના અભિપ્રાય મારે નથી જોઈતા;' છોકરો બોલ્યો: 'તમારા જેવા લોકોના જ અભિપ્રાય મારે જોઈએ. તમને જેમ લાગે તેમ લખી આપોને. આ રહ્યા, કેટલા યે લોકોના અભિપ્રાય આમાં છે.'

'પણ હું એ લોકો જેટલો વિદ્વાન નથી તેનું શું?' ત્રાસી જઈને મેં કહ્યું, 'ખરેખર, મને કંઈ પણ સૂઝતું નથી. આવા સવાલનો જવાબ તરત જ આપવો એ શું હસીખેલ છે?'

'અત્યારે ન આપતા, એમ હોય તો;' કાલાવાલા કરતાં એણે કહ્યું, 'આ ચોપડી ભલે અહીં રહી. કાલે આવીશ, પરમ દિવસે આવીશ, તમે કહો ત્યારે આવીશ.'

એ બુદ્ધિમાન છોકરાની આંખમાં આજીજી એટલી દેખાતી હતી કે હું ના ન પાડી શક્યો: 'ઠીક ત્યારે, રાખતા જા, એ ચોપડી અહીં.' હું બોલ્યો, 'અને આવજે કાલે—કે પરમ દહાડે.'

તે દિવસે બપોર સુધી હું કામમાં હતો, એટલે એના પ્રશ્ન વિષે વિચાર કરવાનો મને વખત ન મળ્યો. પરંતુ તે જ સાંજે એક પછી એક એમ ત્રણ બનાવ એવા બન્યા કે મારા મનમાં રમી રહેલા સવાલનો જવાબ આપવા જ જાણે તે બન્યા એમ હવે મને લાગે છે. મારા ઓળખીતા એક પૈસાદાર ગૃહસ્થને ત્યાં કાંઈક કામસર મારે તે દિવસે જવું પડ્યું. ભાઈ ઘેર નહોતા. ચિંતાતુર સૂરત કરીને એમની પત્ની બેઠી હતી.

'કેમ, ક્યાં ગયા?' મેં પૂછ્યું.

'પેલા નવા જર્મન ડૉક્ટર આવ્યા છે ને, એમને ત્યાં. જિદ્દ કરીને મેં જ મોકલ્યા એમને.' એ બોલી.

'એટલે? પણ થયું છે શું?' મેં પૂછ્યું.

'થવાનું તો શું હતું? જુઓને, એક ચિંતા ટળે છે ત્યાં બીજી હાજર જ હોય છે! ખડકીમાં* અમારો બંગલો છે ને, ત્યાં રખવાળી કરવા એક પઠાણ રાખેલો, તે ચોરી કરીને નાસી ગયો તે તો તમે જાણો છો જ. પણ એ પંચાત મટી ત્યાં તો ઇન્કમટૅક્સનો કેસ ઊભો થયો. કેટલા યે દિવસથી એમને ઊંઘ પણ નથી આવતી. ખાવાપીવાની તો ઇચ્છા યે નથી થતી. એટલે મેં કહ્યું, પેલા નવા ડૉક્ટર આવ્યા છે, એમની દવાથી કદાચ આરામ થાય.'

'એમ!' હું બોલ્યો; અને થોડીવાર રહીને ઊઠ્યો.

ત્યાંથી નીકળ્યા પછી લોકલમાં હું ઘર તરફ જતો હતો. મજૂર આંદોલનમાં કામ કરતો મારો એક જૂનો મિત્ર ગાડીમાં મને મળ્યો. દેખાતો હતો તો આનંદમાં.

* પુના પાસેનું એક નાનું ગામડું.

એક કોયડાનો ઉકેલ આણી ગયેલી બે મીણબત્તીઓની વાત



મૂળ લેખક

શ્રી અનંત કાણેકર

આજના મરાઠી સાહિત્યકારોમાં શ્રી. અનંત કાણેકર મહત્ત્વનું સ્થાન ધરાવે છે. એક કાવ્યસંગ્રહ, બે નવલિકાસંગ્રહો, ત્રણ નિબંધસંગ્રહો, બે નાટકો અને એક પ્રવાસવર્ણન એટલી એ યુવક સાહિત્યકારની આજે સાહિત્યસૃષ્ટિ છે. એમનાં કાવ્યોની સંખ્યા જોકે પાંચ ડઝનની અંદર જ છે, છતાં શબ્દ-સૌંદર્ય, નાદમાધુર્ય અને ઉત્કટ ભાવનાપ્રાધાન્ય એ ગુણોને લીધે એમનાં કાવ્યો મરાઠીમાં અસામાન્ય લોકપ્રિયતા પ્રાપ્ત કરી શક્યાં છે. પણ શ્રી. કાણેકરની પ્રતિભાનો ખરો વિલાસ તો એમના નિબંધમાં દૃષ્ટિગોચર થાય છે. મનુષ્યસ્વભાવનું સૂક્ષ્મ અવલોકન, મોહક ભાષામાં એનું વર્ણન, સાદા અનુભવો કે વિષયોમાંથી નવાં નવાં તત્ત્વો શોધવાનું કૌશલ્ય, અત્યંત સ્વતંત્ર તેમજ પ્રગતિશીલ વિચારો અને કટાક્ષમય વર્ણનો, એ એમના નિબંધોના વિશેષ ગુણો છે. મરાઠીમાં નિબંધકારો ઘણા છે, પણ શ્રી કાણેકરના નિબંધોમાં કલાનો પ્રકર્ષ એટલો બધો છે કે નિબંધ લખવા તો શ્રી કાણેકરે જ, એવો અભિપ્રાય બધે સ્વીકારાયો છે. એવા એમના એક નિબંધની વાનગી અહીં આપી છે. આ સાહિત્ય-પ્રવૃત્તિ ઉપરાંત તેમનું નિયમિત કાર્ય તો જાણીતા મરાઠી સાપ્તાહિક 'ચિત્રા'નું સંપાદન છે.

પોતાનું કામ કેવી લહેરથી ચાલે છે, અને ચળવળનું જોર કેવું વધતું જાય છે એનું સરસ વર્ણન એ કરતો હતો ત્યારે એની આંખોમાં વિલક્ષણ તેજ દેખાતું હતું. પણ એની આંખો ઊંડી ઊતરી ગઈ હતી. અને એની દાઢી પણ ઘણી જ વધી ગઇ હતી.

'તારી આંખો તો જો; કેટલી ઊંડી ઊતરી ગઇ છે તે!' હું બોલ્યો, 'તને થયું છે શું?'

'હટ!' તેણે કહ્યું, 'શું થવાનું હતું મને? મજામાં છું. અને આંખો ઊંડી ગઈ છે કે ઊપસી આવી છે એ તો હું જાણતો નથી. પંદર દિવસ થયા, આયનામાં જોવા જેટલો ય વખત નથી મળતો. ને તું દાઢીનું પૂછે છે; પણ દાઢી કરાવવા ગજવામાં પૈસા હોય તો ને!'

એટલામાં પરેલ સ્ટેશન આવ્યું અને મારી સાથે હસ્તધૂનન કરી ઘણી જ લહેરથી સીટી વગાડતો તે ચાલ્યો ગયો.

એક પછી એક બનેલી આ બે ઘટનાઓથી મને ખૂબ જ આશ્ચર્ય થતું હતું. પોતાના અપરંપાર સુખમાં ઉમેરો કરવા ખાતર ઈન્કમટૅક્સવાળા લોકોને છેતરી પંદરના સોળ લાખ કરવા જીવને તરફડાવી મારતો, અને ઠેકઠેકાણે અનેક બંગલાઓમાં ફર્નિચર ધૂળ ખાતું પડયું હોય છતાં પણ ખડકીવાળા બંગલામાંથી પઠાણ બે-ચાર ટેબલ-ખુરશી ચોરી ગયો એટલા માટે હાય પોકારતો મારો પૈસાદાર દોસ્ત દુ:ખી તેમજ ચિંતાતુર! અને એમ. એ.માં પાસ થયા પછી ઘેર ચાલી આવેલી મોટા પગારની સારી નોકરીને લાત મારી કોઈક દિવસ દલિત જનતા સ્વતંત્ર તેમજ સુખી થશે એના વિચારથી પોતાના સુખની જરા પણ દરકાર કર્યા વગર લોકોનાં સુખ ખાતર કોક વાર અધભૂખ્યો રહેતો તો કોક વાર ઉપવાસ પણ વેઠતો અને આમતેમ રખડતો આ બિરાદર મજામાં અને સુખી!

આ અને આવા જ ઘણા વિચાર કરતો હું રાતના ઘેર આવ્યો, અને ત્યાં ત્રીજો બનાવ બન્યો. મીણબત્તીના શીતળ પ્રકાશમાં વાંચવું મને ખૂબ ગમે છે; એટલે ખુરશી પર ઊભો થઈ અભરાઇ પર મીણબત્તીઓ હોય તો શોધવા મંડ્યો. એક મીણબત્તી તદ્દન બળી ગએલી હતી. આવી રીતે મીણબત્તી ભાગ્યે જ બળે છે. એનું અસ્તિત્વ બતાવવા પૂરતો પૈસાના આકારનો મીણનો અવશેષ માત્ર બાકી રહ્યો હતો. બીજી મીણબત્તી કેટલાયે દિવસથી અભરાઈ પર ધૂળ ખાતી પડેલી હોવાથી કીડી-વંદાઓએ કોરી ખાઇને સાવ નકામી બનાવી દીધી હતી. આવી સ્થિતિમાં પડેલી એ બે મીણબત્તીઓ જોઈ, અને કોણ જાણે કેમ, હું જરા હસ્યો; પણ બીજી જ ક્ષણે મારા મનમાં એક વિચિત્ર વિચાર સ્ફૂર્યો. જે બે માણસો વિષે હું વિચાર કરતો હતો તેઓ બન્ને આ બે મીણબત્તીઓ જેવા નથી? પોતાનો જીવ સલામત રાખવામાં—પોતાના સુખનું જતન કરવામાં મસ્ગૂલ બનેલા એકનું જીવન આમ ખવાઇ જાય છે, અને બીજાઓને મંદ, સુખ-

…કર પ્રકાશ આપતી બીજાની જીવનજ્યોત જલી રહી છે.

માનો કે એ મીણબત્તીઓ સજીવન હોત તો, પોતાની જાતનો કોઈને જરા પણ ઉપયોગ ન થયો—પોતાનું જીવન આમ સડી ગયું, એવો દુઃખમય વિચાર મરવાની ઘડીએ એકના મનમાં આવ્યો હોત; અને આપણા જીવનનું સાર્થક થયું—છેક છેલ્લી ઘડી સુધી આપણે સૌને પ્રકાશ આપ્યો, એવી સુખદ તંદ્રામાં પેલી બીજી મીણબત્તીના જીવનની છેલ્લી ઘડી વીતી હોત! મનુષ્યના જીવનની સૌથી સુખી ઘડી કઈ એ જ સવાલનો ઉત્તર પેલા છોકરાને જોઈતો હતો, નહિ? મળી ગયો મને જવાબ. મનુષ્યના જીવનની સૌથી સુખી ઘડી, એટલે આવી આખરી ઘડી! ટેબલ પર પડેલી એની ચોપડી મેં ઉપાડી લીધી અને તેમાં તરત જ લખી નાખ્યું, '..આ જ ખરી સુખની ઘડી! જાતને માટે જીવ્યા તો મરી ગયા; પારકા માટે જીવ્યા તો જ જીવ્યા!'

અનુવાદક : **વસંત જોષી**

प्रेमनुं अमर पुष्प

માણસને એના પરિચિત જીવનથી સંતોષ નથી. કુદરતે જે આયુષ્ય બક્ષ્યું છે એના કરતાં એને વધારે જીવવું છે. જીવવાનો આનંદ અને જીવવાનો અનુભવ એને એટલો બધો પ્યારો છે.

ઇંગ્લંડની એક રાણીએ મરવાની ક્ષણે ચીસ પાડી કે ઘડીક વધારે જીવવાની કોઈ સગવડ કરી આપે તો મારું રાજ એને અર્પણ કરું. જિજીવિષા એ સૌથી બલવત્તર અને સાર્વભૌમ વાસના છે.

જીવતા જ રહેવાની સગવડ મેળવવા માટે માણસે અમરફળની યાચના કરી, દિવ્ય રસાયણની શોધ કરી, સંજીવની વિદ્યાની ખોજ કરી, દીર્ઘાયુ થવાનો યોગ સાધ્યો. રાજયોગ અને હઠયોગ, ધ્યાનયોગ અને પૂર્ણયોગ બધા અજમાવ્યા. ચૌદ સો વરસ જીવનાર ચાંગદેવની વાર્તા પણ જોડી કાઢી. પોતાના દીકરાઓનું યૌવન ઉછીનું લઈને ભોગ ભોગવનાર સમ્રાટ યયાતીની વાર્તાઓ રચી. સાત ચિરંજીવીઓનું રોજ સવારે સ્મરણ ચલાવ્યું. પણ માણસ મૃત્યુના સકંજામાંથી છૂટ્યો નહિ.

મૃત્યુ ન ટળ્યું તો ભલે ન ટળ્યું. પણ મરણ પછી શરીર સડતું અટકાવાય ખરું? માણસે એની પણ શોધ ચલાવી. શરીર તેલના હોજમાં ડુબાડી રાખ્યું. મધના તળાવમાં એનો મુરબ્બો કર્યો. જાતજાતના મસાલાઓમાં લપેટી એનાં 'મમી'ઓ બનાવ્યાં. મુડદાં રૂપે પણ જો વધારે ટકી શકાય તો ટકી જોવું એટલી જ અબળખા.

ત્યારે શું મરીને નવો જન્મ લેવાતો હશે? કેટલી સુન્દર કલ્પના! કેટલું આશ્વાસન અને સમાધાન! ઘાસ ઊગે છે અને સુકાય છે. ફરી વરસાદ થાય એટલે એ ફરી પાંગરે છે. તેવી જ રીતે માણસ પણ ફરી જન્મ લેતો હોવો ન જોઈએ? કઈ રીતે તે આપણે જાણતા નથી. બીજમાંથી ઝાડ ફૂટે છે, એનો વિસ્તાર વિસ્તરે છે, અસંખ્ય ફૂલો અને ફળો એના જીવતરને કૃતાર્થ કરે છે; કોને ખબર હતી કે એ સૂક્ષ્મ બીજમાં એક નવું વૃક્ષ છુપાયું છે?

પુનર્જન્મની કલ્પના કરીકરીને માણસ થાક્યો. એ કલ્પના એટલી તો બંધબેસતી છે કે એ સાચી તો હોવી જ જોઈએ. પણ એનો પુરાવો શો?

પુનર્જન્મનો પુરાવો મળે ત્યારે મળે; પુનર્જન્મની સ્મૃતિ ધરાવનારી વ્યક્તિઓ મળતી હોય કે ન મળતી હોય; પણ એકબીજામાં ઓતપ્રોત થનાર પ્રેમીઓનો સ્નેહ જ્યારે અપત્ય રૂપે પ્રગટ થાય છે ત્યારે એ એકનો નહિ પણ બે જણનો સામટો પુનર્જન્મ હોય છે. દ્વૈતમાંથી નવું જ અદ્વૈત પેદા થયું અને જીવન કૃતાર્થ થયું.

માબાપ ઘરડાં થતાં જાય છે. એમનું યૌવન ઓસરે છે ને તે જ વખતે તેમનું બાળક તેમના જ ખોળામાંથી ઉતરી યૌવનમાં પગ મૂકે છે અને માતાપિતાને નવા લાવણ્યનો આનંદ આપે છે. માણસને વધારે જીવવું હતું; પોતાનો યૌવનકાળ લંબાવવો હતો; જીવનધારા અંતે વધારવી હતી; જીવનસૂત્ર ઉત્તરોત્તર તાણવું હતું. સંતતિરૂપે એ શકય બન્યું. માણસે ધન્યતાના ઉદ્ગાર કાઢ્યાઃ

'अंगात् अंगात् संभवसि हृदयात् अभिजाय से ।
आत्मा वै पुत्र नामासि सजीव शरदः शतम् ॥'

જીવનૈષણાએ જ અંતે પુત્રૈષણાનું રૂપ ધારણ કર્યું છે!

પતિપત્ની પ્રેમને કારણે એકત્ર આવ્યાં. એકબીજામાં ઓતપ્રોત થયાં. પ્રેમને કારણે એ સહજીવન દિવ્ય બન્યું. પણ નદીના પ્રવાહમાં સંયોગવશાત્ ભેગાં થએલાં લાકડાનાં બે હોડકાં (કટકા) ક્યાં સુધી સાથે

રહી શકે? પાર્થિવ જીવન નશ્વર છે; જ્યારે પ્રેમમય જીવન ઈશ્વરી છે. પાર્થિવ જીવન નષ્ટ થયા પછી પણ એ પ્રેમજીવન—એ દિવ્ય જીવન કેમ ટકાવાય? પ્રજાતન્તુદ્વારા એ પાર્થિવ જીવન પણ અખંડ તો ચલાવી શકાય. પણ શું એ એક જ ઉપાય છે?

શાહજહાન ને મુમતાજબેગમ એકબીજામાં ઓતપ્રોત થયાં. શાહજહાન જેવા સમ્રાટને પામીને મુમતાજનું પ્રેમસૌન્દર્ય કૃતાર્થ થયું; અને મુમતાજ જેવા રૂપરૂપના ભંડાર અને પ્રેમના સાગરને મેળવીને સમ્રાટનો વૈભવ અને એના હૃદયનો ગંભીર સાગર બન્ને કૃતાર્થ થયા. અને કવિઓ પણ કહેવા લાગ્યા કે વિચિત્ર ઘાટ ઘડનાર વિધાતાએ અંતે એકવાર અનુરૂપને અનુરૂપ સાથી આપી સંસાર પંડિત કર્યો. પણ પ્રેમને પાર્થિવ શરીર દ્વારા વ્યક્ત કરવા જતાં અમરત્વ ખોવું પડે છે એનો ખ્યાલ શાહજહાન ભૂલી ગયો. સ્વાત્માર્પણ કરતાં મુમતાજને કાળ વળી જાય છે એનો ખ્યાલ સરખો ન રહ્યો. બન્નેએ ઇન્દ્ર સમા ભોગ ભોગવ્યા અને જીવન ટૂંકાવ્યું.

એક દિવસ શાહજહાનને ભાન થયું કે પોતાના દેખતાં કરાળ કાળ પોતાની પ્રિયાને ગ્રસે છે. વૈદો અને હકીમો, માંત્રિકો અને ઓલિયાઓ, બધા આવ્યા. માણસની વ્યર્થ આશાઓ તેમણે અજમાવી અને એ બન્ને પ્રેમીઓને અંતે ખાતરી થઈ કે આખરે તેઓ મર્ત્ય લોકનાં જ રહીશ છે. નિરાશ થઈને મુમતાજે શાહજહાનને પૂછ્યું કે શું આપણો પ્રેમ પણ એટલો બધો કાચો હશે કે એ કુદરત સામે પણ ટક્કર ઝીલી ન શકે?

બન્નેની નજર સામે ભોગ અને પ્રેમ વચ્ચેનો ભેદ પ્રત્યક્ષ થયો. શાહજહાને કહ્યું કે પ્રેમની ઉત્કટતા અનુભવવા ભોગની મદદ લીધી તે હવે વેર વાળે છે. વિલાસિતાએ જે ખોયું તે કળાના કૃપાપ્રસાદથી પાછું મેળવવાનો પ્રયત્ન કરી જોઈશું.

મિસ્ર દેશના લોકોએ શરીરને મસાલામાં લપેટી એ ટકાવવાનો પ્રયત્ન કર્યો. ગ્રીક લોકોએ મૂર્તિવિધાનની કળા પૂર્ણત્વ સુધી પહોંચાડી માણસનું રૂપ અને એનું લાવણ્ય, એની આકૃતિ અને એનું અધ્યાત્મ વ્યક્ત કરવા માટે સંગેમરમર કોતર્યો.

પણ શાહજહાનને એ ભૂલ હવે કરવી ન હતી. પાર્થિવ રૂપ કે માનવી રૂપ કેમ દગો દે છે એનો એને અનુભવ થયો હતો. એણે વિચાર કર્યો કે શુદ્ધ પ્રેમ એટલે આકૃતિની સર્વભદ્રતા, શુદ્ધ પ્રેમ એટલે ઔચિત્ય, શુદ્ધ પ્રેમ એટલે તપસ્વિતા, શુદ્ધપ્રેમ એટલે સમૃદ્ધ સંયમ, શુદ્ધ પ્રેમ એટલે પરસ્પરાનુકૂલતા; શુદ્ધ પ્રેમ એટલે વિવિધતામાં વિલસતું અખંડ અજરામર અદ્વૈત. એવા પ્રેમને હું માનવી કલેવરનું રૂપ ન આપું. એવા પ્રેમને હું અખંડ ધ્યાન, અખંડ ભક્તિ અને નિઃશેષ સ્વાત્માર્પણનું પ્રતીક બનાવું. એણે ધ્યાન ધર્યું. એણે પોતાનો પ્રેમ વિશુદ્ધ ને મૂર્ત બનાવ્યો. એની જ મૂર્તિ એના હૃદયમાં પ્રગટ થઈ: તેની જ દીક્ષા એણે પોતાના કારીગરોને આપી. પૃથ્વીના પેટમાંથી અસંખ્ય પથરાઓ આવ્યા. માનવી મન અને હાથ એ પથરાઓ સાથે સહકાર કરવા લાગ્યાં. નાટકના અંકો જેમ ગોઠવાઈ જાય છે, પટોળાના તાણાવણા જેમ વણાઈ જાય છે, તેમ આ પથરાઓ ધીમેધીમે કોતરાયા અને ગોઠવાયા, અને એ ક્ષણભંગુર કાયામાં ખીલેલા સનાતન પ્રેમની એક અભિનવ મૂર્તિએ જન્મ લીધો. બાળકો ગર્ભમાં નવ માસ રહે છે. આ પ્રેમબાળક કળાની—ધ્યાનની—ગર્ભાવસ્થામાં કોણ જાણે કેટલાં વર્ષો સુધી, કેટલાં તપો સુધી રૂપ ધારણ કરતું હતું.

અંતે એ અવતર્યું. શાહજહાનનો આત્મા તૃપ્ત થયો. દુનિયાના પ્રેમીઓને દીક્ષા મળી અને એક સૌન્દર્યમૂર્તિનો અવતાર થયો.

તાજમહાલને પડખે ઊભી રહી શકે એવી મૂર્તિઓ —સ્થાપત્યકૃતિઓ—દુનિયામાં નથી એમ નથી. દૂર શા માટે જઈએ? યમુનાને જ પેલે પાર ઇતમાદુદ્દૌલાનો મકબરો કે રોઝો છે, તે તાજમહાલથી ઓછો સુન્દર નથી. પણ ત્યાં કેવળ સૌન્દર્ય જ છે, ઔચિત્ય જ છે; ભક્તિની એકાગ્રતા પણ હશે; પણ તાજમાં જે પ્રેમની તાજગી છે તે ત્યાં ન મળે. તાજ પ્રેમની સ્મૃતિ છે અને પ્રેમની સંતતિ પણ છે.

તાજનો વિચાર કેવળ કળાની દૃષ્ટિએ ન કરાય. એનું રહસ્ય તે કાળની સંસ્કૃતિની દૃષ્ટિએ ન ઉકેલાય. પણ ભોગ જીવન વિફળ થયા પછી પ્રેમજીવને જે એકાગ્રતા સાધી અને જીવનમાં જે ન મળ્યું તેની સ્મરણ વાટે જે સિદ્ધિ સાધી તેના પ્રેમપ્રતીક તરીકે જ તાજનો વિચાર કરવો જોઈએ. પ્રેમનું રહસ્ય જાણવું હોય તો તે યમરાજની બેનને કિનારે સ્થિર થએલા આ અમર પુષ્પ પાસેથી જ જાણી લેવું.

દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર

ડહાપણનાં બિંદુઓ સમી બોધકથાઓમાં



ઇસપે બધા સામાનમાંથી એક કરંડીઓ પસંદ કર્યો.

તમામ કાળમાં, તમામ દેશના લોકોને માફક આવે એવી, ડહાપણના ટુકડા સમી સાદી વાર્તાઓમાં વહેવારૂ ફિલસૂફી વણી જનાર ગુલામ મહાનુભાવ ઇસપનું જીવન અને કાર્ય બંને આજના વિદ્વાનોમાં ચર્ચાનો વિષય થઈ પડ્યાં છે. એના ઉપર કાદવ ઉડાડવાનો પ્રયાસ પણ કેટલાકોએ કર્યો છે, પરંતુ એની મહત્તા એવા કોઈ અપપ્રયોગ વડે છાવરી શકાય તેમ નથી. આથેન્સવાસીઓએ ગ્રીસના સાત શાણા પુરુષોમાં એની કરેલી ગણના આજ પણ જેમની તેમ કાયમ રહે છે. જીવનના અતિ વિષમ સંજોગો ફાળે આવ્યા છતાં પોતાની પ્રતિભાને કાટ લાગવા ન દેનાર એ અદ્‌ભુત ઇસપ તો સર્વ યુગને આદરપાત્ર જ રહેશે.

ઇસુના જન્મ પહેલાં ઝળકેલી ગ્રીક સંસ્કૃતિએ જે જબરૂં કલંક નભાવી રાખેલું એ ગુલામ વર્ગમાં આજથી અઢી હજાર વરસ પહેલાં, અત્યારના તુર્કીના મધ્યભાગે આવેલા ફ્રીજિયા મુકામે ઇસપ જન્મેલો. ગુલામી તો એના જીવન સાથે જ જડાએલી હતી. છતાં ગુલામોના કીમતી ગણી શકાય એવા ગુણોમાંનો એકે તેનામાં ન હતો. દેખાવે ખૂંધા ને બેડોળ એ અદના આદમીમાં શારીરિક શક્તિ કે શ્રમસહતા પણ પૂરતા પ્રમાણમાં ન હતાં. અને એની બેડોળતાની તો હજુ, કાયમ રહેલું તેનું આરસનું એક બાવલું સાખ પૂરી રહે છે. એ બેડોળ દેહમાં કુદરતે ભલે એક અત્યુત્કૃષ્ટ આત્માની નવાજેશ કરી હોય, પણ શારીરિક સૌન્દર્યની ઉપભોગી પ્રજામાં તો તે એ કાળે અળખામણો થઈ પડ્યો હતો.

એની તરુણાવસ્થાનો પહેલવહેલો સ્પષ્ટ પ્રસંગ મળી આવે છે એના જેવા બીજા ગુલામો સાથે એફેસસની બજારમાં વેચાવા માટેની એની મુસાફરીનો. મુસાફરીએ ઊપડતાં પહેલાં દરેકે દરેક સ્ત્રી પુરુષ ને બાળકને તેમની શક્તિ અનુસાર બોજો વહેંચી લેવાનું કહેવામાં આવ્યું. ઇસપે બધો સામાન તપાસી જઇ એક કરંડીઓ પસંદ કર્યો. એ કંઇ હળવો નહોતો; સૌથી ભારે હતો. છતાં તેના પર જ પોતાની બેવકૂફ પસંદગી ઇસપે ઉતારવાથી બધાએ તેને ફ્રીજિયાનો મોટામાં મોટો મૂરખ ગણી લીધો.

ઇસપની મશ્કરી કરતાકરતા બધા આગળ વધ્યા. મુસાફરીના ત્રણ ગાળામાંથી એક ગાળો પૂરો થયો એટલે સઘળા આરામ લેવા રોકાયા. પેલા કરંડીઆમાંથી સૌને ખાધાખોરાકી વહેંચવામાં આવી. ખાઇપીને સૌ ઊપડવા તૈયાર થયા ત્યારે કરંડીઆનું વજન અરધું ઘટી ગયું હતું, ને મુસાફરીનો બીજો ગાળો પૂરો થયો ત્યારે તો ઇસપ પાસે માત્ર ખાલી કરંડીઓ જ રહ્યો હતો. સૌને હવે કબૂલ કરવું પડ્યું કે ઇસપની બુદ્ધિ એ તમામની બુદ્ધિના સરવાળાથી યે કંઇક વિશેષ હતી!

એફેસસ પહોંચતાં સૌને સીધા બજારમાં લઇ જવામાં આવ્યા. દરેકને સારાંસારાં કપડાં પહેરાવી, દરેકની વિશેષતાઓ વર્ણવતાં લેબલો લગાડવામાં આવ્યા. બધા જ વેચાઇ ગયા, માત્ર ત્રણ જણ બાકી રહ્યા. એક વક્તા, એક ગવૈયો ને ત્રીજો ઇસપ. એમની ત્યાં ખપત ન થતાં તેમનો માલિક તેમને સામોસ લઇ ગયો.

સામોસની બજારમાં બધાને ખડા કરવામાં આવ્યા હતા ત્યાં થઇને ત્યાંનો પ્રખ્યાત ફિલસૂફ ઝાન્થુસ નીકળ્યો. વેચાઉ ગુલામોમાંથી વક્તાને એણે પૂછી જોયું કે તે શું કરી શકે છે, એટલે તેણે જવાબ આપ્યો, 'તમે કહો તે.' ગવૈયાને પૂછતાં તેણે જવાબ આપ્યો, 'હરેક ચીજ હું કરી શકું છું.' પૂરતા દમામ ને મગરૂબા-

વહેવારૂ ફિલ્સૂફી વણી જનાર, સંસારના સર્વ દેશમાં સર્વ કાળે સર્વ ઉમરનાં માણસોને પ્રિય થઈ પડેલો જનતાનો અમર ફિલ્સૂફ

ઈસપ

બધાં આ જવાબો સાંભળી ઇસપ ખડખડાટ હસી પડ્યો.

હવે જ ઝાન્થુસનું ધ્યાન તેના તરફ દોરાયું. તેણે એ જ જાતનો સવાલ ઇસપને કરી જોયો એટલે એણે જવાબ આપ્યો, 'મારે જમણે પડખે ઊભેલો ચતુર મિત્ર તમે કહો તે કરી આપે તેમ છે ને ડાબા પડખાનો તેથી યે વધુ ચતુર મિત્ર તમને હરેક ચીજ કરી આપે તેમ છે, પછી મારે માટે તો કશું કરવાનું રહેતું જ નથી.'

આ બેડોળ ખૂંધાની ચતુરાઇ જોઈ ઝાન્થુસે સવાલજવાબ આગળ ચલાવ્યા: 'હું તને ખરીદું તો તું પ્રામાણિક રહીશ ખરો?'

'એ તો હું છું જ; અને તમે ખરીદ નહિ કરો તો ય રહીશ.' તેને ઉત્તર મળ્યો.

ઝાન્થુસે જોયું કે એવો સવાલ કરવામાં પોતે ભૂલ કરી હતી, એટલે એ સુધારતો તે બોલ્યા: 'મારા કહેવાનું તાત્પર્ય એ છે કે તું નાસી નહિ જાયને?'

પોતાની નાની તેજભરી ટમટમતી આંખો તેના પર ફેરવતો ઇસપ બોલ્યો, 'પીંજરે પડેલા કોઈ પક્ષીએ પોતાનો ઇરાદો એના માલિકને કદી કહેલો છે ખરો?'

ઝાન્થુસને ખાતરી થઇ કે તે ખરેખર વિચક્ષણ ભેજાવાળો માણસ હતો; અને પેલો વેપારી એ ભેજાની કીમત પિછાણે તે પહેલાં તેને હાથ કરી લેવાનો ઝાન્થુસે નિશ્ચય કરી લીધો. એ વેપારીએ ઇસપમાં તો કશી વિશેષ આશા રાખેલી જ નહિ. એના બે જોડીદારની કીમત પર એણે મોટા આંક ચડાવી દીધેલા ને એમાંથી ગમે તે એક ખરીદનારને ઇસપ તો ભેટ-રૂપે ઉપરિયામણમાં આપી દેવા તે તૈયાર હતો. વધુ વાત ન લંબાવતાં ઝાન્થુસ બંનેને ખરીદી ઘેર લાવ્યો.

ઝાન્થુસ સમક્ષ હવે એક સર્જનજૂનો કોયડો ખડો થયો અને તે એ કે પોતાને ગમતી વસ્તુ પર પોતાની પત્નીની પસંદગી શી રીતે ઉતારવી. એને ખાતરી જ હતી કે ઇસપ જેવા કુબડાને જોઈ તેની બૈરીનો મિજાજ છટકવાનો જ. એના સામના માટે એણે એવો મનસૂબો ઘડી રાખેલો કે પોતે તેની નમ્રતા, વફાદારી વગેરે અનેક સદ્‌ગુણોનું બયાન કરી એ ગર્વિષ્ઠ સ્ત્રીનાં વાગ્બાણ બુઠ્ઠાં બનાવી મૂકશે. પરંતુ એ મનસૂબો એમનો એમ ઓગળી ગયા ને ઇસપને જોતાં જ સામી બાજુથી એવો તો હલ્લો થયો કે તેને ખાળવા ગમે તેવા શબ્દો પણ લાચાર નીવડે.

ઝાન્થુસની બધી દલીલો નકામી નીવડી એટલે તે પણ ખૂબ ઊકળી ઊઠ્યો. પોતાની મૂંઝવણ ઇસપ દ્વારા હળવી થવાની એણે આશા રાખેલી તેને બદલે તેને તો સ્તબ્ધ ઊભેલો જોઇને તેનો ઉકળાટ વધી નીકળ્યો: 'ઓ નાપાક ઈન્સાન, તું હજુ કેમ ખામોશ રહી શક્યો છો? ' ઇસપને સંબોધી તે બોલ્યો, 'બીજા બધા પ્રસંગોમાં તો તારી જીભ બહુ સફાઇથી ચાલે છે, ત્યારે અત્યારે તું જુએ છે તેમ તારી મશ્કેકાને શાંત પાડવા હું મથી રહ્યો છું ત્યારે મારી મદદમાં એક શબ્દ બોલતાં પણ તને ચૂંક આવે છે?'

ઇસપ આ સાંભળીને સ્વસ્થતાપૂર્વક એક ડગલું આગળ વધ્યો, ને પછી આ મતલબની એક ગ્રીક કહેવત બોલ્યો: 'હે પ્રભુ! તું આગ, પાણી ને કુભારજાની દયા પર મૂકાતા અમને બચાવ.'

તેના આ શબ્દોએ બળતામાં કેટલું ઘી હોમ્યું હશે તેની કલ્પના આવવી મુશ્કેલ છે. આ શબ્દોથી ઇસપ ઉપર શી વીતી હશે, અને એ બધાં વીતકો વેઠી લઇને છેવટે કઇ તરકીબથી એણે ઝાન્થુસની મગરૂબ ઓરતને રિઝાવીને તેનો ચાહ સંપાદિત કર્યો હશે એની વિગત આપણને નથી મળતી.

પ્રભુના આભાર સાથે ઇસપે પોતાનો નવો મુકામ સ્વીકારી લીધો હતો. એનો માલિક પણ માલિકને બદલે મિત્ર વધુ અંશે હતો. દિનોદિન એ મૈત્રી વધુ ગાઢ થતી ચાલી. પરંતુ પાછળથી એક કરુણ પ્રસંગે થાળે પડેલા મામલાને પાછો ઉશ્કેરી મૂક્યો.

ઝાન્થુસની પત્ની ખૂબસુરત હોવા સાથે તવંગર કુટુંબનું ફરઝંદ હોઇ સ્વભાવે ખૂબ ઉગ્ર અને બીજાઓ

પર આધિપત્ય જમાવવાની શોખીન હતી. ઝાન્થુસ જેમજેમ નમતું આપતો ગયો તેમતેમ તેના પરનું એનું આધિપત્ય એ વધારતી જ ગઈ. બંનેને એકબીજા પર અત્યંત પ્રેમ હતો, પરંતુ બંને વચ્ચે સ્વભાવગત અંતર એટલું બધું હતું કે બંનેનો મેળ મુશ્કેલ હતો.

એક વખત કોઈ બાબત પર ઝાન્થુસ અપૂર્વ નિર્ણય સહિત મક્કમ રહ્યો. પરિણામે તેની પત્ની તેને છોડી પોતાને પિયર ચાલી ગઈ ને ત્યાં પોતાને સોસવા પડતાં સઘળાં વીતક ગાવા લાગી. થોડો વખત તો ઝાન્થુસ પણ મર્દ (he-man) રહી પોતાની ખુમારી ટકાવી રહ્યો, પણ પછી ધીમેધીમે પત્નીના જતા રહેવાથી પોતાની જિંદગીમાંથી જીવન જ જતું રહ્યું હોય તેમ તેને લાગવા માંડ્યું ને તે ઉદ્વિગ્ન રહેવા લાગ્યો.

ઇસપ પહેલેથી જ માનવ સંબંધોનો અભ્યાસી રહ્યો હતો. એણે પોતાના મિત્રની મનોવ્યથા પિછાણી ને તેના નીવેડા માટે મગજ લડાવવા લાગ્યો. આખરે એક વિચાર આવતાં માલિક પાસે જઈને તે બોલ્યો કે તેની તરફથી તેની મલેકાને તરત ઘેર આણશે, એટલું જ નહિ પણ એને એવી રાંક ને તાબેદાર બનાવી મૂકશે કે કોઈને પણ નવાઈ ઊપજ્યા સિવાય ન રહે.

ઝાન્થુસ ઉત્સુકતાપૂર્વક ઇસપનું કહેવું સાંભળી રહ્યો.

'પહેલી વાત તો એ કે આ રહસ્યની કોઈને વાત ન કરવી.' ઇસપ બોલ્યો: 'તમે બજારમાં જઈને સારામાં સારા ખાનપાનની ચીજો અમુક ચોક્કસ દિવસે તમારે ઘેર પહોંચતી કરવાનો વેપારીઓને હુકમ આપી આવો એટલે પત્યું. બાકીનું મારા પર છોડી દો.'

એ વખતે રોડોફિસ (ગુલાબ જેવા ગાલવાળી=ગુલરૂખ) નામથી ઓળખાતી રૂપરાણી ડૉરિકા પ્રખ્યાત હતી. એ પણ જન્મે ગુલામ હતી અને એક વખત ઇસપની સાથે એક માલેકને ત્યાં હતી એટલે તેની જોડીદાર ને મિત્ર હતી. એ સ્ત્રીએ ઇસપના જીવનમાં શો ભાગ ભજવ્યો છે એ વિષે ઇતિહાસ મૂક છે, પરંતુ આ ઝગડા દરમિયાન ઇસપે પોતાના મિત્ર ઝાન્થુસની આ મૃત્યુલોકવાસી રતિમાં રતિ બેસાડવાનો પ્રયાસ કર્યો હોવો જોઈએ; બંનેના જીવન પર એની અસર તો નિ:શંક હોવી જોઈએ.

ઇસપ હવે બધાને કહેતો ફરવા લાગ્યો કે તેનો માલેક બીજી બૈરી પરણવાનો છે ને એ બૈરી તરીકે એણે દુનિયાની સુંદરમાં સુંદર સ્ત્રી પસંદ કરી છે. ઝાન્થુસનો પરમ વિશ્વાસુ મિત્ર તો એ ગણાતો હતો, ને પાછી જનતાની ચુગલખોરીમાં પણ એને એટલો જ વિશ્વાસ હતો, એટલે કોઈ પણ રીતે એ અફવા ઝાન્થુસની પત્નીને કાને પહોંચશે એવી ઇસપને ખાતરી હતી. અને એના સ્વભાવથી એ વાકેફ હોઈ ત્યાં કેવો જ્વાળામુખી ફાટશે તે પણ એ જાણતો હતો.

મુકરર કરેલે દિવસે ખાનપાનની સઘળી ચીજો આવી ગઈ. ઘર શણગારવામાં આવ્યું ને જબરી ધમાલ થઈ રહી. ત્યાં તો ઓચિંતો ઘોડાના દાબડાનો અવાજ સંભળાયો ને થોડીવારમાં તો કડબડાટ કરતા એ ઘોડા ઝાન્થુસના ઘર સામે આવી ગોઠવાયા. એમની પીઠ પર ચાબૂકના સોટા ઊઠી આવ્યા હોઈ એ ધ્રૂજી રહ્યા હતા એટલે બધો શ્રમ એમની પાસેથી લેવાયો હતો. એમને જોડેલા રથમાંથી રૂઆબભેર કોઈ ઊતરી પડ્યું. એ જ એ, ઝાન્થુસની નિર્દય પત્ની.

ધમપછાડા કરતી, ફૂંફાડા મારતી, કોઈપણ અજાણી સ્ત્રી ઘરમાં દેખાય તો તેને ધકેલી, પટકી, પીટી, ચીરી નાખવાની ધમકીઓ આપતી તે સીધી ઝાન્થુસ સામે જઈ ઊભી ને ક્રોધાવિષ્ટ ચહેરે બોલી ઊઠી. 'હું જીવતી છું ત્યાં સુધી બીજી સ્ત્રીનું તમારું સ્વપ્નું સુદ્ધાં સફળ નહિ થાય, સમજ્યા?'

થોડી જ વારમાં બધું ધુમ્મસ દૂર થઈ ગયું, અને પુનર્વિવાહને બદલે પુનરાગમનની ખુશી પ્રવર્તી રહી.

ઇસપને હવે ધીમે ધીમે પોતાની વર્તમાન હાલત પર તિરસ્કાર છૂટતો ગયો ને તેનો આત્મા મુક્તિ માટે ઝંખવા લાગ્યો. એક સમાધિ પરનું લખાણ તે ઉકેલી આપે તો તેને છૂટા કરવાનું ઝાન્થુસે વચન આપ્યું. ઇસપે આસાનીથી તે ઉકેલી આપ્યું એટલું જ નહિ પણ તેમાં નિર્દિષ્ટ સુવર્ણભંડાર પણ તેને બતાવી આપ્યો. પરંતુ ઝાન્થુસે પોતાનું વચન ન પાળ્યું. એ કિંમતી ખૂંધાને કોઈ રીતે દૂર ન કરવાનો તેનો ઇરાદો હતો. લાચાર ઇસપે એ વચનદ્રોહ વેઠી લીધો.

ત્યાર બાદ સામોસ મુકામે એક એવો બનાવ બનવા પામ્યો કે આખું ગામ ભયમગ્ન બની ગયું. એનું શું પરિણામ આવશે તે જાણવા ગામલોકોએ ઝાન્થુસને બોલાવ્યો. ઝાન્થુસનું મગજ કામ ન કરતાં એણે ઇસપની મદદ લેવાનું યોગ્ય ધાર્યું. ઇસપને એ વાતથી



ઈસપ ક્રીસનના દરબારમાં દાખલ થયો

વાકેફ કરતાં તેણે પોતાને મંત્રીસભા સમક્ષ હાજર કરવાનું કહ્યું. ઝાન્થુસે એ દરખાસ્ત સ્વીકારી લીધી.

મંત્રીસભા સમક્ષ હાજર થઇને ઇસપે પહેલી જ એ બાબત ઉપસ્થિત કરી કે એક ગુલામને ભવિષ્ય ભાખવાનો અધિકાર રહેતો ન હોઇ કાયદાનો ભંગ થવા પામે તે પહેલાં તેને મુક્ત જાહેર કરી દેવો જોઇએ. ઝાન્થુસે જોયું કે આ દાવ અચૂક હતો. ભયની મારી મંત્રીસભા એ શરત તો શું પણ ચાહે તે શરત મંજૂર રાખે તેમ હતું. એટલે ઝાન્થુસે શાણા બની કશી જિદ્દ ન કરી, એટલું જ નહિ પણ મંત્રીસભાએ ઇસપને સ્વતંત્ર જાહેર કરી તેના બદલામાં તેને આપવા માંડેલા પૈસાનો યે એણે ગર્વપૂર્વક ઇન્કાર કર્યો.

પછી ઇસપે પેલી ભયાસ્પદ બીનાનો ખુલાસો કર્યો કે ગામલોકોએ જોએલું ગરુડ શાહી પક્ષી હોઇ એ કોઇ સમ્રાટનું સૂચક છે; અને તેણે ગુલામ પર ફેંકેલી વીંટી બતાવે છે કે એ સમ્રાટને હાથે તમારી સ્વતંત્રતા ભયમાં છે.

આ ખુલાસો સાંભળી સામિયન લોકો ચિંતાતુર બની ગયા. પરંતુ કશો ઇલાજ યોજવા માંડે તે પહેલાં તો લીડિયાના રાજા ક્રીસસના એલચીઓ આવી પહોંચ્યા. સામિયન લોકો માટે બે જ રસ્તા રહ્યા. કાં તો ખંડિયા બની લીડિયાનું આધિપત્ય સ્વીકારી લેવું, ને કાં તો યુદ્ધમાં ઊતરવું.

પરંતુ ઇસપ તેમની વચ્ચે મોજૂદ હતો ને? અને ઇસપને યે મુસાફરીનો ઓછો મોહ ન હતો. ત્યારના પાશ્ચાત્ય જગતના સંસ્કારકેન્દ્ર સમું બાબિલોનિયા જોઇ વળવાનો ઉમંગ ઠેઠ નાનપણથી એને ઊઠ્યો હતો. એટલે સામોસના એલચી તરીકે ક્રીસસની મુલાકાત લેવાની દરખાસ્તનો લેશ પણ આનાકાની વિના એણે સ્વીકાર કરી લીધો. એમ કરીને તે પોતાની જાતને ભયંકરમાં ભયંકર દુશ્મનના હાથમાં સોંપી દેતો હતો એ વસ્તુસ્થિતિની યે એણે જરા યે તમા ન રાખી.

જેની દોલતમંદીની દંતકથાઓ આજ આટલા કાળે પણ સજીવ રહી છે એ ક્રીસસના દરબારમાં ઇસપ પહોંચ્યો. દરબારમાં ઠેર ઠેર જનજનાવરોનાં નક્કર બાવલાં એની નજરે પડ્યાં. સાગ ને સીસમ કરતાં યે હાથીદાંતે ત્યાં વધુ પ્રાધાન્ય મેળવ્યું હતું, અને તે પણ



ઈસપના જીવનનો અંત

મનોહારી બારીક કોતરણી સાથે. ગ્રીકના એવા તો ઝળાંહળાં ગાલીચા ત્યાં પથરાએલા કે જેના એકેક તસુએ પણ મહિનાઓનો શ્રમ માગી લીધો હતો; અને સઘળાં ઉપસ્કરમાં જવાહેરાતનો તો કઇ પાર જ ન હતો.

અનેક સંકલ્પવિકલ્પો ઇસપનું મન ઘેરી વળ્યા. એ અઢળક દોલત ને લાપરવાહ ઐયાશીના મુકાબલામાં એકએક કમનસીબી વચ્ચે થઈ વીતેલી પોતાની જિંદગીની એણે તુલના કરવા માંડી. એનો એ નિર્વેદ મામૂલી નહોતો, છતાં સમ્રાટની હાજરીમાં તો તે જેવો ને તેવો શાંત જ રહ્યો.

બધાની જેમ ક્રીસસ પણ તેનો કંગાલ દેખાવ જોઈ તાજૂબ થયો, ત્યાં ઇસપે પોતાની લાક્ષણિક ઢબે શરૂઆત કરી :

'કોઈ એક છોકરાના હાથમાં એકદા એક તીડ આવી ગયું. એ એનો ઘાત કરવાની તૈયારીમાં હતો ત્યાં પેલું તીડ ચિત્કારી ઊઠ્યું, "અફસોસ, મેં આજીવન કોઇને જ કશી ઇજા નથી કરી, કે તેમ કરવાની મારી ઇચ્છા કે ગુંજાશ પણ નથી; મને નિસ્બત છે માત્ર મારા ગુંજનથી. છતાં મારો નાશ નીપજાવીને તારા હાથમાં શું આવશે?" આ સાંભળી પેલા છોકરાનું દિલ દ્રવ્યું ને તેને આઝાદ કરી દીધું. એ જ રીતે એક બેગુનાહ જિંદગી આપને હવાલે પડી છે. મારામાં કશી શક્તિ હોય તો તે મારી ઝબાન છે, જેનો ઉપયોગ મેં સદા માનવહિતાર્થે જ કર્યો છે. આપ નામદાર તે સાંભળવા જેટલી રહેમ દર્શાવશો?'

આ નમ્રતા ને વાક્પાટવ પર ક્રીસસ ખુશ થઇ ગયો ને થોડી જ વારના સંભાષણ પછી એણે સુલેહની શરતો મંજૂર કરી. સામિયન લોકો માટે એ દિવસ એક મહોત્સવ સમાન થઇ પડ્યો ને એમણે ઇસપના માનમાં તેનું એક બાવલું ઊભું કર્યું.

આઝાદ બનેલા ઇસપે પછી તો ખૂબ મુસાફરીઓ ખેડી. છેવટે બાબિલોનના દરબારમાં પણ એણે પ્રવેશ મેળવ્યો. આમ કીર્તિપથે તે આગળ વધી રહ્યો હતો, છતાં એ બેચેન હતો. એક છૂપું દર્દ તેના દિલને કોરી રહ્યું હતું. એણે જોયું કે હરેક મનુષ્યને યૌવનસુખના શિરોબિંદુ સમી જીવનસંગિની હતી; એને તેવું કોઇ ન હતું. હરેક મનુષ્યને ઘડપણના દિલાસા સમી સંતતિ હતી; એને કશું ન હતું. જીવનનો કુદરતી આમોદ મેળવવામાં એની કુરૂપતા એને નડતરરૂપ નીવડી હતી.

છેવટ રાજાની અનુમતિ લઇ એક ગરીબ તરુણને એણે દત્તક લીધો ને પોતાના સઘળા બુદ્ધિધનનો વારસો તેને આપવા તે મથવા લાગ્યો. પરંતુ પરિણામ ઊલટું જ આવ્યું. એ બેવફા ઇસિસે પોતાના પાલક પિતા ઇસપ સામે આદરેલી બેવફાઇઓનું બયાન તો ઘણું લાંબું થવા જાય એમ છે. એવી જ એની એક બેવફાઈએ ઇસપ પર દેહાંતદંડ ઉતારેલો, જેમાંથી ખુદ જલ્લાદોએ જ એને ઉગારી લીધેલો. પછી તો રાજાને યે એની નિર્દોષતાની ખાતરી થઇ ને બાબિલોનના દરબારમાં એનો મૂળ દરજ્જો પાછો આપવામાં આવ્યો.

પણ ઇસપ ઉપર કિસ્મતની ખફા નજર હવે ઊતરી ચૂકી હતી. ડેલ્ફોસના એક પ્રજા પુરુષની ખ્યાતિ સાંભળી તે ત્યાં ગયો, પણ ત્યાં તેને એવા મતાંધોનો ભેટો થયો કે એક વાર્તાના રૂપમાં પોતાનો અભિપ્રાય જણાવી તેણે તેમને ઉકરડાના ખાતર તરીકે સંબોધ્યા. આથી ખિજાઇ ઊઠી પેલી ઝનૂની ટોળીએ પણ વેર વાળવાનું નક્કી કર્યું.

એ ટોળીમાંના એકે ત્યાંના મંદિરમાંનો સુવર્ણકળશ ચોરાવી લાવી ઇસપના સામાન ભેગો સંતાડી દીધો. ને પછી તેની જાહેરાત કરી એને દોષિત ઠરાવ્યો.

ડસપે પોતાની જિંદગી ને તેથીયે વિશેષ પોતાના ઊજળા નામને બચાવવા ઘણું કર્યું, પણ સઘળું વ્યર્થ ગયું. એના જર્જરીભૂત શરીરને એક કરાડ પર લઈ જઈ, નીચે ફેંકી, તેના ફુરચેફુરચા ઉડાડી દેવામાં આવ્યા.

આમ, એ કાળના બેહાલ ફિલસૂફ ઇસપના જીવનનો અંત આવ્યો.

શું ખરેખર એનો અંત આવ્યો? ના. એના અક્ષર જીવનનો તો એ અંતથી જ આરંભ થયો.

(Brittania & Eve માસિકમાંના કલાકાર F. Mataniaના લેખ તથા ચિત્રો ઉપરથી)

સાબરમતિયાના સપાટામાં

સાબરમતીને શાન્ત તીરે વાડજ ગામની નજીકમાં એક ગોશાળા આવી હતી. તેને અંગે થોડીઘણી ખેતી પણ ચાલતી. ગાયો, વાછરડાં, ખેતરો વગેરેથી દૃશ્ય બહુ રળિયામણું લાગતું.

એક વાર પંડાશમાં એક મરણ થયું. વાડજને આરે શબની દહનક્રિયા કરવાની હતી. લાકડાં વગેરે લઈને બધા દાહભૂમિ પર પહોંચ્યા. હું ગોશાળામાં મારા કામ પર હતો. ત્યાં થોડી વાર પછી એક છોકરાએ આવી ખબર દીધા કે લાકડાં ખૂટી પડ્યાં છે ને બીજાં વધુ જોઈશે.

'જયમલ!' મેં મારવાડી છોકરાને હાક મારી. રબારીએ કહ્યું કે જયમલ તો શહેરમાં ગયો છે.

રબારીને દોહવાનું ચાલુ રાખવાની સૂચના આપી હું લાકડાના ઢગલા તરફ ગયો. જોઈતાં વધુ લાકડાં જુદાં કાઢ્યાં. પછી વળ્યો રેંકડી લેવા. રેંકડી તો લીધી, પણ બળદ ગયો હતો શહેરમાં. મેં બીજલને કાંઈક તોડ કાઢવાનું કહ્યું.

'આ સાબરમતિયો છે, જો તમારા હાથમાં રહે તો.' તેણે મારું ધ્યાન મુશ્કેલી તરફ ખેંચતાં કહ્યું.

સાબરમતી ગાય જાતવંત હતી. એનો વાછરડો એટલે તોફાનીઓનો સરદાર. ભાર ખેંચવાની રેંકડીમાં એને જોડવો એ એનું અપમાન હતું. એટલે એને બેસવાની હલકી રેંકડીમાં જોડતા. રેંકડીમાં હાંકનાર બેસે ન બેસે ત્યાં તો તે તરવર તરવર કરતો ઊપડ્યો જ હોય! ગળે ઘૂઘરો ઘમકતો હોય અને માથું તાલબંધ નાચતું હોય ત્યારે સમજવું કે રેંકડીમાં સાબરમતિયો જૂત્યો છે. એ જયમલનો હાથ વરતી ગયો હતો.

મેં ધીરુની સાથે રેંકડીમાં બારે બારે લાકડાં ખડક્યાં. ધીરુ તે પર ચડી બેઠો. હું હાથમાં રાશ લઈને હજી બેઠો ન બેઠો, ત્યાં રેંકડીનાં પૈડાં ફરવાં શરૂ થઈ ગયાં.

બંને બાજુ ખેતરો મૂકતા અમે થોડી જ વારમાં સડક પર આવી પહોંચ્યા. એની સાથે જ સાબરમતિયાએ તેતરની ચાલે ગાડી ઉપાડી.

હું ફૂટતી મૂછનો જુવાનિયો હતો. ધીરુ મારા કરતાં ચાર વરસ નાનો હતો. મને થયું કે ગાડીની ગતિ વધવી જોઈએ. ધીરુને પણ દોડતી ગાડી ઉપર બેસવું ગમતું તો હતું જ. મેં ડચકારો કર્યો અને સાબરમતિયાની પીઠ ઉપર અંગુઠા અને તર્જનીનો ચીપિયો ભરાવ્યો. થઈ રહ્યું. ધુંવાંફુંવાં કરતો સાબરમતીનો વત્સરાજ ચારે પગે ઊછળતો ઊપડ્યો.

બપોરનો વખત હતો. આશરે બે વાગ્યા હશે. સડક સુમસામ હતી. હું રાશ તાણીને બેસી રહ્યો. ધીરુ પણ સંભાળીને બેઠો. મને થયું કે જયમલ જ આને વશમાં રાખી શકે એમ થોડું છે! છોને પૂરપાટ જતો!

દૂધેશ્વર મહાદેવનું દેવાલય સડસડાટ કરતું વટાવ્યું. પણ આ શું? રાશ ઢીલી કાં? જોઉં તો રાશ નાથમાંથી વછૂટી ગઈ. મને ધ્રાસકો પડ્યો. બળદને કાબૂમાં રાખવાનું એકમાત્ર સાધન જતું રહ્યું. ડચકારો ખાઈને સાબરમતિયો અપમાનિત તો થયો હતો, પણ હવે તો તે અક્ષરશઃ ઉદ્દામ બન્યો. તેનાં નસકોરાં ફૂલી ગયાં, આંખો ફાટી રહી અને ચારે પગે ઊછળતો રેંકડીને રમકડાની જેમ ખેંચતો તે સીધો સડકે ધસ્યો જતો હતો. સામે જો કોઈ મોટર આવી હોત તો વાડજના આરા ઉપર એકને બદલે બે કે ત્રણ મડદાં કદાચ સાથે જ બળત. ચન્દ્રભાગાનો લોખંડી પુલ પણ અમે આમ ને આમ વટાવ્યો. પણ હવે તો ઊલટું વસમું થયું. પુલથી તે વાડજ ગામ સુધી ઊંચી સડકની બંને બાજુ ખાઈ જેવી જમીન હતી. સામે કોઈ આવતાં બેલા વિફરેલો બળદ કદાચ બાજુએ તરે તો પણ અમે બધા જ ખાડમાં ગબડી પડીએ. બળદની ભૈરવજપ ખાવાની ઇચ્છા હોય એમ તો લાગ્યું નહિ, પણ તેણે પોતાની

બેરવદ્દોડ મોળી પાડી નહિ. હું તો કૂદી પડું એમ હતું, પણ નાના ધીરૂનું શું થાય! અને એને આ ગાંડા પલીતને ભળાવીને મારાથી જવાય પણ ક્યાં!

'ધીરૂ, કૂદી પડ! પાછળ હું યે પડું છું.' મેં ધીરૂને બૂમ મારી. પણ ધીરૂ કૂદી શક્યો નહિ.

સડકે ચક્રાવો લેવો શરૂ કર્યો. એ ચક્રાવા પછી ઉલટી દિશામાં તે બીજો ચક્રાવો લેતી હતી. સામેથી મોટર ક્યારે આવશે તે જાણવું શી રીતે! આમ ને આમ આ સાગરમતિયો ક્યાં લઇ જશે!

મને છેલ્લો ઉપાય સૂઝ્યો. એમાં નર્યાં આંધળિયાં જ હતાં. નાસતી ઝોળાતી રેંકડી પરથી હું નીચે ઠેકી પડ્યો. સાગરમતિયા સાથે હવે મેં દોડવું શરૂ કર્યું. થોડી જ પળોમાં તેનાથી હું આગળ નીકળવા લાગ્યો. પોતાથી મને આમ આગળ જતો જોઈ તેણે વધુ ભૂગયા થઇ દોડવા માંડ્યું. પણ રેંકડીએ ગતિવિઘ્નની ગરજ સારી. હું તેનાથી આગળ નીકળી ગયો અને તેના રસ્તાની વચ્ચોવચ્ચ ખેતરના ચાડિયાની જેમ બે હાથ પહોળા કરીને ઊભો રહ્યો. સાગરમતિયો દેમાર કરતો નજીક આવ્યો, એટલે મારામાં હતું તેટલું જોર વાપરીને મેં હાકલો કર્યો 'હે... એ... એ...' તેને હવે જવા ન દેવાનું મેં નક્કી કરી રાખેલું. જો તે મારી સામે ધસીને મને બાજુ પર કરવા માગે તો તરીને તેની નાથ ખેંચી તેને રોકવાનું મેં ધાર્યું હતું.

રસ્તા વચ્ચે ચાડિયો જોઈ તે તોફાની ચમક્યો. મને તરીને જવાનો તેણે પ્રયત્ન કર્યો. તેમ કરવા જતાં તે સડક પરથી નીચે ઢાળ તરફ ઊતરી પડ્યો. અહીં ઢાળમાં માટી અને રેતી હતી. પૈડાંઓ તેમાં ઊતરવા લાગ્યાં. વિફરેલો સાગરમતિયો ડાહ્યો બનીને ઊભો રહ્યો. ઊંડી ખાડ તો સડકની જમણી બાજુ પર હતી; અમે ઊતરી પડેલા સડકની ડાબી બાજુ પર. એટલે બહુ જોખમ હતું નહિ.

લાકડાં આપીને પાછા વળતી વખતે સાગરમતિયાને હું બહુ સન્માનપૂર્વક પાછો લાવેલો. **તનસુખ ભટ્ટ**

એક વિમાનીઃ એક વખત તો હું એટલો ઊંચો ઊડી ગયો હતો કે વિમાન ચન્દ્રને અફળાઇ પડવાની બીક લાગેલી.

બીજો વિમાનીઃ (ગપ્પુ પરખી જઇને) વાહ, પણ એ વખતે ચન્દ્ર પર કોઈ માણસ જોએલો ખરો?

પહેલો વિમાનીઃ (પોતાનું ખરૂં ઠરાવવા) હા, હા.

બીજો વિમાનીઃ ના દોસ્ત, એ માણસ હું પોતે હતો!

ભૂતકાળની

* અંક ૧૯૭૭ને અનુસંધાને ચાલુ *

દિવસ ઢળ્યો. સંધ્યા સુંદરી પશ્ચિમને ગોખે બેસી પ્રિય પ્રભાકરને વધાવવા આકાશમાં સોનું વેરવા લાગી. ઘડીકમાં કેરડાની ઝાડીઓ તો ઘડીકમાં નાગફળીની કિલ્લેબંધીવાળાં ખેતરો વટાવતા વટાવતા હું અને બેચરલાલ (મારો મજૂર) વ્યાઘ્રપલ્લી (વાઘેલ)નો પંથ કાપતા હતા.

એક ઝાડી વટાવી અમે બહાર આવ્યા કે નજર સામે એક ઘણા વિશાળ ને શાંત સાગરનું દૃશ્ય આવીને ખડું થયું. આ શું! ઉત્તર ગુજરાતની અધવચ્ચે આ સમુદ્ર ક્યાંથી! જેમજેમ હું નજીક પહોંચતો જતો હતો, તેમતેમ મારૂં આશ્ચર્ય વધતું જતું હતું. લીલી ઓઢણી ઓઢીને એને કાંઠે બેઠેલી વનરાજિનું પ્રતિબિંબ એવું આબેહૂબ દેખાતું હતું કે કેમ જાણે અરીસામાં જ ન પડતું હોય! વળી, આ સાગરમાં હોડીઓ કે વહાણોમાં બેસીને ચાલવાને બદલે, માણસો એની સપાટી ઉપર ચાલ્યા જતાં હતાં' સાથે કેટલાંક ઢોરો પણ હતાં. તેમની નીચે પડતા જતો તેમનો આબેહૂબ પડછાયો દૃશ્યને બેવડાવી રહ્યાં હતો. પૃથ્વી ઉપર આવું દૃશ્ય તો ફક્ત ઉત્તર ધ્રુવમાં જ દેખાઈ શકે. જ્યાં તેના થીજેલા સાગરોની સપાટી ઉપર એસ્કિમો લોકોના કાફલાઓ આવજા કરતા હોય છે.

આ જોઈ આશ્ચર્યથી મારી ચાલ ધીમી પડી ગઇ. એટલામાં તો પાછળ રહી ગયેલો બેચરલાલ આવી પહોંચ્યો ને બોલ્યોઃ 'સાહેબ, આ રણ જોયું!' આ શબ્દોએ પળવારમાં મારો ભ્રમ ભાંગી નાખ્યો.

'એનો વિસ્તાર કેટલો?' મેં પૂછ્યું.

'એ તો ઘણું મોટું છે. જુઓ તો, સામે ક્યાંય કાંઠો પણ કળાતો નથી. માતાજી (બેચરાજી)થી માંડી છેક મોટા રણ (કચ્છના નાના રણ) સુધી એ ચાલ્યું ગયું છે. વાઘેલથી લોટેશ્વર જતાં એ વટાવવું પડશે.'

રણ બે પ્રકારનાં હોય છે; રેતીનાં ને ખારાં. ખારાં રણ દરિયો સુકાઇ જવાથી બને છે. એમાં દેખાતાં મૃગજળ પરથી ખારાં રણ દૂરથી ઓળખાઇ આવે છે. જ્યારે રેતીનાં રણમાં મૃગજળ અમુક સંજોગોમાં જ

શોધમાં. . .ઉત્તર ગુજરાતનાં પ્રાચીન ઇતિહાસ-કેન્દ્રોનો પુરા-સંશોધનની દૃષ્ટિએ પગપાળા કરેલો એક પ્રવાસ

અને તે પણ ખારાં રણના કરતાં જુદા પ્રકારનાં દેખાય છે. આ ખારું રણ જોઈ મને વિચાર આવ્યો કે ત્યારે શુ પ્રાચીનકાળમાં કચ્છના રણ—અખાતની એક પટ્ટીવઢીઆર પ્રદેશને વીંધતી છેક એચરાજી સુધી જઈ પહોંચતી હતી? *

થોડી વારમાં તો ઊંચાઊંચા ટેકરાઓની એક હાર-માળા નજીક આવી, રણનો બનાવટી સાગર એની પાછળ સંતાઈ ગયો અને સામે વાઘેલનાં ખોરડાં દેખાવાં લાગ્યાં.

વાઘેલનો પૂર્વ-ઈતિહાસ

ટેકરાઓને જોઈ મને વિચાર આવ્યો કે સોલંકી-ઓના સુવર્ણયુગની જાહોજલાલીવાળા વ્યાઘ્રપલ્લીની ભવ્ય મહેલાતો આ ટેકરાઓ તળે દટાએલી પડી હશે. સોલંકીઓની જ એક શાખાના વંશજો અને તેમના ઉત્તરાધિકારી વાઘેલાઓનું એ મૂળ પાટનગર હતું. નગર તો હવે નાશ પામ્યું છે, પણ તેમની અવટંક 'વાઘેલા' સાથે એનું નામ અમર બની ગયું છે. 'વાઘેલા' શબ્દ ઉપરથી તથા આ લેખમાં આગળ આપું છું તે પ્રમાણને આધારે જણાય છે કે મૂળથી જ એ ગામ 'વાઘેલ' નામે ઓળખાતું હતું. જો એનું અસલ નામ 'વ્યાઘ્રપલ્લી' હોત તો વાઘેલાઓ પણ 'વ્યાઘ્રપલ્લા' કહેવાયા હોત. પ્રબંધકારોએ પોતાની ટેવ પ્રમાણે વાઘેલ નામને સંસ્કારી ને વ્યાઘ્રપલ્લી લખ્યું છે. શ્રી સ્થળ-પ્રકાશમાં એનું નામ 'વ્યાઘ્રોલી' લખેલું મળે છે. 'વ્યાઘ્ર' એટલે વાઘ અને 'પલ્લી' એટલે નેસડા. કાં તો એના વનમાં પૂર્વે વાઘ ઘણા હશે ને કાં આને વસાવનાર મૂળ વ્યક્તિનું નામ વ્યાઘ્રરાજ કે વાઘજીનાં જેવું કાંઈક હશે. આ બે તર્ક એની ઉત્પત્તિ વિષે સંભવે છે.

પાટણથી પંચાસરના પ્રાચીન માર્ગ ઉપર વાઘેલ આવેલું છે. સોલંકી કાળમાં આ રસ્તે પાટણ જતાં છેલ્લો, ને વળતાં પહેલો મુકામ વાઘેલમાં કરવો પડતો. આ વસ્તુસ્થિતિ જ વાઘેલના વસવાટ માટે કારણભૂત બની હોય એમ લાગે છે. વનરાજે ઈ. સ. ૭૪૬માં પાટણ વસાવ્યું ત્યારથી જ એ રસ્તો ચાલુ થયો હતો, એટલે એ જ સમયે વાઘેલ વસ્યું હશે. આ એક તર્ક માત્ર છે, જેના માટે કોઈ પ્રત્યક્ષ પુરાવો હાલ ઉપલબ્ધ નથી.

વાઘેલને લગતો જૂનામાં જૂનો ઉલ્લેખ મૂળરાજ (ઈ. સ. ૯૪૨–૯૯૭)ના વખતનો મળે છે. શ્રી સ્થળ પ્રકાશ (પૃ. ૨૬૨)માં લખેલું મળે છે કે મૂળરાજે ઉત્તર હિંદથી બોલાવેલા ઔદીચ્ય બ્રાહ્મણો (આ નામ પાછળથી વપરાયું છે) ને ઉત્તર ગુજરાતમાં જે ઘણાં ગામો દાનમાં આપેલાં તેમાં 'સરસ્વતીને કાંઠે આવેલા મા-તરવાડાથી છ યોજન દૂર વ્યાઘ્રોલી નામની સુંદર નગરીનો પણ સમાવેશ થયો હતો.' એ બાજુ હજી પણ કેટલાંયે ગામડાં માત્ર ઔદીચ્ય બ્રાહ્મણોની જ વસ્તીવાળાં છે. બીજો બનાવ સિદ્ધરાજ (ઈ. સ. ૧૦૯૪–૧૧૪૩)ના વખતનો મળે છે. સિદ્ધરાજ સાથે જેનું

*'કુમાર'ના ૨૦૦મા અંકમાં શ્રી રામસિંહજી રાઠોડનો કચ્છના રણ ઉપર એક ઘણો સરસ લેખ આવ્યો છે. કચ્છનું રણ એ હિંદની ભૂગોળની એક અજાયબી છે. ગુજરાતનાં ભૂસ્તર, ભૂગોળ, પુરાતત્ત્વ અને ઇતિહાસના કેટલા યે કોયડા એની ખારી રેતીમાં દટાએલા પડ્યા છે. હજુ એનું શાસ્ત્રીય અવલોકન થયું નથી. ગયે વર્ષે મોટા રણમાં મળી આવતાં થોડાંક નવીન પ્રકારનાં પક્ષીઓ સંબંધેની તપાસ હિંદી સરકારનું પ્રાણિશાસ્ત્ર-ખાતું કરી ગયું છે. હવે રણ પ્રત્યે ગુજરાતનું ધ્યાન ખેંચાયું છે એ હર્ષની વાત છે. વર્ણનની દૃષ્ટિએ એ લેખ ઘણો સારો છે. એમાં કચ્છના ભૂસ્તરના Tertiary અને Post–tertiary યુગોમાં બનેલા બનાવોને એક જ પ્રકારના ગણી તેમજ થોડાંક છૂટાંછવાયાં ઐતિહાસિક પ્રમાણોનો ટેકો લઈ લેખકે એવો મત બાંધ્યો છે કે કચ્છનું રણ પૂર્વે સમુદ્ર ન હતું, પણ લીલોછમ ભૂપ્રદેશ હતો. દશેક વર્ષ પર રા. ડુંગરશી સંપટે પણ એવી જ માન્યતા દર્શાવતો એક લેખ 'શારદા'માં લખ્યો હતો. આ મત રણ વિષેની પ્રચલિત માન્યતાની તદ્દન વિરુદ્ધ જાય છે અને હું તે સાથે સંમત નથી. ભૂસ્તર, ભૂગોળ, પુરાતત્ત્વ, ઇતિહાસ અને અંગત નિરીક્ષણોના આધારે એના પૂર્વ ઇતિહાસને લગતાં મારાં સ્વતંત્ર મંતવ્યો આ લેખમાળામાં આગળ ઉપર રજૂ કરવા મારો ઈરાદો છે.



સગપણ થએલું તે રાણકદેવીને જુનાગઢનો રા'ખેંગાર પરણી ગયો હતો. પાટણથી જૂનાગઢ માટીનાં વાસણો ને રમકડાં વેચવા ગએલા વાઘરીઓ આ સમાચાર લઈ પાટણ આવતાં વાઘેલમાં રાત રહ્યા હતા. ત્યાં સિદ્ધરાજના દસોંદી ભાટ તેમને મળ્યા અને ભાટોએ એ સમાચાર તરત સિદ્ધરાજને પહોંચાડ્યા. સિદ્ધરાજે તાબડતોબ સોરઠ ઉપર ચઢાઇ લઇ જવાની તૈયારી કરવા બાબરા ભૂતને બોલાવ્યો અને પોતાનું લસ્કર લઇ તે વાઘેલ ગામ આગળ તેને મળે એમ કહ્યું. સિદ્ધરાજ સૈન્ય લઇ ઊપડ્યો. પહેલો મુકામ વાઘેલમાં કર્યો ત્યાં બાબરો પણ પોતાનું ભૂતાનું લસ્કર લઈ આવી મળ્યો. સૈન્યને પૂરું થાય એટલું અહીં પાણી ન હતું એટલે ત્યાં એક સરોવર ખોદી નાખવા સિદ્ધરાજે બાબરા (બર્બરક)ને આજ્ઞા કરી. બાબરાની ભૂતાવળે એક રાતમાં જ એક વિશાળ સરોવર ખોદી સ્થાપત્યથી શણગારી–કરી, પગથિયાં બાંધી, સિદ્ધરાજને સોંપી દીધું (રાસમાળા). સાર એ કે સિદ્ધરાજે સોરઠ ઉપર આક્રમણ લઇ જતી વખતે વાઘેલનું તળાવ ખોદાવ્યું હતું. આ બનાવની સાલ હજી નક્કી નથી થઈ.

સિદ્ધરાજ પછી કુમારપાળનો જમાનો આવ્યો ને વાઘેલનાં નસીબ પૂરેપૂરાં ઊઘડ્યાં. કુમારપાળ (ઇ. ૧૧૪૩–૧૧૭૩)નો ધવલ નામનો એક માસો હતો. તેને અર્ણોરાજ ઉર્ફે આનાક નામનો એક પુત્ર હતો. એણે કુમારપાળની ઘણીસારી ચાકરી બજાવેલી, એટલે કુમારપાળે તેને વ્યાઘ્રપલ્લી ગામ ગરાસમાં આપી દીધું.* આનાક પણ સોલંકી વંશનો હતો, પણ તેને વાઘેલનો ગરાસ મળવાથી પાટણના સોલંકી વંશથી પોતાના વંશને જુદો ઓળખવા તે વાઘેલો કહેવડાવા લાગ્યો.

કુમારપાળ પછી અજયપાળ અને બાળ મૂળરાજે અનુક્રમે ત્રણ અને બે વર્ષ પાટણની ગાદી ભોગવી. આ પછી ઇ. સ. ૧૧૭૮માં બાળક ભીમદેવ બીજો ગાદીએ બેઠો. એ દરમિયાન વાઘેલમાં આનાક પણ મરણ પામ્યો હતો અને તેનો પુત્ર લવણપ્રસાદ વાઘેલનો કારભાર સંભાળતો હતો. આ વખતે વાઘેલ તેની ઉન્નતિની પરાકાષ્ટાએ પહોંચ્યું હશે. ફૉર્બ્સે પોતે વાઘેલમાં જોએલા એક ઉત્કૃષ્ટ મંદિરની વિગત રાસમાળામાં નોંધી છે.§ આ અને વાઘેલની બીજી ભવ્ય ઇમારતો એ જ અરસામાં ચણાઇ હશે. આ વખતે ભોળા ભીમના સગીરપણાનો લાભ લઈ તેના કેટલા યે સામંતો સ્વતંત્ર થઈ બેઠા હતા. લવણપ્રસાદ તો જો કે ભીમને વફાદાર રહ્યો, પણ પોતાની જાગીરનું રાજ્ય વઢીઆરની પેલી મેર છેક બોલ સુધી વિસ્તારી દેવાનું તે પણ ચૂક્યો નહિ. ઈ. સ. ૧૨૦૦ની (અનુસંધાન આગળ પૃ. ૫૨૦મે)

---

* પ્રબંધચિંતામણિ પૃ. ૧૯૯; સુકૃતસંકીર્તન, સર્ગ ૩.

§ 'વાઘેલમાં એક દેવાલય છે, તેને એક માળ જેટલી ઊંચાઇનો ખુલ્લો મંડપ છે. તેના ઉપર ઘુમટ છે, ત્રણ દ્વારમંડપ છે. અને એક શિખરવાળો ગભારો છે.' (રાસમાળા–૧, પૃ. ૩૫૪).




બોધિસત્ત્વ પદ્મપાણિ

અજંતા ગુફા નં. ૧ની અંદરની ભીંત પરના જગવિખ્યાત ભાવપૂર્ણ ચિત્રની
શ્રી સરખિસ કચાદોરિયાંએ ઉતારેલી આબેહૂબ અનુકૃતિ

ઊંટ

બહારના આકાર જેટલું જ શરીરની આંતરરચનામાં પણ પ્રાણીમાત્રમાં સૌથી કઢંગું

દેખાવે બેડોળ છતાં ઉપયોગે અનુપમ દુનિયાનું સૌથી પુરાણું પાલિત પશુ



અઢારે વાંકાં અંગવાળા ઊંટથી ચડી જાય એવું બેડોળ અને બેવકૂફ બીજું કોઇ પ્રાણી કદાચ સરજનહારની સૃષ્ટિમાંથી નહિ મળે. કઢંગી રફતાર, બેઢંગ બેડક ને વિચિત્ર ખાસિયતો વડે એ આપમેળે આપણું લક્ષ દોરે છે. અને એકલી બાહ્ય ખાસિયતોથી જ નહિ, શરીરની આંતરરચનામાં પણ બીજાં પશુઓથી એ જુદું પડે છે. બધાં જ સ્તન્ય પ્રાણીઓ (Mammals)ના લોહીમાં લાલ કણો ગોળાકાર હોય છે, ત્યારે એકલા આ ઊંટના જ અંડાકાર હોય છે. વળી, એના શરીરનું ઉષ્ણમાન પણ હવામાનના રોજિંદા ફેરફાર પ્રમાણે બદલાતું રહે છે.

હાથીદાંત જેવા બંધારણનાં મજબૂત હાડકાંવાળાં લાંબાં અંગો તથા સસલાની પેઠે ઉપલા હોઠમાં ફાટ ધરાવતા આવા વિચિત્ર પ્રાણીનો વર્ગ (Camelidae) પૂર્વના અને પશ્ચિમના એવા બે ગોત્રમાં વહેંચાએલો છે. પૂર્વના ગોત્રને પીઠ પર ખૂંધ હોય છે, જે પશ્ચિમના ગોત્રને નથી હોતી. એની કુલ છ જાતો વિજ્ઞાનીઓ ગણાવે છે. એશિયાની બે જાતઃ અરબી અને બાક્ટ્ર (બૅક્ટ્રીયન) અને દક્ષિણ અમેરિકાની લામા, આલપાકા, ગુઆનાકો અને વિકુના એ ચાર જાતો. છેલ્લી ચાર જાતો પ્રાગૈતિહાસિક કાળમાં લગભગ આખા ઉત્તર અમેરિકામાં ફેલાએલી હશે, પણ હાલ તો દક્ષિણ અમેરિકામાં જ તે મર્યાદિત રહી છે.


અરબસ્તાની ઊંટ

ઝાંખા ધૂળિયા રંગનું (જોકે ક્યારેક સફેદ, ભૂખરા કે કાળા રંગનું પણ મળી આવે છે) અરબી ઊંટ તો કદાચ દુનિયાનું સૌથી પુરાણું પાલિત પશુ હશે. એના પગ ખૂબ લાંબા હોય છે ને ખભા સુધીની તેની ઊંચાઇ સાત ફૂટ થવા જાય છે. વાળનો પાતળો થર ને બહિર્ગોળ ભાલપ્રદેશ ધરાવતી આ જાત (Camelus dromedarius) ઉત્તર આફ્રિકા, સોમાલીલૅન્ડ, સીરિયા, એશિયા માઇનૉર, અરબસ્તાન, ઈરાન અને હિંદુસ્તાનમાં મળી આવે છે; જોકે હવે તો ઑસ્ટ્રેલિયા, ઉત્તર અમેરિકા, ઇટાલી, સ્પેન ને જંગબારમાં યે તેની આયાત થઇ છે.

ઉપલા અને નીચલા જડબામાં મળી આ ઊંટને ૩૪ દાંત હોય છે. 'ઊંટ મેલે આકડો ને બકરી મેલે કાંકરો' એ કહેવત જે આપણામાં પડી છે તે બિલકુલ સાચી છે. બીજાં પ્રાણીઓ સૂકા પ્રદેશની જે વનસ્પતિઓ સૂંઘે પણ નહિ તે બધી ઊંટને કામ આવે છે. એના મોંની રચના એવી છે કે ગમે તેવી કાંટાળી વનસ્પતિ પણ તેને બાધકર્તા નથી નીવડતી.

એને એક જ ખૂંધ હોય છે અને તે ખોરાક વડે બંધાય છે. ઘણા માને છે તેમ એ હાડકાંની નહિ, પણ ખોરાકમાંના સ્નિગ્ધ દ્રવ્યો વડે ઊંટ શરીરમાં જે ચરબીનો ભરાવ કરે છે તેની બનેલી હોય છે. મુસાફરી લાંબી અને સખત તથા ખોરાક વગરની હોય તો તેનું શરીર એ ચરબીનો વપરાશ કરતું આવે છે. પરિણામે તે ખૂંધ ધીમે ધીમે ગળતી જાય છે, ને ક્યારેક તો સમૂળગી અદશ્ય થઇ જાય છે. અરબસ્તાન બાજુ એની ખૂંધ બાંધવા સારૂ એને ખજૂર સાથે જવનો ખોરાક આપવામાં આવે છે.

ચાહે તેવી ઊંડી રેતી કે તાપને અનુકૂળ હોવાથી આ પ્રાણીને યોગ્ય રીતે જ 'રણનું વહાણ' કહેવામાં આવ્યું છે. એનું બળ ઘોડાથી બમણું લેખાય છે. તે એટલું શ્રમસહ પ્રાણી છે કે માઇલોના માઇલો સુધી ચાલતાં તેને થાક નથી લાગતો. ફાટવાળા પગનાં બીજાં પ્રાણીઓ કરતાં એને પગે બહુ ઓછી ફાટ હોય છે; પગના છેવાડાનાં આંગળાં જ માત્ર નોખાં છે ને તે પર બખ્તર જેવા નખ હોય છે. પગને તળિયે પહોળી સ્થિતિસ્થાપક ગાદી હોય છે જે વડે ચાહે તેવી પોચી રેતી પર પણ તે આસાનીથી ચાલી શકે છે. એની ઝડપ સામાન્યતઃ કલાકે ત્રણ માઇલ લેખાય છે, પણ એમાં સવારી માટેની જ જે સાંઢણી આવે છે એની




અરબસ્તાની ઊંટ અને તેનું બોતડું

ઝડપ તો કલાકે આઠથી દસ માઇલ લેખાય છે, અને એ ઝડપ છત્રીસ કલાક સુધી તો એ સતત જાળવી શકે છે, જે બીજા કોઇ પણ પ્રાણી માટે મુશ્કેલ છે.

એના ઘૂંટણ પરની ગાદી પણ એને સહાયક છે. એને લઇને ગમે તેવી બળબળતી રેતી પર ઘૂંટણિયે પડતાં એને કશી ઇજા નથી થતી. એના હોઠ લાંબા ને વાળથી રક્ષાએલા હોય છે, જ્યારે આંખો પણ ઉપસેલાં ભવાંથી રક્ષાએલી હોઇ સૂરજના સીધા પ્રકાશ સામે બચાવ આપે છે. અને એની લાંબી, જાડી ને મુલાયમ પાંપણો ચકચકતી રેતી પરથી પરાવર્તિત થતા પ્રકાશ સામે યે તેને રક્ષણ આપે છે. એને એક વધારાનું પોપચું છે અને તે પારદર્શક છે, એટલે રેતીના તોફાનમાં તે આંખ પર એ ઢાંકી દે છે, અને પોતાનાં લાંબાં તથા સાંકડાં નસકોરાં પણ બીડી દે છે. આથી આવાં તોફાનમાં બીજાં પ્રાણીઓ જ્યાં મરી જાય છે ત્યાં ઊંટ મોં આંખ ને નાક બંધ કરી લાંબું થઇ પડી રહે છે અને તોફાન પસાર થતાં ચાલતું થાય છે!

ઊંટ પાણીથી બહુ ત્રાસે છે. એને તરતાં પણ નથી આવડતું, એટલે ઘૂંટણપૂર પાણીમાં પગ મૂકતાં પણ એ બહુ બીએ છે. એના પર બેસવા માટે પણ



ડાબી બાજુ–બીજાં પ્રાણીઓ કરતાં ઓછી ફાટવાળો ઊંટનો પગ અને રેતીપર ચાલવાની સરળતા કરી આપતા તેના ગાદીવાળા ભાગ જોડે પગનાં હાડકાંનો સંબંધ બતાવતું ચિત્ર; જમણી બાજુ–ઊંટના પેટમાં રહેલી પાણીની કોથળીઓ.

ખાસ તાલીમની જરૂર છે. એનાં અંગના હલન સાથે જ આપણાં અંગ પણ હાલવાં જોઇએ, નહિતર બધાં અંગ રહી જાય. તેમાં યે ભારના ઊંટ પર તો કદી ન બેસવું. ઘોડાઓમાં જેમ શરતના ઘોડા કેળવવામાં આવે છે તેમ જ ઊંટોમાં ચડીના (સવારીના) ઊંટ કેળવવામાં આવે છે. એવા ઊંટ પર કાઠું નાખીને બેસતાં ખાસ હરકત નથી આવતી. જો કે ભોપાઓ તો કાઠું પણ નાખ્યા વગર એના બાંડા પર એકલી ગોદડી નાખી માઇલોના માઇલો ફરી આવે છે. આપણા અહીંના ઊંટોમાં થર (સિંધ)ના ઊંટ ખાસ વખણાય છે.

વાગોળનારાં બીજાં પ્રાણીઓની પેઠે જ ઉદરરસથી ભીંજવીને ઊંટ પોતાનો ખોરાક ફરી ચાવે છે. એનું પેટ ચાર વિભાગમાં વહેંચાએલું હોય છે. એમાં ચોથા વિભાગમાં પાચક રસગ્રન્થીઓ આવેલી હોય છે. એના બીજા વિભાગમાં પાણીની કોથળીઓ હોય છે. તેમાંની મોટામાં મોટી પણ ત્રણ ઇંચથી મોટી નથી હોતી. પણ એ કોથળીઓ એટલી બધી હોય છે કે એ બધી ભરાઇ જતાં ઊંટ અનેક દહાડા પાણી વગર ખેંચી શકે છે. એ કોથળીઓ પરના નિયંત્રક સ્નાયુઓ જરૂર પડ્યે શરીરને પાણી પહોંચાડે છે. પાણીના આ સંઘરાને લીધે રણમાં પાણી વગર તરફડી મરતા ઘણા મુસાફરો ઊંટને મારી આ પાણીથી તરસ છિપાવે છે. સામાન્યત: તો એવી સ્થિતિ આવતાં તેઓ કાફલામાંના એકાદ ઊંટને છૂટો મૂકી દે છે અને બાકીનો કાફલો એના પાછળ દોરાતો જાય છે. એની જલઘ્રાણ (પાણીની ગંધ લેવાની શક્તિ) એટલી ચોક્કસ અને તીવ્ર હોય છે કે તે આખરે જલસ્થાન શોધી કાઢે છે.

ઘૂંટણ સિવાય કોણી, કાંડાં ને છાતી પર પણ ઊંટને માંસલ ગાદીઓ (callous pads) હોય છે. એના કાન ટૂંકા, ગોળ ને માથાના છેક છેવાડાના ભાગે આવેલા હોય છે. વાળ બહુ આછા હોય છે, પણ માથાનો પાછલો ભાગ, ગરદન, ગળું, ખભા, ખૂંધ તથા આગલા પગના ઉપરના ભાગમાં તે વધારે પ્રમાણમાં હોય છે. એની પીઠ બાંડા સુધી સુસ્થિત અને ત્યાંથી પછી એકદમ પૂછડી તરફ ઢળી પડે છે. પૂછડી ટૂંકી અને તેને છેડે વાળનો ગુચ્છો હોય છે. ખૂંધ મોટે ભાગે ઊભી હોય છે, પણ વય ને સંજોગો પ્રમાણે તેના આકારમાં ફેરફાર થાય છે. એની ચાલ કઢંગી હોવાનું કારણ એના એકી પડખાનાં બંને પગ સાથે ઊપડે છે એ છે.

અગિયાર મહિનાના ગર્ભધારણ પછી માદા એક બચ્ચાને જન્મ આપે છે. જન્મ વખતે બોતડાની ઊંચાઇ ત્રણેક ફૂટ હોય છે ને તેને ખૂંધ નથી હોતી. એક વરસ સુધી તે ધાવે છે. ચારેક વર્ષની વયે પહોંચતાં એના પર બોજો લાદવાની શરૂઆત કરવામાં આવે છે. ૧૭ની વયે પહોંચતાં તે પુખ્ત થયું લેખાય છે. તેની સામાન્ય આવરદા ૪૦ થી ૫૦ વર્ષની ગણાય છે. ઊંટડીનું દૂધ પુષ્ટિકર હોવા સાથે ખૂબ ઘટ્ટ હોય છે, એટલે ઝાઝો વખત રહી શકતું નથી. બહુ વાર રહેવા પામે તો એમાં ફોડા પડી જાય છે.

સંવનનકાળમાં તો ઊંટ લગભગ ગાંડો બની જાય છે. ખૂબ તાડૂકે છે, જેને તેને બચકાં ભરવા માંડે છે, ને મોંમાંથી તાળુ સાથે ફીણના ગોટેગોટ બહાર કાઢે છે. એના માલિકો એ વખતે એના મોં પર સીંદરીનો મોરીઓ બાંધી દે છે. દૂધ ઉપરાંત ઊંટનું માંસ પણ કેટલેક ઠેકાણે ખવાય છે. એનાં લીંડાંનું બળતણ થાય છે, એના વાળના કામળા, રાંઢવાં વગેરે બને છે ને એના ચામડાની મશકો તથા કુપ્પીઓ બને છે.

પરંતુ ઊંટ જાતે તો નુગરૂં પ્રાણી છે. એના પર એ સહી શકે તેથી વધુ ભાર લાદવામાં આવ્યો હોય તો ગમે તેટલા ઉપાયો છતાં એ ઊભો જ નથી થતો. એનો માલિક ચાહે તેટલો માયાથી એની સાથે વર્તે, છતાં એના પ્રત્યે કશો આદર એના મનમાં નથી વસતો. પોતા પર વીતેલી ક્રૂરતાનો એ વખત મળ્યે બદલો લેવાનો જ. પાડાખાર જેવો જ એનો કિન્નો લેખાય છે.




બે ખૂંધ તથા ડોકે પુષ્કળ વાળ ધરાવતું બકૂત્ર-બૅક્ટ્રીયન-ઊંટ

બૅક્ટ્રીયન ઊંટ

મધ્ય એશિયામાં અફઘાનિસ્તાન અને ચીન તથા તુર્કસ્તાન અને દક્ષિણ સાઇબીરિયાની ચતુઃસીમા વચ્ચેના તમામ પ્રદેશમાં મળી આવતું બકૂત્ર ઊંટ (C. bactrianus) એના અન્યગોત્રીય અરબ ઊંટથી કદે નાનું છતાં ભરાઉ બાંધાનું હોય છે ને એકને બદલે બે ખૂંધ ધરાવે છે. એને ડોકે પુષ્કળ પ્રમાણમાં ને ખૂબ લાંબા વાળ ઊગે છે ને આમ અરબી ઊંટ કરતાં તે મજબૂત પણ ખૂબ હોય છે, એટલે મધ્ય એશિયાના કપરા શિયાળા ને પથરાળ જમીન માટે તે સર્વથા યોગ્ય ભારવાહ બની રહે છે. કિર્ઘીઝ અને મંગોલીઆની ભટકતી જાતોને તો તે આશીર્વાદરૂપ છે. ફેબ્રુઆરી, માર્ચ ને એપ્રિલ એ એની સંવનન-ઋતુ છે. તેર મહિનાના ગર્ભધારણ પછી માદા એક બચ્ચાને જન્મ આપે છે.

યારકંદની પૂર્વ બાજુએ એનાં ટોળાં ને ટોળાં જંગલી અવસ્થામાં રખડે છે. એ અવસ્થામાં એ ખૂબ ભડકણું હોય છે ને કોઇ પણ અજાણ્યા પ્રાણીને જોતાં નાસે છે. એની દોડ એટલી તો જબ્બર હોય છે કે ગમે તેવો પાણીદાર ઘોડો પણ એ મુલ્કમાં એની પૂંઠ ન પકડી શકે. બીજાં કોઇ પ્રાણી જે નથી ખાતાં એવી સ્ટેપીની ચીકણી ને કડવી વનસ્પતિ તે ખાય છે, છતાં તે ચુસ્ત વનસ્પત્યાહારી નથી. ભૂખથી અકળાતાં માંસમત્સ્યાહાર પણ તે કરે છે ને ક્યારેક ભૂખમરાથી આંધળું બની જે હાથ લાગ્યું તે ચાવી જાય છે.

એશિયા માઇનૉર અને ખુરાસાનમાં વળી અરબી



જ્ઞાનપ્રદીપ

ફોટો · મફતલાલ દૂધિયા

અને બકરા જાતોની વચગાળાની એક જાત થાય છે. જે બુગદી નામે ઓળખાય છે. એ ખૂંધને બાદ કરતાં તેનું બાકીનું બંધારણ અરબી જાતને મળતું હોય છે.

હવે આપણે ઊંટનાં પશ્ચિમ ગોળાર્ધનાં સગાંઓ પર આવીએ. એમાંના કોઈને ખૂંધ નથી હોતી ને કદે પણ તે બહુ નાનાં હોય છે. કાન લાંબા ને અણીદાર, પૂછડી ભરાઉ, ડોક પાતળી તથા જડબાંમાં બધા મળી ૩૨ દાંત હોય છે. પગ પાતળા ને અંગુઠા વધુ છૂટા હોય છે, જે દરેકની નીચે જુદીજુદી ગાદી હોય છે.

એમાંનું લામા આપણને બહુ પરિચિત નથી, પણ ઊંટ જેટલું રેતી પર તેટલું જ એ ડુંગરાળ જમીન પર ઉપયોગી છે. ઘોડા ન ચડી શકે એવાં સીધાં ચઢાણો તે ચડી જાય છે. સામાન્યતઃ તપખીરિયા રંગનું, પણ ભૂરા, ભૂખરા કે કાળા રંગનું પણ તે મળી આવે છે. તેની ઊંચાઈ ખભા સુધી ત્રણ ફૂટ ને માથા સુધી પાંચ ફૂટ હોય છે. રોજના ૧૨ માઇલ એ સહેજે કાપી શકે છે. એનું માંસ ખાવાના કામમાં આવે છે ને એના વાળનાં કપડાં વણાય છે. એની કશી બરદાસ કરવી નથી પડતી. શિયાળામાં કશા રક્ષણ સિવાય એ સૂઈ જાય છે ને જાતે પોતાનો ખોરાક ચરી ખાય છે.

લામાથી કદે નાનો અને ટોળાબંધ રહેતો અલપાકા ભારવાહ તરીકે બહુ કામ નથી લાગતો. પરંતુ એના શરીર પર થતા બેથી આઠ ઇંચના રેશમ જેવા સુંવાળા વાળ એક અત્યુત્તમ કાપડ પૂરું પાડે છે. એના ઉદ્ભવસ્થાન પેરુની બહાર એને ઉછેરવાના પ્રયત્નો સફળ નથી થયા. એમનું સગોત્રી ગુઆનાકો, લામા અને અલપાકા બંનેનું જંગલી પૂર્વજ મનાય છે; અને ખુલતા ભૂખરા રંગના, નાના છતાં ચપળ વિકુનાનો પણ એ જ ગોત્રમાં સમાવેશ થાય છે. એના વાળ ઉત્તમ પોશાકો પૂરા પાડતા હોઈ, શિકારથી તેનો નાશ થતો જાય છે.

ઊંટના આ આખા વર્ગનાં પ્રાણીઓનો પિતૃદેશ ક્યારે કયો, એ સવાલ સહેજે ઊઠે. સામાન્યતઃ અરબસ્તાનનો પ્રદેશ એનો મુલ્ક મનાય છે. પરંતુ હિંદની શિવાલિક ટેકરીઓમાંના ખોદાણમાંથી એ પ્રાણીના પ્લીઓસિન યુગના અવશેષો મળી આવે છે, જ્યારે આફ્રિકામાં મળતા અવશેષો એ પછીના, એટલે પ્લીસ્ટોસિન યુગના મળે છે. ભારતીય ભૂસ્તરમાં બીજાં પણ ઘણાં આફ્રિકન પ્રાણીઓના પૂર્વવિકાસના અવશેષો મળી આવે છે. જે બતાવે છે કે અહીંથી જ આ જાતોએ વિસ્તાર સાધ્યો હશે. અને એ રીતે એકલી સંસ્કૃતિનું નહિ પણ ખુદ સર્જનનું પારણું બનવાનું સદ્ભાગ્ય પણ ભારતને જ ભાગે જાય છે.

Our Friends Abroad

Wilbur Myers, 317, Putman Street
Sulphur Springs (Texas U.S.A.)

સીનોર ઇસુફ,

તમારો પત્ર મને થોડા દિવસ અગાઉ મળ્યો હતો. પણ હિંદમાંથી મને એટલા બધા પત્રો મળેલા કે તમારો વારો હમણાં જ આવ્યો છે. હું બનતા પ્રયત્ને આ વ્યવહાર ચાલુ રાખીશ; પણ જો આવી રીતે કાગળો આવ્યા જ કરશે તો હું તમને બીજા અમેરિકન મિત્રનું સરનામું આપીશ.

હું પણ ૧૮ વર્ષનો જ છું અને બીજા દેશના તરુણોને પત્ર લખવામાં આનંદ લઉં છું. જુદાજુદા ૮૮ દેશોના છોકરાંઓ સાથે હું વ્યવહાર બાંધી ચૂક્યો છું, અને તેમાં ઉત્તરોત્તર વધારો થવાનો જ છે. આખી પૃથ્વી ઉપરથી બને તેટલા છોકરાઓને અમેરિકન છોકરાંઓ ઉપર પત્ર લખતા મારે કરી દેવા છે, જેથી તેઓ સીધેસીધું જાણી શકે કે અમે કોણ અને કેવા છીએ. કેટલાક દેશોમાં અમેરિકન લોકોની મજાક ઉડાવવામાં આવે છે; પણ અમે ખરેખર એક સરસ નમૂનેદાર પ્રજા છીએ. શાંતિમયરીતે કિંમત આપીને જે કંઈ મેળવી શકાય કે ખરીદી શકાય તેથી વધુ કશાની આશા અમેરિકનો રાખતા જ નથી.

તમને જે વર્તમાનપત્ર જોઈએ છે તે હું મોકલી શક્યો નથી તે માટે દિલગીર છું; કારણ કે તમારા પહેલાં જેમના પત્રો આવ્યા તેમને માગણી મુજબ મોકલવામાં મને પુષ્કળ ખર્ચ થઈ ચૂક્યો છે. લાચાર છું. યાર.

અમારો દેશ બહુ ઠંડો છે એમ તમે લખ્યું છે; પણ બારમાંથી આઠ માસ તો અહીં હવા બહુ જ ઉષ્માભરી રહે છે, અને શિયાળો પણ બહુ સખત તો હોતો નથી.

કેટલાંક સરનામાં મોકલું છું; વધુ જોઈએ તો મોકલું.

દિલોજાનીથી તમારો અમેરિકન પત્રલેખક
વિલ્બર માયર્સ

તા. ક.—મારું સરનામું અમેરિકા બહાર તમે ગમે તે મિત્રને મોકલશો. તેઓ મને પત્ર લખશે તો હું પૃથ્વીના બીજા ભાગોમાં ફેલાવી દઈશ. માગશો તે દેશમાં હું મિત્ર મેળવી આપીશ.

જેવા મોટા ભાઇએ હરખાવું જોઇએ. તેને બદલે એમનો સંગાથ મને કપરો લાગતો હતો. તેમની હોશિયારી પાસે મને મારું હીણાપણું એવું બેસરૂં લાગતું કે એમની વચ્ચેથી ભાગી છૂટવાનું મન થતું. એક તરફ મગનકાકાનો આકરો સ્વભાવ મારા મનને મુઝવતો અને બીજી તરફ નાના ભાઇઓનું બધી વાતમાં ચડિયાતાપણું મને અકળાવ્યા કરતું. કયે ખૂણે જઈ ભરાઉં એ મને સમજાતું નહિ. એ સામૂહિક જીવનમાં ખૂણે ભરાવાને અવકાશ ન હતો, છતાં મારો જીવ તો ચોરની પેઠે મનના ખૂણામાં તાળું દઇ પૂરાઇ રહેતો.

ફીનિક્સમાં અમારા ખોરાકમાં ફળફળાદિ પર જોર વધારે રહેતું, એટલે મગફળી ફોલી દાણા કાઢવાનું કામ બહુ પહોંચતું. શનિ–રવિની છુટ્ટીઓમાં શીંગદાણાના ડબા ભરી લેવા પાછળ કલાકોના કલાકો અમારે મહેનત કરવી પડતી. બધા છોકરાઓ કૂંડાળું વળી બેસતા ને વચ્ચે મગફળીની ગૂણ ઠલવાતી. દરેક પાસે માપની એક વાટકી રહેતી અને હરીફાઈ ચાલતી કે કોણ સૌથી પહેલો એ વાટકી ભરી કાઢે છે, કોના ફોતરાના ઢગલામાં વધુમાં વધુ સફાઇ છે અને કોનાં ફોતરાંમાં શીંગદાણા રહી નથી ગયા. આ હરીફાઇમાં દેવદાસકાકા અને કેશુ સૌની પહેલા નીકળતા. કેટલીક વાર કેશુ દેવદાસકાકા કરતાં યે અરધી મિનિટ વહેલો વાટકી ભરી આપતો. કેશુ તેર મિનિટમાં તો કૃષ્ણ પંદર મિનિટમાં વાટકી ભરતો, જ્યારે મારું ગાડું ઢસડાતું ઢસડાતું વીસ બાવીસ મિનિટે પહોંચતું. મારો અદેખો જીવ મનમાં ને મનમાં ચીમળાઈ જતો. છોકરાઓમાં હરીફાઈનું જોર જેમજેમ વધતું જાય તેમતેમ મારા હાથ ઢીલા પડતા જાય. શરમનો માર્યો આંખમાંનાં પાણી પાછાં ઠેલવાની મહેનત કરું. ગળું સુકાઈ જાય અને આખરે મારી ઝડપ સૌથી છેલ્લી જઇને ઊભી રહે. મને દિશાઓ સૂઝતી બંધ થાય; મગફળી અને મગફળીનાં ફોતરાંમાં જાણે હું ખોવાઇ જાઉં.

એક રવિવારે મગનકાકાએ કેશુને અને મને સાથે બેસાડી ગુલાબની કલમ ચડાવતાં શીખવ્યું. ઊંચી જાતના એક પીળા ગુલાબના છોડમાંથી એમણે એક તેજ વાંકા ચાકૂ વડે નવી ફૂટી આવતી ડાળના કાંટાને કાપી સાધારણ જાતના ગુલાબને ચડાવવા એ આંખ હળવે હાથે લઇ લીધી. જે છોડને આંખ ચડાવવી હતી તેના નાજુક થડની છાલ પર ચાકૂના ચોકડી પાડતા કાપ મૂક્યા ને પછી ચાકની વાંકી અણીથી એ છાલને સફાઇથી ઊંચી કરી પેલી આંખ એની નીચે ગોઠવી દીધી. પછી, પેલી કાપેલી છાલને આંખ ઉપર ઢાંકી કેળના લાંબા રેષાઓથી એ કાપ ઉપર, આંખ ખુલ્લી રહે ને કાપ ઢંકાઇ જાય એ રીતે પાટો બાંધી દીધો. તે દિવસે એ કલાક અમારી સાથે મગનકાકાએ ગાળ્યા. પોતે જે રીતે કર્યું એ જ રીતે મારી પાસે અને કેશુ પાસે જુદાજુદા છોડ ઉપર આંખ ચડાવવાનું કામ મગનકાકાએ કરાવ્યું. પણ કેશુ હોશિયાર અને હું ઠોઠ. મારી પાસે બેસીને મગનકાકાએ જે છોડ પર મારે હાથે આંખ ચડાવડાવી હતી એ છોડ વળતે રવિવારે સુકાઇ ગયો હતો; અને કેશુએ પોતાની મેળે જે છોડને આંખ ચડાવી હતી એ મગનકાકાના પોતાના કલમ કરેલા છોડ જેટલો જ ફાલ્યો. એ પ્રસંગ મારી આટલી જિંદગીભર મને ભુલાયો નથી. હું બહુ નાઉમેદ થઇ ગયો હતો. મારી આદત પ્રમાણે તે આખો દિવસ મનમાં ને મનમાં મેં રડ્યા કર્યું હતું. હાથઉદ્યોગની કળા પ્રત્યે હું એ દિવસે એટલો બધો હતાશ થઇ ગયેલો કે એ દિશાએ પ્રયત્ન કરવાની સુદ્ધાં મારામાં હિંમત ન રહી. કેશુ ને કૃષ્ણ જતે દિવસે હાથની ભિન્નભિન્ન કળાઓમાં વધતા ચાંદાની પેઠે આગળ ને આગળ વધતા ચાલ્યા ને હું ભરખાતા ચાંદા પેઠે કળાશૂન્ય થતો ચાલ્યો. કોઈપણ કામ ચોકખું, સુઘડ ને સુંદર કરવાની મારી રુચિ ચીમળાઇ ગઈ.

મગનકાકા અમ બાળકોનું સૂક્ષ્મ નિરીક્ષણ કરતા અને કોઇ શિક્ષણશાસ્ત્રીને શોભે એવી ચીવટથી અમને ઘડવાની મહેનત લેતા. કેશુ પોતાની હોશિયારીના પૂરમાં તણાઈ જઈ નમ્રતા ખોઈ બેસે એ દહેશતથી મગનકાકા સદા યે વ્યાકુળ રહેતા અને કેશુને નમ્રતા શીખવવા ઉગ્રમાં ઉગ્ર બની જતા. યાદ આવતા એવા એક બે પ્રસંગો અહીં આપવા અનુચિત નહિ ગણાય.

પ્રસંગ શો હતો એ ખબર નથી. કંઇક આવશ્યક કામ કરતાં કેશુ અને કૃષ્ણે બંનેએ બહુ આકરાં વેણ મને સંભળાવ્યાં. હું મનમાં સમસમી રહ્યો. નસીબ જોગે દેવદાસકાકા ને મગનકાકા બંને ઘેર હતા. દેવદાસકાકા મારી દયામણી સ્થિતિ જોઈ ગયા. સીધા એ મગનકાકા પાસે ગયા અને કંઇક કહી આવ્યા.

એ એક પ્રશ્ન છે જ કે હું કેમ મને થતી રંજાડની ગંધ સુદ્ધાં મગનકાકા પાસે જવા નહોતો દેતો. ફરિયાદ કરવા જતાં તો જે ગુનેગાર હોય એ જ ડરે. પણ હું તો ગુનેગાર ન હોવા છતાં ડરતો. કારણ? કારણ કે હું ડોફ હતો, બાઘો હતો. અયોગ્ય અને નમાલો એવો હું યોગ્ય અને ચતુર ભાઈઓનો આકરો સ્વભાવ ન વેઠું ને રાવ લઈ ઉગ્ર મગનકાકા પાસે પહોંચું એમ કેમ બને? એક ગરીબડું ઝરણું એક તરફ પહાડની કરાડથી રૂંધાઈ જાય ને બીજી તરફ ટેકરીઓ સાથે અફળાઈ પાછું વળે એના જેવી મારી હાલત હતી. દેવદાસકાકા મારે સારુ એક ઢાલ રૂપ હતા ખરા, જ્યાં મારા હર્ષશોક વ્યક્ત થઈ શકતા. એ સાચું કે દેવદાસકાકાનો હું ભારે આકરો હરીફ હતો. એટલે સુધી કે તેઓ બેચાર દિવસ માંદા પડે તો હું અમુક કામમાં આગળ વધી જાઉં એવી ઇચ્છા પણ કેટલીક વાર કરતો! છતાં અમારે દુશ્મનાવટ ન હતી. કોઈ મોટા ને નાના ભાઈ વચ્ચેનો ભાઈચારો ને મમતા અમારા બેથી વિશેષ હોઈ શકે એવી કલ્પના મને આવી જ નથી શકતી. મારી રખેવાળી કરવાની ચિંતા દેવદાસકાકાને સદા યે રહેતી અને મને એમનું અનુકરણ તેમજ કહ્યું કરવાની હોંશ રહેતી.

કેશુ-કૃષ્ણ મને આડાઆડા જવાબો આપી અકળાવે છે એ ખબર દેવદાસકાકાએ મગનકાકા પાસે પહોંચાડ્યા કે મગનકાકાએ બહુ જ મધુરે સાદે મને બોલાવ્યો.

લખવાનું પડતું મૂકી તેમણે મને પાસે બેસાડ્યો ને પૂછ્યું: 'કેમ તને કેશુ–કૃષ્ણ બહુ સતાવે છે? તું કેમ, મને આવીને કહેતો નથી? એમણે તને શું કહ્યું?' હું તો જાણે કોઈ નવી જ દુનિયામાં આવી પડ્યો! સદા યે જેમની ઉગ્રતા મનમાં વસી ગયેલી એમનાં ત્રણ મીઠાં વાક્યોએ મારા અંતરનો પડદો ચીરી નાખ્યો. અત્યાર સુધી દાબી રાખેલું દુઃખ ઊભરાઈ નીકળ્યું. એક શબ્દ બોલવાની શક્તિ મારામાં નહોતી રહી. મારી આંખમાંથી ચોધાર આંસુ ચાલ્યાં. મગનકાકા પાસે રોતાં પણ મને શરમ આવી. પણ શું કરું? આંસુ કેમે ય ખળાય નહિ. રોવું દાબવા ગયો તો ઊલટાં ડુસકાં વધતાં જ ચાલ્યાં. મગનકાકાએ માથે હાથ ફેરવ્યો ને શાંત પડવા સમજાવવા લાગ્યા. પણ એક વાર ઊભરો કાબૂમાંથી છટકી જાય એ ઝટ કેમ કાબૂમાં આવે?

મગનકાકાએ કેશુને બોલાવ્યો: 'તું મોટા ભાઈને કેમ રડાવે છે? એને દુભવવામાં તને શો રસ આવે છે? એ તમારા બધાની આટલી ઝીકવેઠ કરે છે તે જોતો નથી? તારે ને કૃષ્ણે બધાએ ભેગા મળી એ આનંદમાં રહે એમ કરવું જોઈએ કે આમ એની સામે લડવા કરવાનું હોય? ચાલો જોઈએ, ભાઈને પગે લાગી માફી માગો, અને એ જે કરવાનું કહેતો હતો એ હમણાં જ કરી નાખો.'

મને તો આભ ફાટ્યા જેવું થઈ પડ્યું. જે સામે જ થાય, મારી દરકાર સુદ્ધાં ન કરે, એ એકદમ પગે લાગે અને હાથ જોડે એ કેમ સહન થાય? મારાથી રોવાઈ જવાય, મગનકાકાને મારી દયા આવે અને મને સંતાપ આપવા તેઓ કેશુ–કૃષ્ણને વઢે, એને પરાણે પગે લાગવાનું કહે એ બધું મને ખૂંચ્યું. કેશુ–કૃષ્ણ જેવા ઉસ્તાદોને હું કોણ માફી આપનાર? હા, મોટા ભાઈને નાનો ભાઈ પગે લાગે ખરો; પણ મારા જેવા અયોગ્ય મોટા ભાઈને ન પગે લાગવાનું હોય, ન એની માફી માગવાની હોય! એ તો દૈવે ભૂલ કરી નાખી હતી કે એ બંનેને મારા મોટા ભાઈ કરવાને બદલે મને તેમનો મોટો ભાઈ કરી નાખ્યો હતો. મારું હૈયું સાવ દબાઈ ગયું. ન રહેવાયું એટલે હું એ ઓરડામાંથી મોઢું ધોવાને બહાને બહાર નીકળી ગયો.

બહાર નીકળી બગીચામાં કલાકેક ભટકી આવી જ્યારે પાછો ઘરમાં આવ્યો ત્યારે મગનકાકાના ઉપદેશથી ઢીલા પડેલા કેશુ–કૃષ્ણને જોઈ વળી મને દુઃખ થયું. તેમણે પોતાના ભાગનું કામ કરી લીધેલું. પણ ઘરમાં બધે ઉદાસી છવાઈ ગઈ હતી. આ પછી એ બે ભાઈઓ મારી આડે ઊતરવાનું ટાળતા, પણ અમે એકબીજાના મદદગાર ન બની શક્યા તે ન જ બની શક્યા. મગનકાકાની શીખવેલી નમ્રતા કે વિનયશીલતા ફળી શકત, પણ જ્યાં મારું મન જ સાંકડું ને અનુદાર બની ગયેલું ત્યાં શું થાય? એ ભાઈઓના સામર્થ્યથી મને દિલમાં જે ઉમળકો આવવો જોઈએ એ આવ્યો જ નહિ. મારા એ દુર્ભાગ્યનું મૂળ મારું સાંકડું મન જ હતું.

નમ્રતા શીખવવાની બાબતમાં મગનકાકાનું અનુશાસન કેટલું સખત હતું એનો એક બહુ કડવો કિસ્સો સ્મરણમાં આવે છે. એ સ્મરણ રજૂ કરતાં એવો સંકોચ તો થાય છે કે કદાચ કોઈ વાચક મગનકાકા બાબત ખોટો ખ્યાલ આણે તો! પણ અહીં છુપાવવું

ઉચિત નથી. એમાં મગનકાકા સમા સાધકના ઊંચે ચડવાના બળબળતા પ્રયાસોનું દર્શન છે. સાધુતા પ્રાપ્ત કરવા અને અસાધુતા ટાળવા માટે અંતરની જ્વાળા કેટકેટલી પ્રજ્વળી ઊઠે ત્યારે સાધક આગળ વધી શકે છે એનો આ પ્રસંગમાં નમૂનો છે.

એક વાર બાળકો રમતાં હતાં. બાંકડા પર ચડી ઉપર ઉપર કૂદવાનું ચાલતું હતું. એ રમતમાં એકબેવાર નાની રાધાબેનને કેશુભાઇના પગની ઠોકર વાગી ગઇ. સાંજે મગનકાકા ઘેર પહોંચતાં એમની પાસે રાવ પહોંચી.

મગનકાકાએ કેશુને બોલાવ્યો. કેશુ પોતાની બેપરવા ઢબે વર્ત્યો. મગનકાકાનો ગુસ્સો વધ્યો અને કેશુનું બાવડું પકડી ધધલાવ્યો! હું સ્તબ્ધ બની જોઇ રહ્યો. મગનકાકાએ પૂછ્યું, 'બોલ, કયે પગે તેં રાધાને લાત મારી હતી? એ પગ જ કાપી નાખું.' એમ કહી એમણે ખિસામાંથી ચપ્પુ કાઢ્યું. કેશુ ડરીને ભાગ્યો અને બેએક કદમ દોડીને અનેનાસના કાંટાળા ઝુંડમાં જઇ પહોંચ્યો. મગનકાકા એની પાછળ દોડ્યા. કેશુને કાંટાની પરવા ન કરતાં કાંટામાં ને કાંટામાં ભાગતો જોઇ એની બહાદુરી મને ભારે દેખાઇ. આખરે મગનકાકા એને પકડી ઘરમાં લઇ આવ્યા. એમનો ગુસ્સો પણ કંઇક ઓસર્યો અને એમણે ચાકૂથી ડરાવવાનું છોડી દઇ ધમકીભર્યો સાદ ધીમો પાડ્યો. એમ ગુસ્સો પીતાં પીતાં એમણે કેશુને બેનને લાત મારવાના પાપ બદલ પ્રાયશ્ચિત્ત કરવાનું સમજાવ્યું, અને છેવટે એની પાસે, જે પગે બેનને આઘાત કરેલો તે પગભર આખી રાત ઊભા રહેવાનું પ્રાયશ્ચિત્ત કબૂલ કરાવ્યું. જ્યાં સુધી મને યાદ છે ત્યાં સુધી એ દિવસે અમે બધાં બાળકો બહુ જ ખિન્ન બની ગયાં હતાં. અમને કેશુનો કોઇ એવો કારમો અપરાધ દેખાતો ન હતો. રમતાંરમતાં વાગી ગયું અને એની નાની બેને રાવ કરી એમાં આટલી બધી સજા શાને? અમે—ઘણે ભાગે દેવદાસકાકાએ—મગનકાકાને સૂચવ્યું પણ ખરું કે કેશુએ જાણીજોઇને એ ઠોકર મારી ન હતી, ભૂલમાં વાગી ગઇ હતી. પણ મગનકાકાને એ નિમિત્ત હતું. તેઓ તો કેશુમાં નમ્રતા પેદા કરવાને અધીરા બન્યા હતા. મગનકાકાના ઓરડામાં મોડી રાત સુધી—સાંજથી દસ–અગિયાર વાગ્યા સુધી કેશુ એક પગે ઊભો રહ્યો. મગનકાકા પાસે બેસી લખતા રહ્યા અને અમે નીમાણા બની હાથમાં ચોપડી લઇ વાંચવાનો ઢોંગ કરતા ને કેશુ પર દયા આણતા બેસી રહ્યા. કૃષ્ણની દશા એ વખતે વસમી હતી. કેશુ બહાદુરીથી બધું કષ્ટ વેઠતો હતો ત્યારે કૃષ્ણ તેને પડખે ઊભો ઊભો મૂક રુદન કરી રહ્યો હતો. મગનકાકાની શિખામણની અસર તેના ઉપર કદાચ વધારે હતી. કેટલી યે વારે એ મગનકાકાના કહેવાથી હેઠો બેઠો ને ઊંઘમાં પડી ગયો. કેશુને પણ ઊભાંઊભાં ઊંઘ આવવા લાગી, પણ મગનકાકાએ મોળું ન મૂક્યું. વારેવારે એને જાગૃત કર્યો. છેવટે અધરાતે મગનકાકાએ દેવદાસકાકાની વિનવણી સાંભળી અને સદા બેન પ્રત્યે નમનતા જાળવવાની કબૂલાત લઇ તેમણે કેશુને પ્રાયશ્ચિત્તમાંથી મુક્ત કર્યો.

કેશુના સૂતા પછી પણ કેટલીક વાર સુધી અમે જાગતા બેઠા. મગનકાકાનાં દુઃખ ને ઉદ્વેગ દેખ્યાં જતાં ન હતાં. માતા જેલમાં ગઇ છે એવા બાળક પર આવું સખત પગલું લેવાનો એ પશ્ચાત્તાપ હતો કે પોતે જે આત્મશુદ્ધ સારુ તલસતા હતા તે આત્મશુદ્ધિને, ઉન્નતિને પુત્ર શી રીતે પહોંચે એ વિમાસણમાં એમનો આત્મા વલોવાઇ રહ્યો હતો એ કોણ કહી શકે! પણ મગનકાકાની અણીશુદ્ધ જીવન જીવવાની અભિલાષા જોતાં એમ કહી શકાય કે તેઓ બીજા જ વિમાસણમાં હતા.

બીજાં બાળકો બગીચામાંથી તોડીતોડીને ફળ ખાઇ લે તો મગનકાકા તે સહન કરી લેતા; પણ પોતાના પુત્ર કેશુની એવી ફરિયાદ આવે ત્યારે ઊકળી ઊઠતા. આમાં અંધ વાત્સલ્ય હતું એમ ન કહેવાય, પણ જ્વલંત જીવનનો કઠોર આગ્રહ હતો એમ જ કહેવાય.

આ પ્રકરણ હવે પૂરું કરું. મગનકાકાએ જે કાંઇ તપસ્યા પોતાના જીવનમાં વધારી હતી તેનો પડઘો અમારા ઉપર પણ તેઓ પાડતા હતા. ખરું જોતાં કેશુ-કૃષ્ણની બુદ્ધિ, એમનું વર્તન, એમની કાર્યકુશળતા બચપણથી જ એટલી પરિપૂર્ણ હતી કે તેઓ આપમેળે તાલીમ લઇ રહ્યા હતા. એમને શિક્ષકની જરૂર ન હતી. ઓછામાં ઓછું મારે મન તો તેઓ બંને મારા શિક્ષક હતા. એમનું અનુકરણ કરવાની મને જરૂર જણાતી. હું એમ જ માનતો કે એ મોટા ભાઇઓ છે; એમને નાના બનાવવામાં દૈવે જ કંઇક ભૂલ ખાધી છે.

(ચાલુ) **પ્રભુદાસ છગનલાલ ગાંધી**



પંચતંત્રની વાર્તાઓ

કથા ૩

(હિતોપદેશની)

ભાગીરથીતીરે ગૃધ્રકૂટ નામે પર્વત ઉપર પર્કટીનું એક મોટું ઝાડ હતું, એની બખોલમાં દુર્દૈવથી ગળી ગયેલા નખનયનવાળો જરદ્‌ગવ નામે ગીધ રહેતો હતો. ઝાડ ઉપર રહેનારાં બીજાં પક્ષી પોતાના આહારમાંથી થોડુંથોડું એને ખાવા આપતાં. એવી રીતે એનો નિર્વાહ ચાલતો. હવે કદાચિત્ દીર્ઘકર્ણ નામે બિલાડો પક્ષીનાં બચ્ચાં ખાવા ત્યાં આવ્યો. એને આવતો દેખીને ભયભીત થયેલાં બચ્ચાંએ કોલાહલ કર્યો. તે સાંભળીને જરદ્‌ગવ કહે, 'કોણ છે એ!' દીર્ઘકર્ણે ગીધને જોઈને ડરીને કહ્યું, 'હાય, મારું તો હવે આવી બન્યું. પણ

ત્યાં લગી ભે થકી બીવું જ્યાં લગી ભે અનાગત ।
આવેલું ભય જોઈને કરે નર યથોચિત ॥૫૭॥

હવે આની આગળથી પલાયન કરાય એમ નથી. એટલે જે થવું હોય તે થાય. પહેલાં તો વિશ્વાસ ઉપજાવીને આની સમીપ જાઉં.' એમ વિચારી પાસે આવીને બોલ્યો, 'આર્ય, તને વન્દના કરું છું.' ગીધ કહે, 'તું કોણ છો?' તે કહે, 'હું બિલાડો છું.' ગીધ કહે, 'તો દૂર જા. નહિ તો મારે હાથે માર્યો જઈશ.' બિલાડો કહે, 'મારું વચન સાંભળો. પછી જો હું વધ્ય હોઉં તો મને હણજો.' ગીધ કહે, 'કહે, કેમ આવ્યા છો?' તે બોલ્યો, 'હું ગંગાતીરે રહું છું, નિત્ય ન્હાઉં છું, બ્રહ્મચર્ય પાળું છું, ને ચાન્દ્રાયણવ્રત આચરું છું. આપ જ્ઞાનના રસિયા વિશ્વાસપાત્ર છો એમ સર્વે પક્ષીઓ સર્વદા મારી આગળ આપનાં બે મોઢે વખાણ કરે છે. એટલે વિદ્યાવયોવૃદ્ધ આપ આગળ હું ધર્મનાં બે વેણ સાંભળવા આવ્યો છું. અને આપ તો એવા જ્ઞાની



ગીધ કહે: 'કેમ આવ્યા છો?' દીર્ઘકર્ણ બિલાડો બોલ્યો: 'આપ આગળ ધર્મનાં બે વેણ સાંભળવા.'

કે મને અતિથિને મારવા તૈયાર થઈ ગયા! પણ ગૃહસ્થને ઘેર ભલે શત્રુ આવે તોપણ એનું આતિથ્ય કરવું એવો એનો ધર્મ છે; માણસ ઝાડને કાપવા જાય, તો પણ ઝાડ એના ઉપર છાયો કરે છે. અને ધન ન હોય તો પ્રીતિવચનથી જ પણ અતિથિપૂજા કરવી ઘટે. કેમકે

ઘાસ ભૂમિ તથા પાણી ચોથું મધુરભાષણ ।
આનો સજ્જનને ઘેર ઉચ્છેદ ન કદી બને ॥૬૦॥

અને બીજું,

નગણ્યાં હો ભલે સરવ તોય સાધુ દયા કરે ।
નહિ સંહરતો જ્યોત્સ્નાને ચન્દ્ર ચાંડાલગેહથી ॥૬૧॥

વળી અતિથિ જેને ઘેરથી આશાભંગ પામીને પાછો વળે છે એને તે દુષ્કૃત દેતો જાય છે, ને એનું પુણ્ય લેતો જાય છે. અને ઉત્તમવર્ણને ઘેર નીચો આવે તો તેની યથાયોગ્ય પૂજા કરવી જોઈએ; કેમકે અતિથિ સર્વદેવમય છે.'

ગીધ કહે, 'હે માર્જાર, તારી જાતિને માંસ ઉપર રુચિ હોય છે. અને અહિં પક્ષીનાં બચ્ચાં વસે છે, એટલે મેં એમ કહ્યું.' બિલાડાએ ભોંયને અડીને કાનને સ્પર્શ કર્યો તથા કહ્યું: 'મેં ધર્મશાસ્ત્ર સાંભળ્યું છે, ને વીતરાગ થઈને ચાન્દ્રાયણનું દુષ્કર વ્રત લીધું છે. શાસ્ત્રોનો પરસ્પર વિવાદ ગમે એટલો હોય તોય અહિંસા પરમ ધર્મ છે એ વિષે તો બધાં એકમત છે. સાંભળો:

સ્વચ્છન્દે વનજન્મેલાં શાકથી યે ભરાય છે ।
તે દગ્ધોદરને અર્થે મહાપાતક કાં કરે ॥હિ. મિ. ૬૮॥

આમ ગીધને વિશ્વાસ બેસાડીને બિલાડો તરુકોટરમાં રહ્યો.

પછી તે તો બચ્ચાંને ઝાલી બખોલમાં આણીને નિત્ય ખાવા મંડ્યો. એટલે જેનાં બચ્ચાં ખવાઈ ગયાં તે પક્ષીઓ વિલાપ કરતાં કરતાં તપાસ કરવા મંડ્યાં તે જોઈને બિલાડો બખોલમાંથી નિકળીને ભાગી ગયો. પછી પક્ષીઓએ જોયું તો બખોલમાં બચ્ચાંનાં હાડકાં જડ્યાં. એટલે તે કહે, 'આ જરદ્‌ગવે જ આપણાં બચ્ચાં ખાધાં છે.' એમ કરીને તેઓએ જરદ્‌ગવને મારી નાખ્યો. એટલે હું કહું છું, 'કુલશીલ ન જાણો તો' ઇતિ.

(ચાલુ)


દેસાઇ વાલજી ગોવિન્દજી

સંસારનાં શહેરો

૧૫—ન્યૂ યૉર્ક

ન્યૂ યૉર્ક! માનવના બુદ્ધિકૌશલ્યનો અપ્રતિમ નમૂનો! માર્કો પોલોએ ચીનનું વર્ણન કર્યું ત્યારે વેનિસ નગરના નિવાસીઓ તેની વાતો માનવાને તૈયાર ન હતા. આજે ન્યૂ યૉર્કની સંસિદ્ધિ એ જ રીતે માનવકલ્પનાને ગુમરાહ બનાવી દે છે. પ્રાચીન કાળનું રોમ નાનીમોટી ટેકરીઓ પર ઊભેલું તેમ આજનું ન્યૂ યૉર્ક પણ નાનામોટા ટાપુઓ પર ઊભું છે. આઠ દસ મજલાનાં મકાનો તો જ્યાં વામનજી જ લાગે એવી ગગન ચુંબવા મથતી એની ઈમારતો—સ્કાઇસ્ક્રેપર્સ—તરફ સઘળા યાત્રિકો સવિસ્મય તાકી રહે છે. પહેલવહેલું ૧૩ મજલાનું 'સ્કાઇસ્ક્રેપર' ઊભું થતાં લોકોને બીક લાગી હતી. આજે એ સંખ્યા સો મજલા પર પહોંચવા આવી છે છતાં લોકો નિર્ભીક છે.

જેમ પંખાની બધી શિરાઓ તેના હાથામાં મળે છે તેમ દુનિયાના તમામ



જળમાર્ગો ન્યૂ યૉર્કને મળે છે. દર વીસ મિનિટે એક જહાજ અને ચાર માલ-ગાડીઓ તેને કિનારે નાંગરે છે, એટલું તેનું બંદર વિકસ્યું છે. દુનિયાનો સૌથી જબરો ઝુલતો પૂલ ન્યૂ હડસન બ્રિજ પણ અહીં જ છે.

કાર્ય, ત્વરા ને ધમાલથી ધમધમી રહેલા એ શહેરનો પૂર્ણ ખ્યાલ બહાર રહી આવવો મુશ્કેલ છે. ઇ. ૧૮૮૨માં એડીસને પહેલો વીજળીક પ્રવાહ ન્યૂ યૉર્કને આપ્યા પછી એ વીજળીક પ્રવાહ જ તેનો પ્રાણ બની ગયો છે. એ વીજળીક બળ ને તજ્જન્ય પ્રકાશ જુદાજુદા ૬૫,૦૦૦ ઉપયોગોમાં ન્યૂ યૉર્ક લે છે.

અને આજે રચાતા નવી સંસ્કૃતિના શરીરની ન્યૂ યૉર્ક ધોરી નસ છે તેની કોણ ના કહેશે? જગતના કોઇ પણ નગર કરતાં વધુમાં વધુ લેખકો, સંશોધકો, વિજ્ઞાનીઓ, ઇજનેરો, કલાકારો, કે ડૉકટરો ધરાવવા સાથે વધુમાં વધુ નાટ્યગૃહો, પુસ્તકાલયો, મ્યુઝિયમો ને વ્યાખ્યાનગૃહો તે ધરાવે છે. એની વૉલ સ્ટ્રીટ જગતનું નાણાં-કેન્દ્ર છે ને એની ફેડરલ રીઝર્વ બૅન્ક જગતના કુલ સોનાનો પાંચમો ભાગ ધરાવે છે.

ઈ. ૧૬૨૬માં માત્ર બસો માણસની વસતિ ધરાવતું, હડસન નદીના મુખ પર મૅનહટન ટાપુ પર આવેલું આ શહેર આજે એટલું આબાદ બન્યું છે કે જગતનું પહેલા નંબરનું શહેર ગણાય છે. આજે એક કરોડની એની વસતિ ૧૯૬૫માં બે કરોડ પર પહોંચશે એમ આંકડાશાસ્ત્રીઓ કહે છે. ડચ પાસેથી ૧૬૬૪ના સપ્ટેમ્બરની ૮મીએ અંગ્રેજો વતી કર્નલ રિચાર્ડ નિકોલ્સે એનો કબજો લઇ, જૂના નામ ન્યૂ આમસ્ટર્ડામને બદલે તેને ન્યૂ યૉર્ક નામ આપેલું.

જગતની તમામ પ્રજાઓ ન્યૂ યૉર્કમાં મળી આવે; ને કેટલીક તો એટલા મોટા પ્રમાણમાં કે ન્યૂ યૉર્કના કેટલાક ભાગો તો એમના નામે જ ઓળખાય છે. દાખલા તરીકે લિટલ ઇટાલી, ચાઈના-ટાઉન વગેરે. એની શ્રીમંતાઈ ને જાજ્વ-લ્ય કુબેરનગરીના નામને જ લાજવે છે.

કૅમેરાને ખભે ભેરવીને જ ફરો

હિંદ તેમજ પરદેશમાં ફોટોગ્રાફીમાં નામ કાઢનાર અને સ્નૅપશૉટના સિદ્ધહસ્ત ફોટોગ્રાફર શ્રી આબીદમિયાં સૈયદ આ અંકથી એક નવી લેખમાળા શરૂ કરે છે. અને પહેલી જ શિખામણ આ આપે છે


બહાર જતી વખતે સાધારણરીતે કોટ, પાટલુન, કૉલર ટોપી વગેરે જરૂરની ચીજો જેવી રીતે પહેરીને નીકળીએ છીએ તેવી જ રીતે કૅમેરાના શોખીને કૅમેરા પણ ખભે પહેરીને જ નીકળવું જોઈએ. એનો મતલબ એ નથી કે તાંસા જેવા મોટા રિફ્લેક્સ કૅમેરા ગળામાં ભેરવીને ફરવું જોઇએ. મારા અનુભવ પ્રમાણે કૅમેરા સાદામાં સાદો અને નાનો એટલેકે ખિસ્સાની અંદર સમાઇ જાય તેવો જોઇએ. હંમેશાં કૅમેરા સાથે રાખવાના ફાયદા જણાવ્યા પહેલાં કઈ જાતનો કૅમેરા સગવડવાળો થઈ પડે તે જોવું જોઇએ. આજકાલ બજારમાં અગણિત તરેહના કૅમેરા મળે છે. પણ જેની અંદર વધારે ખટ-પટ હોય નહિ તેવો કૅમેરા પસંદ કરવો. 3×4 c. m.(V.P.K) અને (6×9 c.m.)માં Self erecting models આવે છે જે બટન દાબતાં જ એકદમ ઊઘડીને તૈયાર થઇ જાય છે.

ઘેરથી નીકળતી વખતે જો super xx ફિલ્મ ચડાવેલી હોય તો સ્પીડ ૨૦૦ની તથા સ્ટૉપ (બારી) ૮ની અને ફોકસ (અંતર) આશરે ૩૦થી ૪૦ ફીટ તૈયાર રાખીને જ નીકળવું. આટલી તૈયારી કરીને નીકળવાનાં બે કારણો છે. એક તો એ કે રસ્તે ચાલતાં બજારમાં કે મહોલ્લામાં કોઈ સારો પ્રસંગ અચાનક આપણી નજરે પડે, પણ તે થોભી શકે તેવો ન હોય તો કૅમેરા ઉઘાડીને તૈયારી કરતાં સુધીમાં તો તે આપણા હાથમાંથી છટકી જવાનો. એવા ચિત્રને તાત્કીદે હાથ કરી લેવું જોઈએ. એક્સ્પોઝરમાં અથવા ફોકસમાં કસર થાય તો તે એન્લાર્જિંગમાં (મોટું કરતી વેળા) સુધારી શકાય. કૅમેરાં તૈયાર રાખવાનું બીજું કારણ એ કે આપણે કોઈ સારો પ્રસંગ જોઇને કૅમેરા ઉઘાડીને તૈયારી કરતા હોઇએ છીએ તે વેળા આપણા રસ્તે ચાલતા બીજા બંધુઓને તેમાં એટલો બધો રસ પડી જાય છે કે તેઓ કાં તો સામે આવીને ટટ્ટાર થઇને ઊભા રહે છે અથવા આપણા કહ્યા વગર જ આપણાં પાત્રોને ઑર્ડરો આપવા મંડી જાય છે કે 'એ, જરા સીધો ઊભો રહે; સામે જો, તારો ફોટો પડે છે.'' આવા વણનોતર્યાં ડાયરેક્ટરોની મુસીબતો ઘણા ઍમેટર કૅમેરાવાળાઓને નડે છે.

આવા પ્રકારની ફોટોગ્રાફી માટે ફિક્સ્ડ ફોકસનો બૉક્સ કૅમેરા પણ ઉપયોગી થઈ પડે છે. આપણા હિંદુસ્તાનમાં મહોલ્લે મહોલ્લે અને દરેક ગલીકુંચીમાં દરેક ઠેકાણે સારાં ચિત્રોની પ્રાપ્તિની આશા જ રહે છે. અને આવા હમેશનાં સાધારણ વ્યવહારના પ્રસંગો લેવાની જો ટેવ રાખી હોય તો કોઈ વખત અસાધારણ અને કીમતી ચિત્ર પ્રાપ્ત થઈ જાય છે. અમુક વખતે અમુક સારો દેખાવ જોતાં પણ જો કૅમેરા પાસે ન હોય તો કૅમેરા શોખીનનો જીવ બળે છે કે 'અરે જો આજે કૅમેરા સાથે હોત તો!' પરંતુ કૅમેરા ખભે જ ભેરવેલો હોય તો આવો પસ્તાવો કરવા વખત આવે નહિ.

(ચાલુ)

આબીદમિયાં સૈયદ



ઉત્તર ગુજરાતનો પ્રાણિસમુદાય

આપણા પ્રાંતની સમગ્ર પ્રાણિસૃષ્ટિનું વિહંગાવલોકન કરાવતી છેલ્લા ત્રણ અંકથી આવતી અને ગુજરાતમાં પહેલી જ વાર લખાએલી અતિ ઉપયોગી લેખમાળાનો છેલ્લો હપતો

૩ સરીસૃપવંશ

જમીન ઉપર પેટ ઘસડતાં ચાલનારાં આ વંશનાં પ્રાણીઓની સંખ્યા (વીસ જાતના મગર, સવાબસો જેટલા કાચબા, પચીસસો ઘો અને ત્રેવીસસો સાપ) સસ્તન પ્રાણીઓ કરતાં અનેકગણી વધારે છે. આ વંશમાં કેટલાંક એવાં પણ છે કે એમના હાથે જેટલાં મનુષ્યો મરે છે એટલાં ભાગ્યે જ અન્ય કોઈ પ્રાણિવંશ દ્વારા મરતાં હશે. એમના ચાર વર્ગ છેઃ કુમ્ભીરવર્ગ, કચ્છપવર્ગ, ગોધિકાવર્ગ અને અહિવર્ગ.

૧ કુમ્ભીરવર્ગ

મગર (=**Crocodile; Alligator** માત્ર ચીન અને દક્ષિણ અમેરિકામાં જ થાય છે.) ને કોણ નથી ઓળખતું! (આપણે ત્યાં એની એક જ જાત થાય છે.) ગામડે ગામડે, તળાવ કે નદીના ધરામાં એ અડ્ડો લગાવી વરસો સુધી રહેતો દેખાય છે. ગુજરાતનો મગર લંબાઈમાં ૬' થી ૮', ક્વચિત્ ૧૨'–૧૩'નો પણ જોવામાં આવે છે; ત્યારે બંગાળાની નદીઓમાં રહેતા 'ઘડિયાલ' નામના મગરની સાધારણ લંબાઈ જ ૩૦'ની હોય છે!

૨ કચ્છપવર્ગ

કાચબાનાં વિવિધ ગોત્ર છે. પીઠ પરના પ્રત્યેક ભીંગડાની શ્યામ ત્વચા પર પીળા રંગનાં કિરણોની ચક્રાવલિને લીધે અત્યંત રમણીય દેખાવાળો ભૂચર કાચબો આપણે ત્યાં સામાન્ય હોવા છતાં એ માત્ર પાટણ તરફ રેતાળ ખેતરોમાં જ વિપુલપણે જોવામાં આવે છે. એ મોટામાં મોટો ૧૫"નો નજરે ચડ્યો છે. કૂવા, વાવ, તળાવ અને નદીનાળાંમાં રહેતા લીલા રંગની પીઠવાળા (ક્વચિત્ બે ફૂટથી યે મોટા) પાણીના કાચબાની પણ કેટલીક જાતો આપણે ત્યાં છે. આ બંનેમાં જમીન ઉપર રહેનારી પ્રધાનતયા કંદમૂલભક્ષક હોય છે, ત્યારે પાણીની વસનારી કાચબ માંસાદની હોય છે.

૩ ગોધિકાવર્ગ

હવે ઘો અને એનાં પિત્રાઈની વાત. એ બધાં યે —માત્ર એક અપવાદ (મેક્સિકોવાસી **Heloderma**) સિવાય—મનુષ્યને નિરુપદ્રવકારી, નિર્દોષ છે. એમનાં મોમાં વિષયંત્ર નથી. એટલે એમનો દંશ ગમે તેટલો પીડાકારી છતાં એ પ્રાણહર તો નથી જ નીવડતો. એમનાં નવ કુલમાંથી પાંચ આપણે ત્યાં નજરે પડે છે. એમાંથી કેટલીક જાતો જમીન તલ ઉપર વસનારી, કોઈક દરમાં ભરાઈ રહેનારી અને એકાદ ઝાડ ઉપર રહેનારી પણ છે. અન્ય એકને તો જમીન ઉપર તેમજ પાણીમાં રહેવાનો સરખો જ આનંદ આવે છે.

(૧) ગૃહગોધિકાકુલ: આપણાં ઘરનાં છતછાપરાં અને ભીંતો ઉપર રઝળનારી, ચોપડીઓ અને ગોદડાં વગેરેમાં ભરાઈ-લપાઈને હેમન્તસુષુપ્તિ ભોગવનારી, એની લાળ-લીંડીઓ અથવા એના શરીર ભેગાં ઉકાળેલાં દાળ દૂધપાક ખાવાથી તેમજ એના ઝેરી (!) દંશથી યે માણસ મરી જાય છે, એવો મિથ્યા અપવાદ પામનારી અત્યંત નિર્દોષ ગરોળી કોને અપરિચિત છે! એની અન્ય એક સગોત્રી પણ કચ્છમાં થાય છે.

(૨) કૃકલાકુલ: બીજન, બાગબગીચા અને વાડી ખેતર તેમજ ભર વસતિમાં ભીંત ઉપર ભમતો દેખાતો, સંવનન પ્રસંગે લાલ રંગ ધારણ કરતો કાચંડો. એનાં અન્ય બે સગાંવહાલાંમાં એક તો વગડાઉ નાનો કાચંડો અને બીજો આપણે ત્યાં રેતાળ મેદાનોમાં દર કરી રહેતો કાંટાવાળી પૂંછડીવાળો જહરેકાય સાંઢો.

(૩) સરટકુલ: પછી આવે સરડો: નિતાન્ત વૃક્ષેશય. અમદાવાદમાં એ ક્યાંકક્યાંક નજરે પડે છે. શરીર પરની ત્વચા હેઠળ આવેલી રંગવાહિની ગ્રન્થિઓની સહાયથી ક્રોધ, ભય, હર્ષ વગેરે લાગણી પ્રસંગે ક્ષણે ક્ષણે લીલો, શ્વેત, રાખોડી, કાળો એમ શરીરના રંગ બદલતું એ પ્રકૃતિનું પરમ અદ્દભુત સર્જન છે. એટલી જ ચમત્કારી એની આંખ છે. આપણી તેમજ અન્ય તમામ પ્રાણીની આંખ સામાન્યરીતે ઉપરનીચે અને ડાબાજમણી ફેરવી શકાય છે, અને તે પણ બંને આંખો

એમાં વખતે એક જ દિશામાં; જ્યારે સરડાની આંખો તો ચારે તરફ ગોળ ફરતી અને પરસ્પર વિરુદ્ધ દિશામાં —એક આગળ તો બીજી પાછળ જોવાની સરળતાવાળી હોય છે!

(૪) બ્રાહ્મણીકુલ: બિલેશયમાં રક્તવર્ણાં ચકચકિત સુંવાળા શરીરને ચપળ સ્વભાવવાળા બ્રાહ્મણીની બે જાત. એની અન્ય ત્રણચાર જાતો કચ્છ અને ઉત્તર ગુજરાતમાં જોવામાં આવે છે, પણ ઓછા પ્રમાણમાં.

(૫) ગોધાકુલ: એટલે પાટલા ઘો. જળ, સ્થળ ને દરમાં સ્વચ્છંદે વિહરતી આપણી મોટામાં મોટી ઘો એ. ૨'–૩'ની તો સામાન્ય ગણાય, પરંતુ મેં ૪' સુધીની પણ જોઈ છે. એની જીભ જ કેવળ ૭"ની હોય છે. ચોમાસામાં તળાવડાં કિનારે કાળાં નાના કાચંડા જેવાં એનાં બચ્ચાં સવારના તાપમાં હારોહાર બેઠેલાં જોવામાં આવે છે.

આટલી આપણી જાણીતી જાતો. એ ઉપરાંત 'ચંદન ઘો' નામની અત્યંત ઝેરી ઘો પણ આપણે ત્યાં થાય છે એમ મનાય છે. એની વાતો કરનારા તો અનેક મળે છે, પણ નજરે દેખાડનારા કોઈ નીકળતા નથી. આ વિષયના પારંગત વિદ્વાનો ભારતવર્ષમાં કોઈ પણ સ્થળે એવી કોઈ ઘોનું અસ્તિત્વ જાણતા નથી, એટલે ચંદનઘોને કેવળ કલ્પનાસૃષ્ટિ જ માનવી રહી. જો આ પંક્તિઓ વાંચનાર કોઈ આ 'ચંદનઘો' (સં. चन्दनगोधिका: એ વખતે વળી એવી માન્યતા હતી કે સાપ અને ઘોના સંયોગથી ઉત્પન્ન થતું પ્રાણી તે ચંદનઘો!) ને જાણતું હોય અને આ લેખકને કે ગુજરાત પ્રકૃતિ મંડળના ક્યુરેટર (અમદાવાદ)ને એકાદ એવી ઘો મોકલી આપે તો ઉપકાર થશે.

૪ અહિવર્ગ

છેલ્લા આવ્યા સાપ: અશેષ સરીસૃપોમાં મોટી નાતવાળાં અને સૌથી વધુ ભયંકર પ્રાણી. એમની ૩૨૦ ભારતીય જાતોનાં ૬ મોટાં જૂથ પાડવામાં આવે છે, જેમાંની વીશેક જેટલી જાત ગુજરાતમાં જોવામાં આવે છે.

એમાં સૌથી વધુ વ્યાપક અને પૂર્ણ પરિચિત જૂથ અજગરનું. અજગર એટલે મોટામાં મોટા સાપ. અમેરિકામાં ૪૫' જેવડા અજગર થાય છે! ગુજરાતમાં એની સાધારણ લંબાઈ ૧૦'; જોકે ૧૩'ના પણ જોવામાં આવે છે. સ્વભાવે અત્યંત શાંત અને બીકણ. પણ નાના હોય છે ત્યારે તે અત્યંત તેજસ્વી, ચપળ, આક્રમણકારી અને ખૂબસૂરત હોય છે. એનાં બીજાં બે સગોત્રી તે ચાકળણ અને બંફોડી. 'બે મોંવાળો' અને 'આંધળો' એવાં વિશેષણો જેને અસ્થાને આપવામાં આવે છે એવો ચાકળણ સાપ કાળા, બદામી, લાલ-કથાડા રંગનો, ૩'–૪'નો અને અત્યંત શાંત, નિરુપદ્રવી હોય છે. ત્રીજો બંફોડી ઘણુંખરું દરનો રહેનારો અને ફૂંફાડા મારતો ડરાવનારા દેખાવનો હોય છે. આ ત્રણે નિર્વિષ અને નિર્બાધક. અમદાવાદ આસપાસ એ ઘણે ઠેકાણે જોવામાં આવે છે.

પછી આવે મણ્ડલી સર્પો. બધા ય સવિષ,* અને પ્રાણહર. એમાંના માત્ર બે જ આપણે ત્યાં જોવામાં આવે છે. પહેલો ખડચીતળો. ચિત્રકાય; પીળા કે આછા મેલા ગુલાબી રંગની ત્વચા ઉપર કૃષ્ણ અને શુભ્ર વર્ણનાં શૃંખલાબદ્ધ મંડલ (વર્તુલ) મંડિત રૂપાળી દેહલતાવાળો. દેખાવે જડ, જરદકાય અને ૪'–૬'નો. એ ડસે ત્યારે તરત ઉપાય કરવામાં ન આવે તો માણસ મરી જાય છે. સદ્‌ભાગ્યે એના વિષનું પ્રતિકારક એન્ટીવીનીન મળી શકે છે. એનો અન્ય બાંધવ ફુરસા. રેતાળ અને સૂકા તથા પહાડી પ્રદેશનો રહેનારો છે એટલે ઉત્તર ગુજરાતમાં ઠેરઠેર જોવામાં આવે છે. એ અઢી ફૂટથી મોટો ભાગ્યે જ હોય છે. એનું વિષ પ્રાણહર તો છે જ, પણ ખડચીતળા જેટલું તીવ્ર અને શીઘ્રવ્યાપી નથી. એના માથા પર બાણના ફણા જેવી આવી ↑ બલાકૃતિ હોય છે.

છેલ્લું જૂથ 'કોલ્યુબર' સર્પોનું: વિશાળ, ખૂબ વ્યાપક અને જલચર તથા ભૂચર અને વૃક્ષેશય એવા વિવિધ સ્વભાવવાળા. નિર્દોષ તેમજ ભયંકર કાલસર્પોથી ભરેલું. એમની ૨૨૫ જાતમાંની ૨૯ તો કેવળ સાગરનિવાસી સર્પોની. એ બધા ય અત્યંત તીવ્ર વિષવાળા. ભૂચરમાંથી ૧૮૩ નિર્વિષ. આપણે ત્યાં આ કુલના સર્પોમાં અત્યંત

* વિષ એટલે સાપના જીવતા શિકારને નિશ્ચેષ્ટ કરી નાખનારું દ્રવ તત્ત્વ. આવું તત્ત્વ તો પ્રત્યેક કોટિના સાપમાં હોય છે, પરંતુ એની અસર એના વિશિષ્ટ શિકાર સિવાય અન્ય પ્રાણીઓ પર ઓછીવત્તી કે મનુષ્ય જેવા ઉપર સમળગી થતી નથી. અહીં 'સવિષ' શબ્દથી એવાં વિષ સમજવાનાં છે કે જેનાથી માણસનું મરણ થાય. આવું મરણ લાવનારા વિષની ઉત્પાદક વિશિષ્ટ વિષગ્રંથિ પણ અમુક સર્પોમાં જ હોય છે.

પરિચિત સાપ તો ફણીધર નાગ જ. વખતે એક-ચશ્મા અગર ક્વચિત્ દ્વિચશ્મી ફણાવાળો આ સાપ વાદળી, બદામી કે કાળા શરીરવાળો નજરે પડે છે; પણ અમદાવાદમાં તો મોટે ભાગે ચશ્મા વિનાનો અને અત્યંત કૃષ્ણ વર્ણનો જ જોવામાં આવે છે. બદામી રંગની જાત તો મદારીઓ મારવાડ અને રાજપૂતાના બાજુથી લાવે છે. દેખાવે અત્યંત ડારક છતાં આ નાગ અત્યંત નિરુપદ્રવી અને બીકણ હોય છે. એના ફુંફાડા અને ફણાટોપ કેવળ બીવડાવવા પૂરતા જ. જ્યારે નાસવાનો એકેય આરો ન હોય ત્યારે જ એ કરડે છે. તાત્કાલિક એન્ટીવીનીનનો ઉપચાર કરવામાં આવે તો એના વિષનો પણ ઉતાર થઇ શકે છે. એનો પિત્રાઇ નાગરાજ, આપણા અજગરથી યે મોટા, ૧૩′–૧૫′ની કાયાવાળો ભયંકર કાલસર્પ છે. આપણે ત્યાં એ જોવામાં આવતા નથી, પણ ગોધરા બાજુ કે નર્મદાતટનાં જંગલોમાં મળી આવે ખરા. આ જ ગોત્રનો અન્ય સવિષ સાપ તે કાળોતરો. આપણાં ઘરઘરનો વાસી, નિર્દોષ મનાતો દેખાતો છતાં અત્યંત ભયંકર વિષવાળો. એના વિષનો ઉતાર નહિ: અંગચ્છેદન કરો તો વખતે પ્રાણ બચે. ભારતવર્ષમાં સર્પવિષથી થનારાં મરણમાં મોટો ફાળો આ સાપનો જ છે. ક્વચિત્ કાળો, વખતે બદામી કે આછા ભૂખરા રંગની કાયાવાળો એ ૩′–૪′ નો હોય છે. આપણા ઘરમાં ભરાઈ રહેતા નિર્દોષ 'ચીતળિયા'ને તે ખૂબ મળતો આવે છે, એટલે એને ઓળખવાનું દુષ્કર છે. માત્ર એની પીઠ વચ્ચે મોટાં પટ્કોણ ભીંગડાંની હારમાળાથી જ એ ઓળખાય છે.

આ કુલના આપણે ત્યાં બાકી રહ્યા તે બધા નિર્વિષ. એમાં ઝાડ પર રહેનારા બે. પછી જમીન ઉપર રહેનારી અને પાણીમાં સહેજે ફરી શકનારી ત્રણ જાતની ધામણો. તેમાં એક, નાગનો ભ્રમ ઉપજાવનારી કાળા રંગની ૫′–૭′ની; બીજી, દસ ફૂટ સુધી પહોંચે એવી કાળા કે ભૂખરા મેલા રંગની અને ત્રીજી ૬′–૭′ની ગુલાબી અને કાળા રંગના ચટાપટા કે ચાંદલાવાળી, 'રત્નપ્રભા' જેવી રૂપાળી, કેવડાના સાપને નામે ઓળખાતી. આ ઉપરાંત વાવ, તળાવ કે નદીના મીઠા પાણીમાં રહેનારાં બે જાતનાં ડેંડાં, વગેરે જુદાં.

૪–મણ્ડૂકવંશ

સરીસૃપવંશ અને માનવંશને સાંકળનાર આ વંશનાં પ્રાણીઓના ત્રણ વર્ગ પાડવામાં આવે છે. એમાંના બે–કોડાટા અને એપોડા–ગુજરાતમાં જોવામાં આવ્યા નથી; માત્ર ત્રીજા–એકોડાટા–વર્ગનાં પ્રાણીઓ જ આપણે ત્યાં નજરે પડે છે.

એકોડાટા છે દેડકાંનો વર્ગ. પૃથ્વીભરમાં એમની ૯૬૦ જાતો છે. એ તમામ રહ્યાં જંતુભક્ષક, એટલે સ્વાભાવિક રીતે જ એમનો વિસ્તાર ગરમ પ્રદેશોમાં અધિકતર હોય છે. એથી જ એકલા ભારતવર્ષમાં યે એમની ૧૨૪ જેટલી જાતો જોવામાં આવે છે.

એકોડાટાના બે ઉપવર્ગ: એકના મોંમાં જીભ જ ન મળે! એ તમામ પરદેશી. બીજો ઉપવર્ગ જીભવાળાં દેડકાંનો.

સજિહ્વભેકવર્ગ

એનાં છ કુલમાંનાં માત્ર બે જ કુલ ગુજરાતમાં જોવામાં આવે છે.

(૧)સદન્તકુલ–ઉપલા જડબામાં દાંતવાળાં અને લાંબા પાછલા પગવાળાં આ દેડકાં (**Frogs**)નાં એકંદર આઠ ગોત્રમાંનું પ્રધાન ગોત્ર **Rana**. એની ૪૧ જાતોમાંથી સમગ્ર ગુજરાતમાં સ્થળે સ્થળે નજરે પડતી જાત તે 'કૂપમંડૂક' કે 'સ્થૂલમંડૂક'. ઢેકાવિનાની સરળ અને ચીકણી સુંવાળી પીઠ તથા સાડા છ આંગળની બારે કાયાવાળાં આ આપણાં મોટામાં મોટાં દેડકાં. સ્વભાવે કેવળ નિશાચર હોવાથી તેમજ ઉનાળે ભૂગર્ભમાં ભરાઈ બેસવાની ટેવને લીધે આડે દહાડે એ ઝાઝાં નજરે નથી ચડતાં, પરંતુ વર્ષાઋતુ આવે અને ખાડાખાબોચિયાં છલકાઈ જાય ત્યારે કીડી પેઠે ઊભરાઇ આવી, આ વર્ષાભૂ, વેદ ભણતા વિપ્રો પેઠે 'ડ્રૂં ડ્રૂં' સ્વરથી વાતાવરણ ગજવી મૂકતાં, ડગલે ડગલે દેખાય છે. પીળા રંગના વાઘા અને ગળાની બે તરફની વાદળી કોથળી ફુલાવતો, પાણીને કાંઠે બેઠેલો દેખાય છે એ તો સંવનનની શોભા ધારણ કરતો નર જ.

એમનાં અન્ય સગોત્રી 'પ્લવ'. અઢી આંગળની નાજુક એની કાયા. નિરંતર જલાશ્રયે જ રહેનારાં એ બારે માસ નજરે પડે છે. રાતે તેમ દિવસે, સૂરજની એમને ખૂબ ભૂખ, એટલે ભર ઊનાળે પણ પાણી ઉપર તરતાં કૂદતાં દેખાય છે. નાનાં ખાબોચિયાં, ક્વચિત્ વાવકૂવા તેમ નદી, તળાવનાં એ સામાન્ય વસનારાં. ચોખ્ખું તેમ લીલવાળું મેલું પાણી પણ એમને અનુકૂળ. પાણીની સપાટી ઉપર કૂદકા મારવાની ટેવને લીધે ઝટ ઓળખાય છે.

ત્રીજી જાત 'અસ્મમધ્યજ'ની. ઊભું વરસ પાણી ભરેલાં હોય એવાં નદી–નાળાં અને તળાવ–સરોવરના તટાશ્રયે રહેનારાં અને ઊનાળામાં પથરા હેઠળ ભેજમાં ભરાઈ બેસનારાં, એ ઘણી વખત પાણીથી દૂર ઘાસમાં રખડતાં પણ દેખાય છે. પીઠ વચ્ચેની પીળી રેખા એમને ઓળખવાની નિશાની.

ચોથાં 'કૃષ્ણાસ્ય'. કેવળ જંગલનાં વસનારાં, એટલે આરાવળમાં મળી આવે.

આટલાં આપણાં સામાન્ય દેડકાં. બીજી પણ કેટલીક જાતો છે, પણ ગુજરાતમાંથી એમની ભાળ હજુ નથી લાગી. આ વર્ગનું બીજું કુલ તે.

(૨) અદન્તકુલ–માંના એકેય જડબામાં દાંત ન મળે એવાં, મોટે ભાગે જમીન પર રહેનારાં દેડકાં–Toads–ના આ કુળનાં ત્રણ ગોત્રમાંનું આપણે ત્યાં વ્યાપક ગોત્ર તો **Bufo** જ.

એની પંદર જાતોમાંની ગુજરાતમાં સર્વ સ્થળે નજરે પડતી જાત 'કાણે પિશાચક' અથવા 'ગૃહજ'. નિઃશંકપણે આપણાં ઘરમાં પેસી જઈ, ઘંટી ડામચિયા હેઠળ તેમ કબાટ કે પટારાની ઓથે ભરાઈ બેસી ધામા નાંખવાની ટેવને લીધે એ આવાં નામ પામ્યાં છે.

કદમાં પૂરાં છ આંગળનાં. એમની પીઠ લૂખી, ઊપસેલાં ભીંગડાં કે ઢીમણાંને લીધે ખરબચડી. સ્વભાવે કેવળ નિશાચર. આખો દિવસ મૂંગામંતર, પણ રાત પડે એટલે ગરજવા માંડે; સવિશેષ ચોમાસા (એમના સંવનનની ઋતુ)માં. એવે વખતે એમનું ગળું મજીઠિયા કે નારંગી રંગે રંગાઈ જાય છે. પેલી વાતમાંનો, બળદની સ્પર્ધા કરવા જતાં પેટ ફુલાવતાં ફુલાવતાં ફાટી મરનાર દેડકો આ જ જાતનો.

એની બીજી જાત કદમાં નાની, માત્ર અઢી આંગળની. એમનાં શરીર ઉપરનાં ઢીમણાંની વચ્ચે વચ્ચે રાઈના દાણા જેવાં લાલ ઝીણાં ટપકાંને લીધે તે તરત ઓળખાય છે. અમદાવાદમાં એ ઓછાં નજરે પડે છે.

ત્રીજી જાત કદમાં એવડી, પણ ઓછી વ્યાપક. વળી એને ઓળખવાની વિશિષ્ટ બાહ્ય નીશાનીના અભાવે, એ હાથ ચડે તો ય સામાન્ય જનનજરે તો એ નાની ઉમ્મરનું સામાન્ય દેડકું જ લાગે છે.

૫–મીનવંશ

દક્ષિણ ગુજરાતનો પશ્ચિમ તટપ્રદેશ અને એને જોડતી કચ્છ કાઠિયાવાડની સળંગ કિનારને પલાળતાં મહાસાગરનાં નીર તેમજ આપણાં નાનાંમોટાં નદી-તળાવ વિવિધ પ્રકારની માછલીઓનું નિવાસસ્થાન છે. કોડીનાર અને વેરાવળ, પોરબંદર, ઓખા અને દ્વારકા જેવાં સ્થળે માછલીના ઢગ જોનારને એમની વિવિધતાનો સહેજે ખ્યાલ આવે છે. પરંતુ આ તમામનો નામવાર ઉલ્લેખ કરવાનો ઝાઝો અર્થ નથી; કારણ પ્રથમ તો પશુપંખી તથા સાપ જેવાંનો જેટલો નિકટનો પરિચય સામાન્ય જનસમાજને હોય છે એનો શતાંશ પણ માછલીનો નથી હોતો. વળી, આ માછલીઓનો જે નામોલ્લેખ મળે છે, તે ભક્ષ્યની દૃષ્ટિએ જ કરાતો હોવાથી, કેટલીક માછલીઓ, એમના અભક્ષ્યપણાને લીધે નામ પામ્યા સિવાય અનામી રહી પણ જાય. છતાં યે આપણે ત્યાં નહિનહિ તો યે ૧૫૦ જેટલી જાતની ખારામીઠા જળની માછલીઓ જાણવામાં આવી છે.

ભારતવર્ષની મીનસમૃદ્ધિ (૨૦૦૦ જેટલી) જોતાં ઉપરની સંખ્યા ઘણી નજીવી ગણાય; પરંતુ આપણે ત્યાં આ વિષયનું સંશોધન કરવામાં આવે તો આ સંખ્યા સહેજે બમણી થઈ જાય, એટલાં અણખેડયાં ક્ષેત્ર–આપણાં નદી, તળાવ અને સમુદ્ર–પડયાં છે.

વળી, સમુદ્રને બાજુ રાખીએ તોપણ આપણી મીઠા જળની માછલીઓ ઓછી નથી. એકલા અમદાવાદની આસપાસ માત્ર ચંડાળા અને સાબરમતી જેવાં બેત્રણ સ્થળોના એક જ વખતના ઉપરછલ્લા અવલોકનમાં પણ હું સહેજે ૨૦–૨૫ જાતની માછલી જોઈ શક્યો છું. મહી અને વાત્રક તો, એમનાં સદૈવ વહેતાં વારિ અને ઊંડા ધરાને લીધે, માછલીથી ભરપૂર છે. એમાં ય ખેડા અને બારસણ બરોડા આગળ જેવી માછલી મળે છે એવી તો સમગ્ર ભારતવર્ષમાં ય જૂજ સ્થળે જ મળશે, એવું તદ્વિદોનું કહેવું છે. બ્રહ્માની ખેડ આગળની નાની નદીમાં જેવી મહાસીર મળે છે, તેવી તો આખા ગુજરાતમાં યે અન્યત્ર ક્વચિત્ મળશે. પ્રાંતીજનાં બોખ અને ગોમળજ તળાવ, ચંડાળા તેમજ સાબરમતી પણ અનેકવિધ માછલીથી ભરપૂર છે. સમુદ્રની માછલીનો મને અનુભવ નથી. મારો પ્રત્યક્ષ પરિચય તો અમદાવાદની આસપાસનાં મીઠા પાણીનાં જળાશય પૂરતો જ છે. ત્યાં મળી આવતી માછલીમાં આટલી મુખ્ય છેઃ–બામ, ખુડચી, ચામડા, તાંબડા, નગરી, ધૂલી, લોહી, કડવાલી,

અરજુ, રહીઆ, મકની, દરાઇ, કોટડી જોઝરા, ચાલ, શેગટા, પહાડી, કુંતરો, મરળ, રહુ, મોર, ચંદી.

આ બધાં નામ ગુજરાતી નથી, પણ માછીમારોમાં વપરાતી પરંપરાગત પરિભાષામાંથી લીધેલાં છે. એ બધાં આજે પણ મહારાષ્ટ્ર અને તામીલ પ્રદેશો, પંજાબ અને સિંધ, ઉડિયા અને બંગાળમાં એક અગર બીજા રૂપે પ્રચલિત છે.

છેલ્લી એક વાત. મીન વંશના વિવિધ વર્ગો, એનાં કુલ, ગોત્ર વગેરે અનેક વિગતો અહીં મેં છોડી દીધી છે, તેમ સંસ્કૃત નામોનો આશ્રય પણ જતો કર્યો છે, એ એવા હેતુથી કે એક તો આ વિષયના આપણે તદ્દન અજાણ છીએ. વળી આપણામાંના ઘણા યે એવા છે કે જેમણે જીવતી કે મરેલી માછલી પાસેથી કદી ય નિહાળી નહિ હોય. એટલે એવાની આગળ કેવળ નામનો થોકડો ધરવાથી કશો ય અર્થ ન સરે.

* * *

ગુજરાતનાં કરોડરજ્જુવાળાં પ્રાણીઓનો પરિચય પૂરો થયો. કરોડરજ્જુવિનાનાં પ્રાણીઓ પણ એટલાં જ વ્યાપક અને રસપ્રદ જીવનવ્યવહારવાળાં છે. એમની કથા વળી કોઈ અન્ય પ્રસંગે.

ળ કે ઘર

ભૂતકાળની શોધમાં

(અનુસંધાન પાછળ પૃ. ૫૦૪ થી) લગભગ લવણપ્રસાદ વાઘેલાનું રાજ્ય એટલું વધી ગયું કે તેને વાઘેલ ત્યજી ધોળકામાં રાજધાની સ્થાપવી પડી. બસ, ત્યાર પછી વાઘેલનું નામ ગુજરાતના ઇતિહાસમાં જડતું નથી.

ઇ. સ. ૧૨૪૩માં લવણપ્રસાદનો પૌત્ર અને વીર ધવલનો પુત્ર વીશલદેવ વાઘેલો પાટણમાં સોલંકી રાજ્યનો ઉત્તરાધિકારી થયો. ઇ. સ. ૧૨૯૭માં ઉલૂઘખાનના આક્રમણને પરિણામે વાઘેલાઓની સત્તા નાશ પામી અને એ લોકો વેરણછેરણ થઇ ગયા. તેરમા સૈકાની અધવચમાં વ્યાઘ્રરાવ વાઘેલો મધ્ય હિંદ જઇ પહોંચ્યો અને ત્યાં બુંદેલખંડની પૂર્વે કાયમુર પર્વતમાળામાં તેણે પોતાનું રાજ્ય સ્થાપ્યું. ત્યાં એના વંશજો હજી પણ રાજ્ય કરે છે. વાઘેલાઓના વસવાટને લઇ આ પ્રદેશ હાલ વાઘેલખંડ કહેવાય છે. રાજ્યનું ક્ષેત્રફળ તેર હજાર ચોરસ માઇલ છે. ગ્વાલિયરને બાદ કરતાં તે મધ્ય હિંદમાં મોટામાં મોટું ગણાય છે. રેવા નામનું શહેર તેનું પાટનગર છે. હિંદમાં પ્રાચીનતમ મનાતો ભારહુતનો સ્તૂપ એ જ રાજ્યમાં આવેલો છે.[૧] ગુજરાતમાં હાલ વાઘેલાઓનાં ચાર મુખ્ય રાજ્યો છેઃ બનાસકાંઠામાં થરાદ, મોરવાડા અને દીઓદર તથા મહીકાંઠામાં પેથાપુર.

પુરાતત્ત્વ સંશોધકોમાં વાઘેલની પહેલવહેલી મુલાકાત લેનાર ફૉર્બ્સ હતા. તેમણે ઉપર જણાવ્યા મુજબ ત્યાં જોયેલા ફક્ત એક જ મંદિરની નોંધ લીધી છે. મેજર વૉટસને ૧૮૭૪માં કોઇ રાજકીય કારણસર ત્યાં મુકામ નાખ્યો હોય એવું સૂચન તેમના એક લેખ પરથી મળે છે, પણ એ સ્થળ તેમણે તપાસ્યું હોવાનું જણાતું નથી. આ પછી ૧૮૭૫માં બર્જેસ અને કઝેન્સે દેલમાળથી મુંજપુર જતાં વાઘેલની ઊડતી મુલાકાત લીધી હતી. પોતાના અહેવાલમાં આ સ્થળ ઉપર પંદરેક લીટીઓ લખતાં તેમણે જણાવ્યું છે કે રાસમાળામાં ફૉર્બ્સે નોંધેલા મંદિરની તેમણે તપાસ કરી તો લોકોએ કહ્યું કે ૧૮૬૫ની લગભગ રાધનપુરના એક તળાવમાં તેનો પથ્થર વાપરવા માટે એ મંદિર ભાંગી નાખવામાં આવ્યું છે. વધુમાં એ પુરાવિદોએ વાઘેલના વિશાળ તળાવનો ઉલ્લેખમાત્ર જ કર્યો છે.

એ એક આશ્ચર્ય છે કે વાઘેલ જેવા નાના સ્થળમાં સરોવરરચનાશાસ્ત્રની દૃષ્ટિએ આખા ગુજરાતમાં સારામાં સારું પ્રાચીન તળાવ આવેલું છે. પાલણપુર એજન્સી ડિરેક્ટરી (૧૯૦૮)માં એની પહેલવહેલી નોંધ મળે છે.

દીવાટાણું થતાં પહેલાં જ અમે ગામમાં આવી પહોંચ્યા. ઉતારો રામમંદિરમાં રાખ્યો. રજા લેતી વખતે બેચરલાલે મને ચેતવ્યો કે સાંજે જતવાડા (રાધનપુર અને સાંતલપુર વચ્ચેનો પ્રદેશ જેનું મથક વારાહી છે)માં સાવધ થઇને ચાલજો. જત લોકો પાઈ માટે પણ પ્રાણ લઇ લે એવા હોય છે.

વાઘેલમાં પહોંચતાંવેંત મને એક અવળો જ પણ મોંઘો પડી ગયેલો અનુભવ થયો. મારા જેવા એકલા નીકળી પડનાર અને ગેરસમજદાર પુરાતત્ત્વના શોખીનો માટે તે માર્ગદર્શક નીવડવા સંભવ છે.

(ચાલુ)

અમૃતલાલ વ. પંડ્યા

૧ Imp. Gaz. of India.

આ મહિનો (નવેમ્બર) ઈતિહાસમાં

તા. ૩ જગતના નવલકથા સાહિત્યમાં પ્રથમ ડિટેક્ટિવ પાત્ર લીકોકના સર્જક ફ્રેન્ચ નવલકથાકાર એમિલ ગેબોરિયાનો જન્મ, ૧૮૩૩.

તા. ૫ બ્રિટિશ પાર્લામેન્ટને ઉથલાવી પાડવાના 'ગનપાઉડર પ્લૉટ' નામે ઓળખાતા, ગાઇ ફૉક્સના કાવતરાનો દિવસ, ૧૬૦૫ * * પેશ્વાના સૈન્યે પૂનામાં અંગ્રેજ રેસિડન્ટ એલ્ફિન્સ્ટનના બંગલાને આગ લગાડી—ઈ.૧૮૧૬. એલ્ફિન્સ્ટન યુક્તિપૂર્વક નાસીને ખડકી ચાલ્યો ગયો.

તા. ૧૦ તુર્કીના રાષ્ટ્રવિધાયક કમાલપાશાનું અવસાન, ૧૯૩૮.

તા. ૧૧ પહેલા યુરોપીય મહાયુદ્ધનો અંત લાવતી સુલેહ જર્મનોએ મિત્રરાજ્યો સાથે કરી, ૧૯૧૮.

તા. ૧૨ ચીનના ઉદ્ધારક સુન યાત સેનનો જન્મ, ૧૮૬૬.

તા. ૧૬ અંગ્રેજી સાહિત્યમાં 'પ્રાઈડ ઍન્ડ પ્રેજ્યુડીસ'ની જાણીતી નવલકથાની લખનાર જેન ઑસ્ટિનનો જન્મ, ૧૭૭૫. એની બીજી પાંચ નવલકથાઓ: સેન્સ ઍન્ડ સેન્સિબિલિટી, મૅન્સ્ફીલ્ડ પાર્ક, એમા, નૉર્થેન્જર ઍબી, પરસ્વેશન.

તા. ૨૨ જર્મન સેનાપતિ અને લેખક ફ્રેડરિક ફૉન બર્નહાર્ડીનો જન્મ. જર્મનીના યુદ્ધમાનસનો એ પુરસ્કર્તા હતો અને ૧૯૧૨માં એણે લખેલ 'જર્મની અને આવતું યુદ્ધ' ખૂબ પ્રચાર પામ્યું હતું. ૧૯૩૦ના જુલાઇની ૧૦મીએ અવસાન થયું

તા. ૨૩ જસવંતરાવ હોળકરના ભયે, સિંધિયાને તેથી અલગ પાડવા અંગ્રેજોએ દોલતરાવ સિંધિયા જોડે સંધિ કરી.સહાયકારી સેનાની ધૂંસરી તેની ગરદન પરથી કઢાવી લેવામાં આવી ને ગોહદ પ્રાંત તથા ગ્વાલિયરનો કિલ્લો તેને સુપ્રત કર્યો ૧૮૦૫.

તા. ૨૫ જાપાન-જર્મની વચ્ચે રશિયા વિરોધી ઍન્ટી કૉમિન્ટર્ન સંધિ; ૧૯૩૬.

તા. ૩૦ ફિન્લૅન્ડના અખાતમાં નૌકાબંધીની તથા પેટસામો બંદર આપી દેવાની પોતાની માગણી નકારતાં રશિયાએ ફિન્લૅન્ડ પર ચડાઈ કરી, ૧૯૩૯



આ માસની વિભૂતિ
ચિત્તરંજન દાસ

ઈ. ૧૮૭૦ના નવેમ્બરની ૫મીએ કલકત્તા મુકામે જન્મ. આઠની વયે મિશનરી સંસ્થામાં બેસી ૧૮૮૬માં પ્રેસિડેન્સી કૉલેજમાં પ્રવેશ્યા. એ જ વેળા એમણે યુનિવર્સિટીમા બંગાળી ભાષાને સ્થાન આપવા સંસ્થા ખોલી, જે થોડું જીવી, છતાં એ આદર્શ ફલિભૂત થયો. ૧૮૯૦માં ગ્રૅજ્યુએટ થયા પછી પિતાએ સિવિલ સર્વિસ માટે ઇંગ્લંડ મોકલ્યા, પણ પરીક્ષામાં નિષ્ફળ થતાં કાયદાનો અભ્યાસ કરી બૅરિસ્ટર થઇ ૧૮૯૩માં પાછા આવ્યા ને પ્રૅક્ટિસ કરવા માંડી. એ અરસામાં The Garland, The Garden, The Song of the Sea વગેરે પુસ્તકો બહાર પાડ્યાં.૧૯૦૫માં બંગભંગ વેળા અરવિંદ ઘોષના ખટલામાં એમના બચાવપક્ષે ઊભા રહ્યા. વકીલ તરીકે એ એટલા પ્રખ્યાત થયેલા કે મહિને સરેરાશ૪૦,૦૦૦ની આવક થતી.

પણ સારા લેખક કે પૈસાદાર વકીલ થવા કરતાં રાજકારણમાં પડી કૉંગ્રેસની બેઠકોમાં હાજરી આપીને દેશસેવામાં પલોટાયા અને ગયા મુકામે ભરાએલી કૉંગ્રેસના પ્રમુખ નિમાયા. ત્યાર પછી ગાંધીજીએ અસહકારનું નવું શસ્ત્ર જાહેર કર્યું. દાસે તે પર ૧૯૨૦ની કૉંગ્રેસમાં હલ્લો કર્યો, પણ પછી નાગપુરની બેઠકમાં એ માન્ય રાખ્યો.

ખિલાફત ચળવળ વખતે કૉંગ્રેસના બંગાળના સરમુખત્યાર નિમાયા અને એ સત્તાની રૂએ મેનિફેસ્ટો બહાર પાડવા માંડ્યા; પણ તેમાં પકડાઇને છ મહિનાની સજા મળી, જેને લીધે અમદાવાદની કૉંગ્રેસના પ્રમુખ તરીકે હાજરી આપી ન શક્યા.

ત્યાર પછી કૉંગ્રેસમાં એમણે સ્વરાજપાર્ટી સ્થાપી. કોકનદની બેઠકમાં ધારાસભા-પ્રવેશ માન્ય રહ્યો ત્યારે સ્વરાજિસ્ટો વધુમાં વધુ હતા, છતાં દાસે એ વાર લૉર્ડ લિટનનું પ્રધાનમંડળ રચવાનું નિમંત્રણ નકાર્યું. સ્વરાજિસ્ટોએ કલકત્તા કૉર્પોરેશન પણ હાથ કર્યું, ને દાસ તેના પહેલા મેયર બન્યા.

રાજકારણ સિવાય દેશને આબાદ બનાવવાના ઉદ્યોગો પાછળ એમણે જે ખંત દર્શાવેલી તેનો એક જ દાખલો બસ થશે. એક તરુણે વૉટરપ્રુફ ડગલાની શોધ કરી. ઘણા શ્રીમંતો પાસેથી નિરાશ થતાં તે અમેરિકાને પેટંટ વેચી દેવાનો હતો, ત્યાં દાસબાબુને મળ્યો. દાસબાબુએ બીજા દિવસ સુધી રાહ જોવાનું કહ્યું ને બીજે દિવસે તો સાત હજાર રૂપિયા એ તરુણને આપી મળ્યા. આજે યે એ કારખાનું ચાલે છે.

૧૯૨૪ની બેલગામ કૉંગ્રેસથી વળ્યા પછી એ માંદા પડ્યા. અંત નજીક જાણી એમણે પોતાની બધી મિલ્કત રાષ્ટ્રને સોંપી. ૧૯૨૫ના જૂનની ૧૬ મીએ અવસાન પામ્યા ત્યારે ગાંધીજીની આગેવાની નીચે વરસાદના અભિષેક ને મૌનની આહુતિ વડે તેમની ચિતા પ્રગટાવાઇ.



માધુકરી

નવવર્ષનું સ્વર્ણપ્રભાત

શોભે મંગલ સ્વસ્તિકો ગૃહગૃહે પાવિત્ર્યની સિદ્ધિએ,
વંદાયે મહિમા, અને નતિ પરે આશીષ વર્ષી રહે,
પ્રેરાયે નવ પ્રાણ હૃષ્ટ ભુવની આમંત્રતી સિદ્ધિએ,
આશાઓ સહુ આસમાન ઉડતા તારા ગ્રહોને ગ્રહે.
જૂનું સર્વ કૃપાગ્ની કનકની વેદી તણી જ્વાળમાં
હોમાયું, નિજ દીપ્તિદાન દઈને પોઢી ગયું કાળમાં. —પૂજાલાલ

ભગવાન મહાવીર

આજથી ૨૪૬૬ વર્ષ અગાઉની દિવાળીએ ભારતવર્ષને અહિંસાધર્મનો સંદેશ આપનાર એક મહાન વિભૂતિનો દેહોત્સર્ગ થયો હતો. આપણે હમણાં જ દિવાળીનું પર્વ વિતાવ્યું તેના અનુસંધાનમાં, એ મંગલકારી મહાપુરુષનો જીવનપરિચય ઉચિત ગણાશે.

આજથી ૨૫૩૮ વર્ષ પહેલાં ચૈત્ર શુદ તેરસના દિવસે બિહાર પ્રાન્તમાં આવેલા ક્ષત્રિયકુંડ ગામમાં ભગવાન મહાવીરનો જન્મ થયેલો. તેમના પિતાનું નામ રાજા સિદ્ધાર્થ; તેમની માતાનું નામ રાણી ત્રિશલા. એમનું સંસારિક નામ વર્ધમાન અને તેમના મોટાભાઇનું નામ નંદિવર્ધન જન્મથી જ તેમનું ચિત્ત સંસારથી વિરક્ત હતું અને આત્મતત્ત્વના ચિન્તન તરફ ઢળેલું હતું. માતપિતાને ગ્લાનિ ન થાય એમ વિચારી તેમના જીવતાં સુધી વર્ધમાન સંસારમાં રહ્યા. પણ તેમના પરલોકગમન બાદ ૩૦ વર્ષની ઉમ્મરે તેમણે સંસારનો ત્યાગ કર્યો. પોતાના સર્વસ્વનું દાન કર્યું અને ધર્મપ્રવજ્યા અંગીકાર કરી. સંન્યાસ-દીક્ષા લીધા બાદ સાડા બાર વર્ષ સુધી તેમણે ઘોર તપ કર્યું. કેટલીક વાર તો તેમણે એકએક માસના ઉપવાસ કીધા; કોઇકોઇ વખત અમુક સંયોગોમાં અને અમુક રીતે જ આહાર મળે તો લેવો એવો નિયમ કરી દિવસોના દિવસ સુધી તેમણે અનશન કર્યું; અનેક શહેરો, ગામડાંઓ અને જંગલોમાં તેમણે પરિભ્રમણ કર્યું; હિંદુસ્તાનની પૂર્વ સરહદ ઉપરના અનાર્ય ગણાતા દેશોમાં પણ તેમણે વિહાર કર્યો; જાતજાતનાં કષ્ટો અને પરિષહો વેઠ્યાં; અને આમ, દીર્ઘ તપ, ધ્યાન અને નિર્જરાના પરિણામે સાડી બેંતાલીસ વર્ષની ઉમ્મરે બિહાર પ્રાન્તને શોભાવતા શિખરજીની શિખરમાળાની બાજુએ આવેલી ઋજુવાલુકા નદીને તીરે તેમને કેવળજ્ઞાન થયું, આત્મતત્ત્વનો સાક્ષાત્કાર થયો. સાચા માનવધર્મની પ્રતીતિ થઇ.

હવે તેમણે જે અન્તરના ઉંડાણમાં જોયું અને અનુભવ્યું તેનો જગતને ઉપદેશ કરવા માંડ્યો; સ્થળેસ્થળે તેમણે ધર્મપર્યટન કર્યું; અહિંસા અને અનેકાન્તવાદ જેના મૂળમાં રહેલા છે તેવા જૈન ધર્મની તેમણે પ્રતિષ્ઠા કરી. અનેક સ્ત્રીપુરુષો, પંડિતો અને અપંડિતો એ ધર્મનો સ્વીકાર કરવા લાગ્યા. બ્રાહ્મણધર્મવિશારદ અને એ સમયના એક મોટામાં મોટા યાજ્ઞિક બ્રાહ્મણ ગૌતમ અને બીજા દશ બ્રાહ્મણો તેમના પ્રથમ શિષ્યો અને ગણધરો થયા. ચંદનબાળા તેમની પ્રથમ સાધ્વી થઇ. સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એમ ચતુર્વિધ સંઘની તેમણે સ્થાપના કરી.

પ્રચલિત માન્યતાઓની વિરુદ્ધ નવાં જ સત્યોની ઉદ્‌ઘોષણા કરનાર ભગવાન મહાવીર સામે લોકવિરોધ ન થાય એ તો સંભવે જ નહિ. તેમણે બ્રાહ્મણ વર્ગની સર્વોપરી પ્રતિષ્ઠાની અવગણના કરી હતી; વેદની અપૌરુષેયતાનો અસ્વીકાર કર્યો હતો; ધર્મપ્રાપ્તિમાં ય યજ્ઞયાગાદિની નિરર્થકતા અને તેમાં રહેલી હિંસાના કારણે પાપમયતા સામે તેમણે પોતાનો મજબૂત અવાજ ઉઠાવ્યો હતો. આ કારણે સ્થળે સ્થળે તેમને વિરોધનો સામનો કરવો પડ્યો હતો. તેમના પોતાના જ એક શિષ્ય અને સાથી ગોશાલકે તેમની સામે બંડ ઉઠાવ્યું હતું અને 'આજીવક' નામનો સંપ્રદાય સ્થાપિત કર્યો હતો. આ ગોશાલકે તેમને અનેક ઉપદ્રવો કર્યા હતા. પણ તેઓ તો નીડરપણે અને સમભાવપૂર્વક ધર્મમાર્ગનો ઉપદેશ આપતા જ રહ્યા અને અહિંસાધર્મની આંદોલ્યો ... લોકોને સમજાવતા રહ્યા.

અંતે બોંતેર વર્ષની ઉમ્મરે પાવાપુરી નગરીમાં ઉપદેશામૃત વરસાવતાં ભગવાન મહાવીરે પોતાના નશ્વર દેહનો ત્યાગ કર્યો અને નિર્વાણપદને પ્રાપ્ત કર્યું. આ મંગળકારી મહાપુરુષે ભારતવર્ષમાં શ્રમણ સંસ્કૃતિનો પ્રવાહ વહેતો કર્યો, જે આજ સુધી અખંડિત વહેતો રહ્યો છે અને અનેક જીવોને પાવન કરી રહ્યો છે.

('પ્રબુદ્ધ જૈનમાંથી') —પરમાનંદ કુંવરજી કાપડિયા

લીએ. તેમાં હલકા પ્રકારનાં પુસ્તકો કે ક્ષુલ્લક છાપાં અને ચોપાનિયાં વાંચવામાં સમય નષ્ટ કરવાને બદલે ઊંચા દરજ્જાનું—આપણા આચારવિચારને ભવિષ્યમાં સારે માર્ગે દોરે તેવું—વાચન થવું અતિ અગત્યનું છે તેની કોણ ના કહી શકશે ?

હિંદુસ્તાનને લગતી નવલકથા લખનારા અંગ્રેજ લેખકોમાંથી ચાર નામ માત્ર એકએક ચોપડી માટે ખાસ નાણીતાં છે:

વીજળીનાં સાધનો વાપરતાં

(૧) હાથ ભીના રાખશો નહિ.

(૨) ભિનાશવાળી જગ્યામાં ઊભા રહેશો નહિ.

(૩) વીજળીની લાઇનના ખુલ્લા તારના સંપર્કમાં અવાય નહિ તેની કાળજી રાખજો.

(૪) વીજળીનાં સાધનોને બરાબર જમીન સાથે જોડેલાં (અર્થ કરેલાં) છે કે કેમ તેની પાકી ખાતરી કરજો.

(૫) સાધનને અડકતાં પહેલાં સ્વિચ બંધ કરવી ન ભૂલશો.

(૬) સાધનો ઉપર કાબૂ રાખતી સ્વિચ પોઝિટિવ તાર પર છે કે કેમ તેની કૉન્ટ્રાક્ટર પાસે ખાતરી કરાવી લેજો.

(૭) વીજળીના તાર ઉપર કદી પણ પગ મૂકશો નહિ.

(૮) ગળતર (લીકેજ) માટે જરા પણ બેદરકારી ન રાખતાં તરત જ સારા કારીગર પાસે તપાસાવી, સુધારાવી લેજો.

(૯) વીજળીથી આગ લાગે ત્યારે પાવર બંધ કર્યાં સિવાય કદી પાણી રેડી બુઝાવવા પ્રયત્ન કરશો નહિ. પણ સૂકી રેતી, ધૂળ, માટી, રાખોડી વગેરેનો ઉપયોગ કરજો.

(૧૦) ચાલુ લાઇને કદી પણ બગડેલા સાધનની તપાસ કરશો નહિ. તપાસ કરતાં પહેલાં મેઇન સ્વિચ બંધ કરજો.

(૧૧) લૅમ્પ વગેરે બદલતાં સૂકાં લાકડાં, અથવા રબરની સાદડી ઉપર ઊભા રહી કામ કરજો.

(૧૨) વીજળીના ખુલ્લા તારની સાથે કદી પણ ચાળા કરશો નહિ, તેમજ તે બંધ સમજી કદી પણ હાથનો સ્પર્શ કરવા પ્રયત્ન કરશો નહિ,

(૧૩) વીજળીના તાર તથા સાધનોને ભિનાશ લાગે તેવી જગ્યાએ કદી રાખશો નહિ. તેમજ ધૂળ ભરાય કે ભેજ લાગે એવી જગાએથી પણ તેને દૂર રાખજો.

(૧૪) ચોમાસામાં ભિનાશને અંગે થતા લીકેજનાં કારણોને ચોમાસું શરૂ થતાં પહેલાં લાઇનના નિષ્ણાતની સલાહ લઈ દૂર કરજો અને તમારું ઇન્સ્ટૉલેશન બરાબર છે કે કેમ તે ટેસ્ટ કરાવી ખાતરી કરજો તેમજ જરા પણ લીકેજ માલૂમ પડે તો મેઇન સ્વિચ બંધ કરી તેને તાબડતોબ સમરાવવાનો બંદોબસ્ત કરજો.

(૧૫) ચાલુ પ્રવાહમાં જે સાધનોને અડકવાનું છે તેવાં સાધનોના હાથ અડકાડવાના ભાગો સાર ઇન્સ્યુલેશન વાળા (વીજળીનું ગળતર થઇ પાવર ન લાગે તેવા) રાખજો. દાખલા તરીકે રેડિયાની સ્વિચ, બત્તીની સ્વિચ વગેરે.

(૧૬) ચાલુ લાઇનમાં કદી વીજળીના સાધનને જોડવા અગર છૂટું પાડવા પ્રયત્ન કરશો નહિ.

(૧૭) જો કોઇ પણ માણસને વીજળીનો પાવર લાગેલો માલૂમ પડે તો તેને કદી અડકતા નહિ. પરંતુ જેમ બને તેમ સૂકું લાકડું, સૂકાં કપડાં, રબર, લાકડી વગેરે જે મળે તેની મદદથી તેને છૂટો પાડવા પ્રયત્ન કરજો. બની શકે તો મેઇન સ્વિચ અથવા સાધનના ઉપર કાબૂ રાખતી સ્વિચ તરત બંધ કરવી. પ્લગમાંથી લાઇન ચાલતી હોય તો પ્લગની પિન કાઢી લેવી. હોલ્ડરમાંથી ચાલતી હોય તો ઍડેપ્ટર કાઢી લેવું. સમય અનુસાર વર્તવું.

ટૂંકમાં, વીજળી વાપરતાં જરા પણ આળસ કે બેદરકારી કરશો નહિ. તેમજ માની લીધેલી તથા ધારી લીધેલી વસ્તુ ઉપર કદી પણ ભરોસો રાખશો નહિ.

('વીજળીની દુનિયા'માંથી) હરિલાલ મં. ત્રિવેદી

હિંદુસ્તાન વિષેની અંગ્રેજી નવલકથાઓ

તમારામાંથી ઘણાખરા અંગ્રેજી ભાષા ઉપર પૂરતો કાબૂ મેળવવા તેમજ માનસિક આનંદ અને આરામ સારૂ અંગ્રેજી ભાષામાં છપાતાં સામાન્ય પુસ્તકો તથા છાપાં જરૂર દરરોજ અમુક સમય સુધી વાંચતા હશો. વળી મનોરંજન સારૂ ગુજરાતી કે અંગ્રેજી ભાષામાં છપાએલી નવલકથાઓ તો આપણે બધા વધતાઓછા પ્રમાણમાં વાંચીએ

	લેખકનું નામ	પુસ્તકનું નામ	વર્ષ
(૧)	મેરીઅન ક્રૉફર્ડ—	મિસ્તર આઇઝૅકસ	(૧૮૮૨)
(૨)	એ. ઈ. ડબલ્યુ. મેસન—	ધ બ્રોકન રોડ	(૧૯૦૭)
(૩)	ઈ. એમ. ફૉર્સ્ટર—	એ પૅસેજ ટુ ઇન્ડિયા	(૧૯૨૪)
(૪)	લુઇ બ્રોમફીલ્ડ—	ધ રેઈન્સ કેઇમ	(૧૯૩૭)

આ ચારમાંથી પહેલો અને છેલ્લો બન્ને લેખકો અમેરિકન છે. 'ધ રેઈન્સ કેઇમ' (The Rains Came) ત્રણેક

વર્ષ અગાઉ બહાર પડી હતી અને તેમાં વર્ણવેલી હકીકત ઘણીખરી પંદર વર્ષ અગાઉના વંડાદરા રાજ્યના બનાવોને મળતી આવે છે. જોકે આ ચાર લેખકોએ ઉપર જણાવેલા એક એક ગ્રંથ સિવાય બીજા ઘણા લખ્યા છે, તોપણ તેમાંથી હિંદુસ્તાનને લગતી નવલકથા તરીકે તો આ નામો જ પ્રસિદ્ધ છે. પણ હિંદ વિષે લખાએલી આજ સુધીની અનેક નવલકથાઓમાં પ્રસિદ્ધ અંગ્રેજ લેખકો તો નીચેના ચાર જ સામાન્યરીતે ગણાય છે. કર્નલ મેડોઝ ટેઇલર (૧૮૦૮-૧૮૭૬), રડયાર્ડ કિપ્લિંગ (૧૮૬૫-૧૯૩૬), મિસિઝ ફ્લૉરા ઍની સ્ટીલ (૧૮૪૭-૧૯૨૯), પ્રોફેસર એડવર્ડ જે. થોમ્પસન (૧૮૮૬—).

હિંદુસ્તાનને લગતી ઐતિહાસિક તેમજ સામાજિક અંગ્રેજી નવલકથાઓના હિંદી લેખકોમાં નીચેનાં નામ તરી આવે છે. તેમાંથી કેટલાકોએ પોતે જ પોતાના પુસ્તકનું અંગ્રેજી ભાષાંતર કર્યું છે કે મૂળ અંગ્રેજીમાં જ લખ્યું છે: કેટલાકનાં પુસ્તકોનાં અંગ્રેજી ભાષાંતર બીજાઓએ કર્યાં છે:)

બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય (૧૮૩૮-૧૮૯૪), રોમેશચંદ્ર દત્ત (૧૮૪૮-૧૯૦૯), રવીન્દ્રનાથ ટાગોર (૧૮૬૧—), શરત્‌કુમાર ઘોષ, શ્રીમતી સત્યાનાથન (૧૮૬૨-૧૮૯૩), સુવર્ણકુમારી દેવી (મિસીઝ ઘોષાલ રવીન્દ્રનાથ ટાગોરનાં બહેન (૧૮૫૭—), મુલ્કરાજ આનંદ

આ છેલ્લા પંજાબી લેખક ઇંગ્લાંડમાં રહીને ત્યાં પોતાની અંગ્રેજી વાર્તાઓ અને નવલકથાઓ છપાવે છે. બે વર્ષ ઉપર તેમણે લખેલી 'ધ વિલેજ' નામની નવલકથામાં પંજાબના એક શીખ ગામડાની વાત છે. કર્નલ મેડોઝ ટેઇલરે પોતાનું જે જીવનચરિત્ર The Story of My Life નામથી લખ્યું છે તે તો તેની કે બીજા કોઈની નવલકથાઓ કરતાં પણ વધારે રસિક છે. તેની દીકરીએ તે ૧૮૭૭માં છપાવ્યું હતું અને આજે તો મુંબઈની રૉયલ એશિયાટિક સોસાઇટીના જેવી કોઈ જૂની લાયબ્રેરીમાંથી મળી શકે.

કર્નલ મેડોઝ ટેઇલર

આજથી સો વર્ષ પર હિંદુસ્તાન વિષે અંગ્રેજી ભાષામાં અત્યંત રસમય નવલકથાઓ લખનાર આ અંગ્રેજ લેખકનું નામ આગલી પેઢીમાં તો ઘણું જાણીતું હતું. આજે દૃષ્ટિબિંદુ પલટાયાને કારણે તેમાંની કેટલીક હકીકતો બાદ કરીએ તો પણ કોઈ વાંચવા લે તો એ રસ એટલો જ આકર્ષક છે.

મેડોઝ ટેઇલર લિવરપૂલમાં વેપારી હતો. પંદરમે વર્ષે એટલે ઇ. સ. ૧૮૨૩માં મેડોઝ ટેઇલરને મુંબાઈમાં મિ. બૅક્સટર નામના વેપારીની પેઢીમાં દાખલ થવા સારૂ મોકલ્યા—એવી શરતે કે ઉમ્મરલાયક થતાં એ મજકૂર પેઢીમાં ભાગીઓ થાય. પણ મુંબાઈ આવ્યા પછી મેડોઝને ખબર પડી કે આ વેપારીની સ્થિતિ બહુ ખરાબ હતી અને માત્ર દૂરથી તેને ખોટો ખ્યાલ આપવામાં આવ્યો હતો. તેથી તેનો એક સગો મુંબાઇમાં ઇસ્ટ ઇન્ડિયા કંપનીમાં સારા હોદ્દા ઉપર હતો, તેની મારફતે નવેમ્બર ૧૮૨૪માં મેડોઝ સોળમે વર્ષે નિઝામ રાજ્યમાં લશ્કરી સિપાઇ અમલદાર તરીકે દાખલ થયો.

થોડા વખત પછી તે જ રાજ્યના સિવિલ કે મુલ્કી ખાતામાં તેણે પોતાની બદલી કરાવી. અને હિંદી તેમજ અંગ્રેજી કાયદા, ઇજનેરી અને વિજ્ઞાનના વિષયો, સરવેઇંગ (ભૂમાપન) વગેરે વિષયો તેણે પોતાની મેળે શીખી લેવા માંડ્યા; તો પણ થોડા વખત પછી તેને લશ્કરી ખાતામાં પાછા ફરવું પડ્યું. કર્નલ (સર વિલિયમ) સ્લીમૅન કરતાં પણ પહેલાં તે ઠગ લોકોની રંજાડ અટકાવવાનાં પગલાં ભરી શકત; પણ પોતાની નોકરીની ફરજોના રોકાણને લીધે તે તેમ કરી શક્યો નહિ. તોપણ ઠગવિદ્યા અને ઠગોને લગતી પહેલી નવલકથા તેણે જ લખી છે. Confessions of a Thug એ નામની એની વિખ્યાત નવલ તે વિલાયત લાંબી રજા ઉપર ગયો ત્યારે ૧૮૩૯માં ત્રણ વોલ્યુમમાં તેણે પ્રકટ કરી. ઑક્સફર્ડ પ્રેસની 'ધી વર્લ્ડ્ઝ ક્લાસિક્સ' નામની ગ્રંથમાળામાં હાલ આ ચોપડીની સસ્તી આવૃત્તિ મળે છે,

૧૮૪૦માં લગ્ન કરીને તે હિંદુસ્તાન પાછો ફર્યો અને ૧૮૪૧માં તેને ખાસ જવાબદારીની એક જગ્યા ઉપર નીમવામાં આવ્યો—શોરાપુર નામનું એક બંડિયું સંસ્થાન સુધારીને સારી સ્થિતિએ લાવવા સારૂ તેના બાળરાજાને ૧૮૫૩માં ઉમ્મરલાયક થતાં ગાદીએ બેસાડ્યો ત્યાં સુધી મેડોઝ ટેઇલર આ કામગીરી ઉપર હતો. પણ તે રાજા દુરાચારી નીવડતાં આગળ ઉપર આ દેશી રાજ્યને ખાલસા કરવામાં આવ્યું હતું. ઇ. સ. ૧૮૫૩ પછી નિઝામે બ્રિટિશ સરકારને તાબે જ આપેલા વરાડના પાંચ જિલ્લામાંથી એકના ઉપરી તરીકે તેને નીમવામાં આવ્યો. ૧૮૫૭ના બળવા વખતે તેને અત્યંત લશ્કરી અગત્યવાળા બુલઢાણા જીલ્લા ઉપર નીમવામાં આવ્યો હતો. ઈ. સ. ૧૮૬૦માં તેની તંદુરસ્તી બગડી જતાં તે નોકરી ઉપરથી નિવૃત્ત થઇને વિલાયત ગયો અને ત્યાં ઇ. સ. ૧૮૭૬માં મૃત્યુ પામ્યો.

ઉપર જણાવેલી 'એક ઠગનું આત્મકથન' અને 'ટિપુ સુલતાન' એ બે નવલકથાઓ ઈ. સ. ૧૮૩૯ અને ઈ. સ. ૧૮૪૦માં મેડોઝ ટેઈલરે પ્રસિદ્ધ કરી હતી. તે સિવાયની બીજી ચાર વાર્તાઓ તે નિવૃત્ત થઇને પાછો ઇંગ્લંડ ગયા પછી તેણે રચી. તેમાંની ત્રણ ચોપડીઓ જાણે એકબીજાના અનુસંધાનમાં હોય તે પ્રકારની હોઈને હિંદુસ્તાનના ઇતિહાસનો આબેહૂબ ચિતાર આપે છે: (૧) તારા (૨) રાલ્ફ ડાર્નેલ (૩) સીતા

આ ત્રણે પુસ્તકો હિંદુસ્તાનના ઇતિહાસમાં સો સો વર્ષને અંતરે આવતા ત્રણ અગત્યના બનાવ ઉપર રચાએલાં છે. ‘તારા’ એ પુસ્તકમાં શિવાજીએ મોગલ સલ્તનતથી સ્વતંત્ર થઈને કરેલી મરાઠા રાજ્યની સ્થાપના, અને તેમાં પણ ઇ. સ. ૧૬૫૭માં તેણે બીજાપુરના લશ્કર ઉપર મેળવેલી જીતના પ્રસંગ વિષે છે. ‘રાલ્ફ ડાર્નેલ’ ઈ. સ. ૧૭૫૭ની પ્લાસીની લડાઈમાં ક્લાઇવની થએલી જીત અને એ રીતે થએલી બ્રિટિશ અમલની શરૂઆત વિષે તેમજ કલકત્તાના કારાગૃહને લગતી છે. ‘સીતા’ એ મેડોઝ ટેલરે એકસો વર્ષમાં ઇસ્ટ ઇન્ડિયા કંપનીના અમલનો અંત આવશે એવી પ્રસિદ્ધ ભવિષ્યવાણી ઉપર રચેલી છે અને તેમાં ૧૮૫૭ના બળવા વિષે અનેક હકીકત રસિકરીતે વર્ણવેલી છે.

મેડોઝ ટેલરની છઠ્ઠી નવલકથા A Noble Queen જે ૧૮૭૮માં તેના મરણ પછી પ્રસિદ્ધ થઈ હતી તે રાણી ચાંદબીબી વિષે છે. ઈ. સ. ૧૫૯૦ની આસપાસ દક્ષિણમાં અહમદનગર, બીજાપુર, ગોલકોંડા અને ખાનદેશ એ પ્રમાણે ચાર મુખ્ય રાજ્ય હતાં. તેમાંથી ખાનદેશના સુલતાને તો અકબરની સાર્વભૌમ સત્તા સ્વીકારી લીધી. પરંતુ તેમ કરવા બીજાં ત્રણ તૈયાર નહોતાં. તેવામાં અહમદનગરની ગાદી સારૂ ઝગડા ઊભા થયા, અને એક પક્ષે અકબરની મદદ માગી. અકબર તો એવી તકની રાહ જોતો જ બેઠો હતો. તેણે એકદમ પોતાનું લશ્કર ગુજરાતના સુબાની સરદારી નીચે ઈ. સ. ૧૫૯૫માં રવાના કર્યું. તેણે અહમદનગરને ઘેરો ઘાલ્યો. બિજાપુરના સુલતાનની વિધવા ચાંદબીબીએ પોતાના ભત્રીજા નિઝામશાહ વતી અહમદનગરનો બચાવ કરવા તૈયારી કરી. આ વીરાંગનાએ તે સમયે પોતાની સમયસૂચકતા, શૌર્ય અને ધીરજથી દુશ્મનોને ચકિત કરી નાખ્યા. અહમદનગરનો ઘેરો ચાલુ હતો તે સમયે આ શૂરી સ્ત્રી પોતાના સૈનિકોમાં ઉત્સાહ પ્રેરવા જાતે જ ઘૂમતી અને દારૂગોળો ખૂટ્યા પછી પોતાના સોનારૂપાના દાગીનાઓને ગોળી તરીકે વાપરીને તેણે પોતાનું સ્વદેશાભિમાન તથા શૌર્ય બતાવી આપ્યાં ઈ. ૧૬૦૦માં અહમદનગરમાં અંદર અંદર કુસંપ તથા ખટપટ જાગ્યાં. પરિણામે શૂરી રાણી ચાંદબીબીનું ખૂન થયું. આ અંધાધૂંધીનો લાભ લઈ મોગલોએ અહમદનગર જીતી લીધું.

આ ઉપરાંત ૧૮૫૭ના બળવાને લગતી મુખ્ય નવલકથાઓ અને ઍંગ્લોઇંડિયા એટલે હિંદુસ્તાનમાં વસતી અંગ્રેજ કોમ અને તેના સામાજિક બંધારણ વિષે નવલકથાઓ લખતી અનેક સ્ત્રી લેખકો—મિસિઝ મૉડ ડાઇવર મિસીઝ એફ. ઇ. પેની, એલિસ પેરીન, એસ. સી. ગ્રીએર, મિસિઝ એવેરાર્ડ કોટ્સ તેમજ બીજી બે ત્રણ છે. ‘પાંડુરંગ હરિ’ નામની એક નવલકથા ૧૮૨૬માં ડબલ્યુ બી. હૉકલીએ લખી હતી. એ સિવાય રાજદરબારમાં રોકાએલા કેટલાક અંગ્રેજ અમલદારો જેમણે એકબે નવલકથાઓ લખેલી હોય તેવાઓમાં સર વિલિયમ હંટર, સર હેન્રી સ્ટુઅર્ટ કનિંગહામ, સર જી. ટી. ચેઝની, સર જી. એફ. મેકમન, એ. એસ. થોરબર્ન વગેરે છે

એ ઉપરાંત પ્રાસાદિક સંસ્કૃત સાહિત્યની કાવ્યમયતાનો ખ્યાલ આપતી બારેંતેર ટૂંકી નવલિકાઓના લેખક પ્રોફેસર એફ. ડબલ્યુ. બેઇન તો નામચીન છે. તેઓ પુનાની ડેક્કન કૉલેજમાં ઘણાં વર્ષ સુધી પ્રોફેસર હતા. એમની વાર્તાઓમાંની ઘણીના ગુજરાતી ભાષાંતર પણ થએલાં છે.

—નવલપ્રસાદ કે. મહેતા

દુનિયાનું સૌથી મહાન દૂરબીન

અમેરિકામાં માઉન્ટ વિલ્સન ઉપર આવેલી વેધશાળાનું ૧૦૦ ઇંચ વ્યાસનું દૂરબીન અત્યારે દુનિયામાં આકાશનિરીક્ષણ માટે મોટામાં મોટું દૂરબીન ગણાય છે, પણ હાલ એથી બમણુ એટલે બસો ઇંચના વ્યાસનું દૂરબીન બની રહ્યું છે. તે તૈયાર થયેથી તેને પેલોમરની ટેકરી પર ગોઠવવામાં આવનાર છે. તેના કાચના ગોળ ટુકડાનું વજન ૧૭ ટન છે, અને તેને ઘસી ૪ ઇંચ ઊંડી રકાબીનો ઘાટ આપવામાં આવનાર છે. તેજના પરાવર્તન માટે તેને ચાંદીનો પાસ આપી તેનું દર્પણ બનાવી દૂરબીનમાં ગોઠવશે એટલે તે કરોડો ચક્ષુઓના બળથી તેજ ઝીલી શકશે.

આપણી આંખોમાં એક રસમય પદાર્થ છે જે તેજ ઝીલનાર કાચ (લેન્સ)નું કામ કરે છે. આમ, આપણે નરી આંખે અસંખ્ય તારાઓ જોઈ શકીએ છીએ, પણ આ મહાન દૂરબીનથી અનેક કરોડગણા તારાઓ જોઈ શકાશે. વિશેષમાં જે અનેક તારાઓનાં ઝુમખાંના સમૂહો છે એની સંખ્યા ચોક્કસ કરવાનું અને તેના ફોટોગ્રાફ લેવાનું કામ પણ તે કરી શકશે, તેમજ અવકાશ (space)ને અંત છે કે નહિ તેનો પણ નિર્ણય કદાચ હવે થશે.

જે અસંખ્ય તારાઓના સમૂહને આપણે આકાશગંગાના નામથી ઓળખીએ છીએ તેનો, આપણું સૂર્યમંડળ એક વિભાગ છે. મહાન ઍન્ડ્રોમીડા નક્ષત્રનો શુક્લપટલ (નેબ્યુલા) આકાશગંગાના પ્રદેશમાં આપણે નરી આંખે માંડમાંડ જોઇ શકીએ છીએ. તે અનેક તારાઓના સમૂહનું બનેલું અને આકાશગંગાથી એક જાુદું જ વિશ્વ છે. માઉન્ટ વિલ્સનની વેધશાળાની દૂરબીને આવાં અનેક વિશ્વોનું અસ્તિત્વ બતાવ્યું છે. પહેલાં તો આ વિશ્વોને આપણા વિશ્વ આકાશગંગાના ભાગ રૂપે જ ગણવામાં આવતા હતા, પણ માઉન્ટ વિલ્સનના દૂરબીને બતાવ્યું કે તે ભૂલ છે અને એવાં તો બીજાં હજી અનેક વિશ્વો છે.

એ તો સામાન્ય અનુભવની વાત છે કે આગગાડી બહુ ઝડપથી આગળ વધતી હોય છે ત્યારે તેની સિસોટીનો અવાજ મોટો સંભળાય છે, અને ગાડી પાછી હઠતી હોય

છે ત્યારે તે હળવો લાગે છે. બંને પ્રસંગોએ અવાજ તો એક જ પ્રકારનો હોય છે, પણ ગાડી ઝડપથી નજીક આવતી હોય છે ત્યારે સ્વરતરંગો દબાય છે અને પાછી ફરે છે ત્યારે બહાર ખેંચાઇ આવે છે. એ જ પ્રમાણે અવકાશની વસ્તુના તેજતરંગો તે વસ્તુ નજીક આવતાં નીલવર્ણના દેખાય છે અને દૂર જતી હોય છે ત્યારે રાતા દેખાય છે. માઉન્ટ વિલ્સનના દૂરબીનમાં અનેક વિશ્વો આપણાથી અને એકમેકથી અકલ્પ્ય ઝડપે દૂર નાસતાં હોય એમ જણાયું છે, કેમકે તેનું તેજ લાલ લિસોટાની જેમ જણાય છે. આ ઉપરથી અનેક વિશ્વોના બનેલા એક અખંડ વિશ્વનો વિકાસ થતો હોય એમ લાગે છે. આ નવા રાક્ષસી દૂરબીનથી આ પ્રશ્નનો પણ નીવેડો આવશે એમ લાગે છે.

—ચંદ્રમણિશંકર જેઠાલાલ પંડિત

હાલતાચાલતા એન્સાઈક્લોપીડિયા

આપણા પ્રસિદ્ધ તત્ત્વજ્ઞાની સર બ્રજેન્દ્રનાથ શીલ 'હાલતાચાલતા એન્સાઇક્લોપીડિયા' કહેવાતા એ ઘણા જાણતા હશે. એવા દાખલા યુરોપમાંથી પણ મળી આવે છે. દાખલા તરીકે ફ્લૉરેન્સનો મૅગ્લિયાબેકી પોતે જિંદગીમાં વાંચેલી કે સાંભળેલી એકેએક વિગત પોતાની સ્મૃતિની મદદે ચાહે ત્યારે યથાતથ્ય કહી સંભળાવતો. ઈ ૧૭૧૪માં ૮૩ વર્ષની વયે તે મરણ પામ્યો, એને જીવતે નામ અપાએલું, 'The Universal Index and Living Cyclopaedia' એ અરસામાં જ થઈ ગયેલો ગિટલબુર્ગનો પી. જે. બેરાનિસ્યસ પણ એવો જ સ્મૃતિવંતો ને હૉરેસ, વર્જિલ સિસેરો, જુવેનાલ, બંને પ્લિની, હોમર અને ઍરિસ્ટોફેનીસની સઘળી કૃતિઓ તેને જીહ્વાગ્રે રહેતી. જ્યારે ઍન્ડ્રુ ફુલર નામનો શખ્સ બે વખત સાંભળ્યા પછી ચાહે તેવા લખાણની પાંચસો લીટીઓ એકે ભૂલ વગર કડકડાટ બોલી જતો, એટલું જ નહિ પણ પોતાના રસ્તામાં આવતી એકેએક દુકાનનાં પાટિયાં સવળા કે અવળા ક્રમમાં, એ દરેક દુકાનમાં પ્રદર્શિત કરેલા માલની વિગત સાથે કહી સંભળાવતો!

કપડાં પર પાકા ફોટોગ્રાફ છાપવાની રીત

'કુમાર'ના ૨૦૨ અંકમાં ગમે તે વસ્તુ પર ફોટોગ્રાફ છાપવાની રીત વાંચી, તે પ્રમાણે પ્રયોગો કરી જોતાં માલૂમ પડ્યું કે તે ફોટોગ્રાફ કપડાં પર Fast (પાકા) રહેતા નથી; ધોવાથી ઝાંખા પડતા જાય છે અને અંતે જોવાલાયક રહેતા નથી. તેથી તે માટેની એક બીજી રીત આ નીચે દર્શાવું છું:

ઈન્ડીગોસોલ કલર (Indigosol dye) નામના રંગો બજારમાં વેચાતા મળે છે. કપડાના વજનથી ૧૦ ગણું પાણી લઇ તેને ૧૬૦ ડિગ્રી ફારનહાઈટ સુધી ગરમ કરવું અને તેમાં દર સો તોલા પાણીએ ૦। તોલો રંગ એ હિસાબે રંગ ઓગાળવો. પછી તે જ પાણીમાં કપડું, રંગતા હોઇએ તેમ, પચાસ મિનિટ સુધી ફેરવવું. પછી નીચોવીને કાઢી લેવું, અને અર્ધી કરીને અથવા તો અંધારામાં સૂકવવું. ઉપરનું બધું કામ ઝાંખા પ્રકાશમાં જ કરવાનું છે.

પછી તે કપડા ઉપર નેગેટિવ મૂકીને તડકામાં રાખવાથી ત્રણેક મિનિટમાં ફોટો ઊઠી આવશે. (જુદી જુદી જાતના રંગમાં ઓછો વધતો વખત લાગે છે તે અનુભવથી માલૂમ પડશે.) ફોટો ઊઠ્યા પછી તરત જ ઊકળતા સાબુવાળા પાણીમાં કપડું નાખી પાંચેક મિનિટ ફેરવવું. પછી ધોઇને વહેતા પાણીમાં પંદરેક મિનિટ કપડું રહેવા દેવું જેથી પ્રકાશની અસર ન પામેલો બધો રંગ નીકળી જાય. આ ફોટા દરેક રીતે પાકા (ફાસ્ટ) હોય છે અને રૂમાલ ઉપર પણ સહેલાઈથી લઈ શકાય છે સુતરાઉ અને રેશમી બંને કાપડ માટે આ એક જ રીત છે.

વળી આ રીતથી ગમે તે રંગના ફોટો મળી શકે છે. તેને માટે નીચે લખેલા વિવિધ રંગ બજારમાં મળે છે:

Indigosol	Blue I B C.	ઇન્ડીગોસોલ	બ્લુ I B C.
,,	o (Blue)	,,	o બ્લુ
,,	o 4B (,,)	,,	o 4 B બ્લુ
,,	Green IB	,,	ગ્રીન IB
,,	Violet ARR	,,	વાયોલેટ ARR
,,	Grey IB	,,	ગ્રે IB
,,	Scarlet HB	,,	સ્કારલેટ HB

—ઉત્તમ ની. સોલંકી

રાત્રિ–દિવસની લંબાઇ જાણવાનો કીમિયો

રાત્રિ-દિવસની લંબાઇ જાણવા માટે ભૂગોળવેત્તાઓએ ખાસ પ્રકારનાં સાધનની શોધ કરી તો હશે જ, પણ એવાં સાધનો સૌને ભાગ્યે જ સુલભ હોઈ શકે. આમ હોવાથી એ બાબતમાં એક કિમિયો અજમાવવા જેવો છે એમ નિષ્ણાતોનું કહેવું છે. રાત્રિની લંબાઈ માટે જે કલાકે સૂર્યોદય થાય તે કલાકને બમણા કરવા, અને દિવસની લંબાઈનું માપ કાઢવા માટે સૂર્યાસ્તના ટાઇમને બેવડાવવો. આમ કરવાથી રાત્રિ તથા દિવસની લંબાઇનો સાચો અંદાજ આવી રહેશે.

—ત્રિભુવન ની. હંગાણી

'સાઇને સાહેબ મરી ગયા'

ભાવનગરના સુપ્રસિદ્ધ દિવાન ગગા ઓઝાના વખતમાં અંગ્રેજી જ્ઞાન આજના જેટલું પ્રચલિત નહોતું. થાણાના એક વણિક અધિકારી કાચુંપાકું અંગ્રેજી જાણતા તે પરદેશનાં લખાણો કે તાર ઉકેલતા. એકવાર મુંબાઈથી તાર આવ્યો— Case Postponed Sine Di. અંગ્રેજીના જાણકારે તરજૂમો કર્યો કે 'કેસ મુલતવી રહ્યો છે અને સાઇને સાહેબ ગુજરી ગયા છે!' પણ આ સાઇને સાહેબ કોણ અને કેસ સાથે તેને શો સંબંધ છે એ નહિ સમજવાથી તાર રાજકોટ પુછાણ માટે મોકલ્યો ત્યારે બધાએ જાણ્યું કે સાઇન ડાઈ એ લૅટીન શબ્દ છે અને તેનો અર્થ 'મુદત અનિશ્ચિત'. હવે તારનો અર્થ બેસતો થયો. પેલા અધિકારી કેળવણી ખાતું પણ સંભાળતા!

ભારતીય સંવતો . . . [૧૨] હર્ષ સંવત

સ્થાણ્વીશ્વરના રાજા હર્ષના રાજ્યારોહણથી આ સંવતનો આરંભ માનવામાં આવે છે, પરંતુ કોઇ લેખમાં આ સંવત સાથે હર્ષનું નામ જોડાએલું નથી ગજયું. સ્વયં રાજા હર્ષના દાનપત્રોમાં પણ કેવળ 'સંવત' જ લખેલ મળી આવેલ છે અલબેરૂની લખે કે છે 'શ્રીહર્ષ વિક્રમાદિત્ય પછી ૬૬૪ વર્ષે થયો એમ કાશ્મીરના એક પંચાંગમાં મેં વાંચ્યું છે.' વળી કેમ્બ્રિજના પ્રોફેસર એડમ્સ અને વિયેનાના ડૉક્ટર શ્રામની ગણતરી પણ એમ જ કહે છે. એટલે વિક્રમ સંવત તથા હર્ષ સંવતનું અંતર ૬૬૩ તથા ઈ. સ. થી તેનું અંતર ૬૦૬ વર્ષે આવે આ સંવત મોટે ભાગે સંયુકત પ્રદેશ તથા નેપાળમાં લગભગ ૩૦૦ વર્ષ ચાલ્યા પછી તેનો અંત થઈ ગયો.

એમ? કેમ

રૂમાલનો આકાર ચોરસ જ કેમ રહે છે?

રૂમાલોનો આકાર પહેલેથી ચોરસ ન હોતાં જુદા જુદા અનેક પ્રકારનો હતો. પરંતુ ચોરસ આકાર બીજા બધા આકારોથી વધુ સગવડભર્યો લાગતાં ફ્રાન્સની રાણી મારી આંત્વાનેતે પોતાના ધણી લૂઇ ૧૬માને સમજાવી ફ્રાન્સમાં હુકમ બહાર પડાવ્યો કે તેના આખા રાજ્યમાં બધાએ સરખી જ લંબાઇ પહોળાઇના રૂમાલ વાપરવા આ હુકમ ઈ. ૧૭૮૫ના જૂનની ૨૭ તારીખે બહાર પાડવામાં આવેલો. ત્યારબાદ બધા દેશોએ એ આકાર મરજિયાત અપનાવ્યો.

વિકસતું વિજ્ઞાન

ફૂલો ઉપર અમુક રાસાયણિક પ્રક્રિયા અજમાવતાં તે બિલકુલ બી વગરનાં ફળ ઉત્પન્ન કરે છે એ ઘણા નહિ જાણતા હોય. એ માટેનો સફળ અખતરો ટમેટા પર થએલો. એની કળી ચાપિયાથી ઉઘાડી, એમાંનો પરાગકોષ કાઢી લઈ તેમાં એક ઠેકાણે છેદ પાડી લૅનોલિન (ઊનમાંથી નીકળતો તૈલી પદાર્થ) સાથે બીજું એક રસાયણ તેના પર મૂકવામાં આવતાં જે ફળ થયાં તે બિલકુલ બી વગરનાં છતાં કુદરતી સ્વાદ ધરાવતાં થએલાં.

માત્ર માવાદાર ફળો પર જ નહિ, પણ સૂકાં ફળો પર પણ આ અખતરા સફળ થયા છે. રસાયણોનાં ઇંજેક્શન કે ફૂલો પર તેમનો છંટકાવ (spraying) પણ ધારી અસર આપે છે. રસાયણોમાં મુખ્યત્વે ફૅનીલ-ઍસેટિક ઍસિડ તથા નૅટથેલીન ઍસેટિક ઍસિડ હોય છે.

ગણિતગમ્મત

બાર પાઉન્ડથી ઓછી કિંમતવાળી કોઇ પણ રકમ ધારો, પણ તેમાં પાઉન્ડના તથા પેન્સના આંકડાઓ એકના એક ન હોવા જોઇએ એ ધ્યાન રાખવું. પછી એ રકમને ઉલટાવો. હવે એ બે રકમની બાદબાકી કરો. જે જવાબ આવે તે રકમના આંકડાઓને ઉલટાવો અને પછી એ જવાબની રકમ તથા તેની ઉલટાવેલી રકમ– એ બન્નેનો સરવાળો કરો તો જવાબ ૧૨ પા. ૧૮ શિ. ૧૧ પે. થશે. અજમાવી તો જુઓ, ખૂબ ગમ્મત પડશે!

ધારેલી રકમ	૫	૯	૯
ઉલટાવેલી રકમ	૯	૯	૫
બન્નેની બાદબાકી કરતાં આવેલો તફાવત	૩	૧૯	૮
એ તફાવતને ઉલટાવતાં થએલી રકમ	૮	૧૯	૩
છેલ્લી બે રકમનો સરવાળો	૧૨	૧૮	૧૧

—ત્રિભુવન વી. હેમાણી

આપણે પોતેઃ આપણો દેશઃ આપણી પૃથ્વી

આપણા શરીરમાં ૨૦૬ હાડકાં ને ૭૫૦ સ્નાયુઓ છે.

દરેક શબ્દ બોલતાં મનુષ્યના જુદાજુદા ૭૨ સ્નાયુઓની ખેંચતાણ થાય છે.

આપણા દેશમાં કાપડની કુલ ૩૮૯ મિલો છે અને તેમાં ૪ લાખ ૪૭ હજાર કામદારો કામ કરે છે.

આપણા દેશની વસતિના સેંકડે ૬૮.૨ ટકા હિંદુ, ૨૨.૧૬ મુસલમાન, ૩.૬ બૌદ્ધ, ૧.૨ શીખ, .૩૬ જૈન, .૦૩ પારસી, ૧ ૮ ખ્રિસ્તી અને ૨.૪ અન્ય માર્ગીઓ છે.

આપણી પૃથ્વી સંપૂર્ણ ગોળ નહિ પણ બંને ધ્રુવો આગળ ચપટી છે. એને લઇને વિષુવવૃત્તની તેની ઉદરરેખા (diameter) કરતાં ઉત્તર-દક્ષિણ ઉદરરેખાની લંબાઇ લગભગ ૨૭ માઈલ ઓછી છે.

નવાં પુસ્તકો

ચૌલાદેવી–લેખકઃ 'ધૂમકેતુ'; સોલએજન્ટ; ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધીરોડ, અમદાવાદ; ૨–૮–૦. **ખોવાએલી પગદંડી** (કેટલીક અનુભવવાર્તાઓ)–લેખિકાઃ સ્વ. ગોકાં, પ્રકાશક, લક્ષ્મીદાસ ઠાકરદાસ નથેગાંધી, ૩૧, અનંતવાડી મુંબાઇ–૨; ૧–૦–૦. **કોણ માથાં મૂલવે?** (લાંબુ કાવ્ય)–લેખક-પ્રકાશકઃ લક્ષ્મીદાસ ઠા. નથેગાંધી, ૩૧ અનંતવાડી, મુંબાઈ–૨; ૦–૩–૦. **સારી રીતભાત**–લેખકઃ ગોવિંદભાઇ હાથીભાઇ દેસાઈ, પ્રકાશકઃ પુસ્તકાલય સ. સ. મંડળ લિ. વડોદરા; ૦–૪–૦. **બાલકુંજના પાઠો**–સંપાદકઃ મણિભાઇ પટેલ, પ્રકાશકઃ ઉપર મુજબ, ૦–૪–૦. **પલ્લવ** (ટૂંકી વાર્તાઓનો સંગ્રહ)–લેખકઃ દુર્ગેશ શુક્લ, પ્રકાશકઃ ગતિ ગ્રંથમાળા તરફથી જયંતી દલાલ, પીપલ્સ બૅંક બિલ્ડિંગ, ભદ્ર, અમદાવાદ; ૦–૧૨–૦.

નવજીવન પ્રકાશન મંદિરનાં નવાં પુસ્તકો

ગીતામંથન (બીજી આવૃત્તિ)–કિશોરલાલ મશરૂવાળા ૧–૪–૦; **કેળવણી માટે ખિસ્સાકોશ**, ૦–૬–૦; **યંત્રની મર્યાદા**–નરહરિ દ્વા. પરીખ, ૦–૧૪–૦; **મહાસભાનાં ગીતો**–ચીમનલાલ પ્રા. ભટ્ટ, ૦–૧–૬.

વાંચું વાશે, રવિ પ્રકટશે, ભાઈ એ વાત નક્કી

અમીરને ઘેર મિજબાની વેળા ઇરાનનો શાહ અબ્બાસ દારૂમાં ચકચૂર તેના અંતઃપુરમાં પેસવા જતાં તેને ત્યાંના દરવાને અટકાવ્યો, એ માટે બીજે દિવસે ઉમરાવે તેને કાઢી મૂકી શાહની માફી માગી તેને ચાહે તે સજા ફરમાવવાનું કહેતાં શાહે જાતે સજા કરવાની ઇચ્છા બતાવી; અને બીકથી ફફડતો દરવાન હાજર થયો ત્યારે કહ્યું: 'તમે આને નોકરીમાંથી રજા આપી તે મને ગમ્યું. હું હવે એને મારા અંગરક્ષકોનો સરદાર નીમું છું. મારી બેઅદબી છતાં પોતાના જાનની પણ પરવા કર્યાં વિના મને પણ અટકાવનાર એ વીર નરની તો કદર થવી જોઇએ.

અનેકાર્થી શબ્દ: ઢાળવું=નીચે નાખવું કે પાથરવું; ટીપાં રૂપે પાડવું કે ઉંરવવું; પાકની કાપણી કરવી; તેનો અંદાજ કાઢવો; રસ ગાળીને બીબામાં રેડવો; કોળી વગેરે જાતનાં બૈરાંના સાલ્લા ઉપર બાંધવામાં આવતું લૂગડું.

ચૌદ, સત્તર, આઠ, અઠ્યાસી, ચુંમાલીસ, ચોર્યાસી, એ આંકડાઓનાં અંગ્રેજી નામવાળાં શહેરો અમેરિકામાં છે.

કહેવતોના અર્થ: 'ભીંતને પણ કાન હોય છે'—ખાનગી રાખવા જેવી કોઈ વાત આપણા હોઠેથી બહાર નીકળ્યા પછી અમે એટલી સલામતી સાચવીને એ કરેલી હોય છતાં એની ગુપ્તતા જાળવવી મુશ્કેલ છે. એને મળતી બીજી કહેવતો: 'પેટમાં તે પેટીમાં ને હોઠ બહાર તે કોટ બહાર', 'વાડ વાત કરે ને કાંટો કાન ધરે.' 'પેટ દેવું જોઇને, નહિ તો ન કહેવું કોઈ ને' વગેરે.

સમુદ્ર, નદીઓ, તળાવો વગેરેમાંનું સતત શોષાતું પાણી વરસાદ રૂપે પડવાની ક્રિયા બંધ થાય તો ૩૦૦૦ વર્ષમાં પૃથ્વી પરનું પાણી ખલાસ થઇ જાય.

પેન્સિલો સોળમા સૈકાથી પ્રચારમાં આવી છે.



પોશાકનું કપડું તૈયાર પોશાકમાં કેવું દેખાશે તે જોવા સારૂ, માણસનાં કદ અને રૂપના આવા પારદર્શક ગાળા ચીતરેલા તૈયાર મળે છે. પસંદ કરવાનું કાપડ એક ચોકઠા પર નાખી તે પર આ ગાળાવાળો પડદો નાખતાં કપડું સૂટના આકારમાં નજરે પડે છે. માનવઆકૃતિ સિવાયનો ભાગ પારદર્શક હોતો નથી. ઘરાકની પસંદગી માટે વિવિધ ફૅશનના કટના નમૂનાવાળા આવા પડદા તૈયાર થયા છે, એટલે એકીસાથે બે અર્થ સરે છે. વાંચનાર ધારે તો મોટરના પડદા માટે આવતા સેલ્યુલૉઇડ શીટમાંથી આવા નાના ગાળા બનાવી શકે.

આ સાલમાં મૅટ્રિકમાં પાસ થએલી વિદ્યાર્થીનીઓનાં ૭૬૭ નામોમાં ઇંદુમતિ નામ ૪૮ હતાં, વિમળા ૪૬ હતાં, લીલા ૪૦, શાંતા ૩૭, સુશીલા ૩૫, કમલા ૩૩, કુસુમ ૩૩, માલતી ૨૭, તારા ૨૨, ગંગા ૧૧, યમુના ૧૧, કૃષ્ણા ૧૦, ગોદાવરી ૯. લોકપ્રિય નદીઓનાં નામોનો પ્રચાર હવે કમી થયો છે.

હિંદના સંરક્ષણ માટે સરકારે જે નવી યોજના ઘડી છે તે માટે દર સાલ વીસ કરોડ રૂપિયાનો ખર્ચ વધુ થશે.

ઑસ્ટ્રેલિયાના શૉલહેવન નદીના પ્રદેશમાં એક જંગલીએ એક ગોરાને મારીને તેની જીભ ખાધેલી,—એટલા માટે કે પોતાને અંગ્રેજી બોલતાં આવડે!

ખોટી વાત

આપણે બોલીએ છીએ તેમ:

લાલ સમુદ્ર બીજા સમુદ્રોથી વધુ લાલ નથી.

સૂરજ ઊગતો કે આથમતો નથી, પણ સ્થિર હોય છે.

ડૂબતો માણસ ત્રણ વખત પાણીની ઉપર નથી આવતો.

ગ્રીનલૅન્ડમાં ત્યાંના ૧૪૦૦૦ વતનીઓને મફત વર્તમાનપત્ર પૂરું પાડવામાં આવે છે.

બ્રિટિશ સરકારની બધી ઑફિસોમાંથી દર સાલ કચરાપેટીમાં દસ હજાર ટન કાગળના ડૂચા જાય છે.

ન્યૂ સાઉથ વેલ્સમાં ઘેટાંનું રક્ષણ કરતા કૂતરાઓને કાંટા ન વાગે તે માટે તેમને પગે જોડા પહેરાવવામાં આવે છે!

અઢારમા સૈકામાં ફ્રાન્સમાં છત્રીનો પહેલો ઉપયોગ થયો ત્યારે ખેડૂતોએ તેનો તીવ્ર વિરોધ કર્યો હતો. આપણને પલાળવાને તો પ્રભુ વરસાદ લાવે છે, તેની ઇચ્છા વિરુદ્ધ વર્તવું એ ઠીક નથી, એવી તેમની માન્યતા હતી.

એક ઇંચ વરસાદ થયો કહીએ ત્યારે એક એકર જમીન ઉપર સો ટનથી વધુ પાણી પડ્યું સમજવું.



છીંકનો ફોટોગ્રાફ: એક મિનિટે બે માઈલની ઝડપથી ખવાતી આપણી છીંકનો, અલ્ટ્રાસ્પીડ કૅમેરા વડે લીધેલો આ ફોટોગ્રાફ સળેખમવાળા માણસની છીંકમાં રહેલાં જંતુઓથી ભરપૂર પાણીનાં સીકરો દર્શાવે છે.